

પીઓકેમાં પાકિસ્તાન વિરુદ્ધ બળવો ઉગ્ર બન્યો

PAGE NO. 16

પરદેશમાં દેશની મહેંક એટલે

# સ્વદેશ

કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH




ફૂટબોલનો રોમાંચક જંગ : સ્પેન અને અર્જેન્ટિના વચ્ચે જામશે ફાઈનલ મુકાબલો

PAGE NO. 17

FRIDAY, 17 JULY, 2026 Vol. 24, No. 29 Pages 20 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news

# અમેરિકા-ઈરાન ફરી જંગે ; હોર્મુઝ પર મોટો પ્રહાર

## ઈરાનના અનેક સૈન્ય ઠેકાણાઓ તબાહ : અહવાઝમાં બાળકોની હોસ્પિટલ નજીક મિસાઈલ પડતા દર્દીઓ શિફ્ટ કરાયા




### ઈઝરાયલના વલણ પર અમેરિકન ઉપરાષ્ટ્રપ્રમુખ ભડક્યા

અમેરિકી ઉપરાષ્ટ્રપ્રમુખે ‘દ જો રોગન એક્સપિરિયન્સ’ ટોક શોમાં આરોપ લગાવ્યો હતો કે ઈઝરાયલના કેટલાક લોકો કોઈ ચોક્કસ પરિણામ મેળવવાના બદલે ઈરાન સાથેના આ સંઘર્ષને અનિશ્ચિત સમય સુધી લંબાવવા માંગે છે. તેમણે સ્પષ્ટ કર્યું કે, ‘અમને આ વાતની સારી રીતે જાણકારી છે કે તેમના ત્યાં એવા કેટલાક લોકો છે જે અમેરિકન જનમતને પ્રભાવિત કરી રહ્યા છે જેથી કરીને આ યુદ્ધ ક્યારેય પૂરું જ ન થાય.’

**વૉશિંગ્ટન**

અમેરિકાએ ગુરુવારે ઈરાન સામેની સૈન્ય કાર્યવાહીના સતત પાંચમા દિવસે પણ ઈરાની સૈન્ય ઠેકાણાઓ પર ભીષણ હુમલા ચાલુ રાખ્યા હતા. અમેરિકન સેન્ટ્રલ કમાન્ડના જણાવ્યા અનુસાર, હોર્મુઝ જળમધ્યમાં ઈરાનના બંદરો પર લાદવામાં આવેલી નાકાબંધી તોડવાનો પ્રયાસ કરી રહેલા એક ખાલી ઓઈલ ટેન્કરને અમેરિકી એરક્રાફ્ટે હેલફાયર મિસાઈલો દાગીને નિષ્ક્રિય કરી દીધું છે, જેથી તે આગળ વધી શક્યું નથી.અમેરિકા દ્વારા કરવામાં આવેલા આ હવાઈ હુમલાના નવા રાઉન્ડ બાદ ઈરાનના અનેક વિસ્તારો ધડાકાઓથી ગુંજી ઉઠ્યા હતા. જેમાં દક્ષિણના મુખ્ય બંદર શહેર બંદર અબ્બાસ, તેમજ અહવાઝ અને ભારત માટે વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ ગણાતા ચાબહાર શહેરનો સમાવેશ થાય છે. ઈરાની સરકારી મીડિયાના અહેવાલ મુજબ, અહવાઝમાં કેન્સર પીડિત બાળકોની હોસ્પિટલ (શાહિદ બગાઈ હોસ્પિટલ)ની નજીક જ અમેરિકી મિસાઈલ પડવાને કારણે દર્દીઓ અને તેમના પરિવારોને તાત્કાલિક ત્યાંથી ખસેડવા પડ્યા હતા. આ આસપાસના રહેણાંક વિસ્તારો અને મકાનોની બારીઓના કાચ તૂટી ગયા હોવાના અહેવાલ છે.અમેરિકાનો દાવો છે કે ઈરાન આંતરરાષ્ટ્રીય જહાજાને ડરાવવા અને વૈશ્વિક વેપાર ખોરવવાનું કામ કરી રહ્યું હતું.



## કુવૈત પર ઈરાનનો ડ્રોન હુમલો

કુવૈતની સેનાએ માહિતી આપી છે કે, તેના પર ઈરાન દ્વારા ડ્રોન હુમલો કરવામાં આવ્યો છે, જેનો તેઓ જડબાતોડ જવાબ આપી રહ્યા છે. કુવૈતની સેનાએ એક નિવેદનમાં જણાવ્યું કે, ઈરાનના આ હુમલા બાદ કુવૈતની એર ડિફેન્સ સિસ્ટમ સક્રિય થઈ ગઈ છે, અને દુશ્મનના ડ્રોન હુમલાનો સામનો કરી રહી છે. બીજી તરફ, AFPના એક પત્રકારે ખાડી દેશની રાજધાની કુવૈત સિટી નજીક ભયાનક વિસ્ફોટોના અવાજો સાંભળ્યા હોવાની પુષ્ટિ કરી છે.

## બંગાળની ખાડીમાં બે બોટ ડૂબી જતાં 500થી વધુ રોહિંગ્યા નાગરિકોના મોતની આશંકા

### બચાવ કાર્ય શરૂ કરાયું : સંયુક્ત રાષ્ટ્રની સંસ્થાઓએ ચિંતા વ્યક્ત કરી

**ઢાકા**

બંગાળની ખાડીમાંથી એક અત્યંત હૃદયદ્રાવક અને મોટી દુર્ઘટનાના સમાચાર સામે આવ્યા છે. મ્યાનમારના અત્યાચારથી બચવા માટે પલાયન કરી રહેલા લઘુમતી રોહિંગ્યા સમુદાયના લોકોને લઈ જતી 2 મોટી બોટ સમુદ્રમાં ડૂબી ગઈ છે. આ ભયાનક દરિયાઈ અકસ્માતમાં 500 થી વધુ લોકોના કરુણ મોત થયા હોવાની આશંકા સેવાઈ રહી છે. સંયુક્ત રાષ્ટ્રની સંસ્થાઓએ આ મામલે સત્તાવાર નિવેદન જાહેર કરીને ચિંતા વ્યક્ત કરી છે.

પ્રાપ્ત પ્રાથમિક માહિતી અનુસાર, આ બંને બોટ જૂન મહિનાના અંતમાં મ્યાનમારના પશ્ચિમ રાજ્ય રખાઈનથી રવાના થઈ હતી. આ બોટમાં સવાર મોટાભાગના મુસાફરો રોહિંગ્યા સમુદાયના હતા. આ સિવાય કેટલાક એવા શરણાર્થીઓ પણ હતા જેમણે બાંગ્લાદેશની સરહદ પર આવેલા શરણાર્થી શિબિરો (રીફ્યુજી કેમ્પ) માંથી ગેરકાયદેસર અને જોખમી રીતે આ દરિયાઈ મુસાફરી શરૂ કરી હતી.

આ દુર્ઘટના અંગે ઈન્ટરનેશનલ ઓર્ગેનાઈઝેશન ફોર માઈગ્રેશન (IOM) અને યુનાઈટેડ નેશન્સ હાઈ કમિશનર ફોર રેફ્યુજીસ (UNHCR) દ્વારા એક સંયુક્ત નિવેદન જારી કરવામાં આવ્યું છે. અહેવાલ મુજબ પહેલી બોટમાં આશરે 250 જેટલા લોકો સવાર હતા. રવાના થયાના થોડા જ સમય બાદ આ બોટનો સંપર્ક સંપૂર્ણપણે તૂટી ગયો હતો. બીજી બોટમાં આશરે 280 લોકોને લઈ જઈ રહેલી



બીજી બોટ 8 જુલાઈના રોજ મ્યાનમારના અય્યાયારવાડી કિનારા નજીક સમુદ્રમાં ડૂબી ગઈ હોવાનું માનવામાં આવે છે. બંને બોટના મળીને કુલ 530 લોકો હાલ લાપતા છે. હાલ બોટમાંથી ગુમ થયેલા લોકોને બચાવવા ઓપરેશન ચાલી રહ્યું છે.

## યુદ્ધ વચ્ચે યુક્રેનના ઝેલેન્સ્કીએ સૌથી ભરોસાપાત્ર નેતાને સોંપી PMની ખુરશી

### મતદાન પહેલા સેરગી કોરેત્સ્કીએ સાંસદોને સંબોધિત કર્યા

**કિવ**

રશિયા અને યુક્રેન વચ્ચે ચાલી રહેલા ભીષણ યુદ્ધની વચ્ચે યુક્રેનમાં એક મોટો રાજકીય ઉલટફેર થયો છે. રાષ્ટ્રપતિ વોલોદિમીર ઝેલેન્સ્કીએ સરકારમાં મોટો ફેરબદલ કરીને પોતાના સૌથી ભરોસાપાત્ર અને ઉર્જા ક્ષેત્રના નિષ્ણાત સેરગી કોરેત્સ્કીને દેશના નવા વડાપ્રધાન બનાવ્યા છે. યુક્રેનની સંસદે ભારે મતદાન બાદ 289 મતોથી તેમની નિમણૂકને મંજૂરી આપી દીધી છે. આ બદલાવનો મુખ્ય હેતુ યુદ્ધ દરમિયાન દેશની ઉર્જા સુરક્ષા અને આર્થિક સ્થિતિને મજબૂત કરવાનો છે.


સંસદમાં મતદાન પ્રક્રિયા શરૂ થાય તે પહેલાં સેરગી કોરેત્સ્કીએ સાંસદોને સંબોધિત કર્યા હતા. તેમણે દેશ સમક્ષ રહેલા પડકારો વચ્ચે પોતાની ત્રણ મોટી પ્રાથમિકતાઓ સ્પષ્ટ કરી હતી. જેમાં યુક્રેનની સુરક્ષા વ્યવસ્થાને વધુ મજબૂત કરવી, દેશની આર્થિક સ્થિરતાને જાળવી રાખવી અને યુરોપીયન યુનિયનમાં સામેલ થવાની પ્રક્રિયાને ઝડપી બનાવવાનો સમાવેશ થાય છે.

48 વર્ષના સેર્ગી કોરેત્સ્કી વ્યવસાયે એન્જિનિયર અને અર્થશાસ્ત્રી છે. તેઓ કોઈ રાજકીય પક્ષ સાથે જોડાયેલા નથી અને તેમની પાસે અગાઉ સરકારમાં કામ કરવાનો કોઈ અનુભવ પણ નથી.









# બ્રામ્પટનમાં 'ગાલા પિકનિક' : રમતગમત સાથે નૃત્યની રમઝટ

## કેનેડા-ભારતના રાષ્ટ્રગીત સાથે દેશભક્તિની ભાવના ઝળકી, મનોરંજનની પ્રવૃત્તિમાં 175થી વધુ વડીલોએ ઉત્સાહભેર ભાગ લીધો







બ્રામ્પ્ટન : સાઉથલેક સિનિયર ક્લબ કેનેડા ફાઉન્ડેશન દ્વારા વરિષ્ઠ નાગરિકો માટે દ્વિતીય ગ્રાન્ડ ગાલા પિકનિક જુલાઈ 12, 2026ને રવિવારના રોજ ગેજ પાર્ક બ્રામ્પટન ખાતે યોજાઈ હતી. કાર્યક્રમમાં આશરે 175 વરિષ્ઠોએ ભાગ લીધો હતો. આ તકે નાદુરસ્ત તબિયત અને કૌટુંબિક જવાબદારીઓને ધ્યાને રાખી પરદેશ હોવા છતાં સાથે હોવાનો અહેસાસ કરાવતા પ્રમુખ અમિત ભટ્ટ વીડિયો અને ફોનથી પળ પળની માહિતી મેળવી અને જરૂરી માર્ગદર્શન પૂરું પાડતા રહ્યા હતા. કેનેડા ડેની ઉજવણીને ધ્યાનમાં રાખી કાર્યક્રમની શરૂઆત કેનેડા અને ભારતના રાષ્ટ્રગીતથી કરવામાં આવી હતી, જે બાદ શિક્ષક ટ્વિંકલ દ્વારા સૌને હળવી કસરત કરાવાઈ હતી. જે બાદ રેહાના હાફીઝના માર્ગદર્શનમાં હર્ષા ભટ્ટ, કીર્તિ આચાર્ય, ડાહ્યાભાઈ પટેલ, ભાનુ મિસ્ત્રી અને બીજા વરિષ્ઠ નાગરિકોએ પોતાના કંઠસ્થ અને કેરેઓકેની મદદથી વિવિધ ફિલ્મી ગીતો રજૂ કરી સર્વેને ભાવવિભોર કર્યા હતા. રેહાના હાફીઝે અંતાક્ષરી, સંગીત ખુરશી તથા અન્ય કાર્યક્રમો દ્વારા સર્વેને આનંદ આપવાનો પ્રયત્ન કર્યો હતો. ભરત શર્માના માર્ગદર્શનમાં ક્રિકેટ, બેડમિન્ટન, ફૂટબોલ વગેરે જેવી રમતમાં ઘણા વરિષ્ઠ નાગરિકોએ લાભ લીધો હતો. આજના દિવસે વરિષ્ઠ બહેનોએ બેડમિન્ટનની રમતનો લાભ લીધો હતો. સાઉથલેક સિનિયર ક્લબ કેનેડા ફાઉન્ડેશનનાં ઉત્કૃષ્ટ કાર્યને બિરદાવતા સન્માન અને કદર કરતા પ્રમાણપત્રો સાંસદ અમનદીપ સોઢી (મધ્ય બ્રામ્પટન), સોનિયા સાધુ (દક્ષિણ બ્રામ્પટન), સફકત અલી (ચીંગુઆકુઝી પાર્ક), અમરજીત ગીલ (પશ્ચિમ બ્રામ્પટન), બ્રામ્પટનના મેયર પેટ્રિક બ્રાઉન તથા રોવેના સંતોષ (રીઝનલ કાઉન્સિલર), મેયર પેટ્રિક બ્રાઉન તથા પોલ વિસેન્ટે (રીઝનલ કાઉન્સિલર) અને મેયર પેટ્રિક બ્રાઉન, માર્ટિન મેડેરોસ (રીઝનલ કાઉન્સિલર) તથા ડેનિસ કીનન (રીઝનલ કાઉન્સિલર)ની ઉપસ્થિતિમાં ક્લબનાં કાર્યકારી પ્રમુખને એનાયત કરાયા હતા.સાંસદ સફકત અલીએ આ ક્લબ હરહંમેશ પ્રગતિ કરે અને પોતાની માતૃભૂમિ સાથે આ દેશને પણ હરણફાળ ભરવામાં યોગદાન આપતી રહે તેવી ભાવના વ્યક્ત કરી હતી.

સાંસદ સફકત અલી હળવી ગમત સાથે નૃત્યમાં પણ જોડાયા હતા. સાંસદ સોનિયા સાધુએ જણાવ્યું કે, આ ક્લબ વરિષ્ઠ નાગરિકો માટે તેમને અનુરૂપ કાર્યક્રમોનું આયોજન કરતી રહે છે જેને બિરદાવતા હું હર્ષની લાગણી અનુભવું છું. સાંસદ અમરજીત ગીલે સૌને પ્રણામ કરી ક્લબની વરિષ્ઠ નાગરિકો માટેની પ્રવૃત્તિની સરાહના કરી હતી. મેયર પેટ્રિક બ્રાઉન હરહંમેશ આવા કાર્યક્રમ દીપાવવા થોડી ક્ષણો માટે પણ ઉપસ્થિત રહે છે. તેઓએ આ ક્લબની હંમેશાં પ્રગતિ થતી રહે અને આવા અવનવા કાર્યક્રમો દ્વારા વરિષ્ઠ નાગરિકોને પ્રોત્સાહિત કરતા રહે તેવી ભાવના વ્યક્ત કરી હતી.


રીઝનલ કાઉન્સિલર પોલ વિસેન્ટે અને રોવેના સંતોષે પણ ક્લબને શૂભેચ્છા આપી હતી. મનહર પટેલ, શંકર આડેદરા, ચંદ્રકાંત પટેલ, જગદીશ પટેલ તથા અન્ય મિત્રોએ રસોડા વિભાગમાં સુવ્યવસ્થિત ફરજ બજાવી તબક્કાવાર દરેકને ભાવપૂર્વક જમાડ્યા હતા. સવારે 12.00 કલાકે ચા - ખમણ - કચોરી - ચટણીનો સૌએ લાભ લીધો હતો.

બપોરે આશરે 14.00થી 15.00 કલાક દરમિયાન સૌએ પૂરી/રોટી, મેથી બટાટાનું શાક, શાહી પનીર, મગદાળનો હલવો, દાળ, ભાત, બુંદી રાયતું અને સલાડનો સ્વાદ માણ્યો હતો. સાંજના ભોજનમાં બટાકાની સૂકી ભાજી, છોલે, પૂરી/રોટી, પુલાવ વગેરે પીરસવામાં આવ્યા હતા.

**કેનેડાના સાંસદો અને મેયરે ક્લબની સેવાકીય પ્રવૃત્તિઓને પ્રમાણપત્રો આપી બિરદાવી, પ્રમુખ અમિત ભટ્ટે નાદુરસ્ત તબિયત છતાં વિદેશથી પળેપળનું માર્ગદર્શન પૂરું પાડ્યું; ભોજનની વિવિધ વાનગીઓ સાથે પિકનિક યાદગાર બની**

# કેનેડિયન પ્રવાસીઓ ફરી અમેરિકા તરફ વળ્યા : મુસાફરીમાં વધારો થયો

**ટ્રમ્પની '51મા રાજ્ય'ની ધમકી બાદ કેનેડિયનોએ 15 મહિના સુધી અમેરિકા પ્રવાસનો બહિષ્કાર કર્યો હતો**




**ઓટાવા**

સ્ટેટિસ્ટિક્સ કેનેડા દ્વારા જાહેર કરાયેલા નવા આંકડા દર્શાવે છે કે, જાન્યુઆરી ૨૦૨૫ પછી કેનેડિયન પ્રવાસીઓનો યુ.એસ. (અમેરિકા) તરફનો પ્રવાહ ફરી વધી રહ્યો છે અને તેમાં સતત બીજો માસિક વધારો નોંધાયો છે. 2025ના જૂન મહિનામાં કેનેડાના રહેવાસીઓ દ્વારા યુ.એસ.થી પરત ફરેલી ટ્રિપ્સની સંખ્યા ૧.૭ મિલિયન (૧૭ લાખ) થઈ ગઈ છે, જે વર્ષ ૨૦૨૫ના સમાન મહિનાની સરખામણીએ ૩.૨ ટકા વધુ છે. ખાસ કરીને, ઓટોમોબાઈલ (રોડ માર્ગે) દ્વારા કરાતી રિટર્ન ટ્રિપ્સમાં ૫.૨ ટકાનો મોટો વધારો થયો છે. યુ.એસ.થી હવાઈ માર્ગે (ફ્લાઈટ દ્વારા) પરત ફરતી ટ્રિપ્સમાં ૩.૮ ટકાનો નજીવો ઘટાડો થયો છે.

કેનેડાના નાગરિકો હવે ધીમે ધીમે ફરીથી યુ.એસ.માં મુસાફરી કરવાનું શરૂ કરી રહ્યા છે. અગાઉ કેનેડા સામે અમેરિકન વહીવટીતંત્રના ટ્રેડ વૉર (વ્યાપારી યુદ્ધ) અને યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા કેનેડાને અમેરિકાનું "૫૧મું રાજ્ય" બનાવવાની અપાયેલી ધમકીઓ બાદ કેનેડિયનો ભારે નારાજ હતા. આ રાજકીય તણાવને કારણે અંદાજે ૧૫ મહિના કરતાં વધુ સમય સુધી કેનેડિયનોએ યુ.એસ.ના પ્રવાસનો સંપૂર્ણ બહિષ્કાર કર્યો હતો.

સ્ટેટિસ્ટિક્સ કેનેડાએ જણાવ્યું હતું કે, જો જૂન ૨૦૨૬માં ટ્રિપ્સની સંખ્યાની સરખામણી જૂન ૨૦૨૪ સાથે કરવામાં આવે તો, તેમાં ૨૮.૭ ટકાનો મોટો ઘટાડો જોવા મળ્યો હતો. જેનું મુખ્ય કારણ ઓટોમોબાઈલ (-૨૯.૬ ટકા) અને હવાઈ માર્ગ (-૨૫.૦ ટકા) દ્વારા ઓછી થયેલી ટ્રિપ્સ હતી." બહિષ્કારના આ લાંબા ગાળા બાદ પહેલો મોટો સુધારો એપ્રિલમાં નોંધાયો હતો, જ્યારે કેનેડિયન રહેવાસીઓ માટે યુ.એસ. થી પરત ફરવાની સંખ્યામાં વર્ષ-દર-વર્ષ ૧.૮ ટકાનો વધારો થયો હતો.

ટોરોન્ટો અને વાનકુવરમાં ૧૧ જૂનથી ૨ જુલાઈ દરમિયાન ૧૩ ફિફા (FIFA) વર્લ્ડ કપ મેચોનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું, જેણે કેનેડાના પ્રવાસન ઉદ્યોગમાં નવો પ્રાણ પૂર્યો હતો. પ્રવાસીઓની સંખ્યા ૨૬ જૂને સર્વોચ્ચ સપાટીએ પહોંચી હતી. કેનેડામાં રમનારા ૧૫ વિદેશી દેશોના સમયગાળા દરમિયાન, આ રાષ્ટ્રોમાંથી કુલ હવાઈ આગમન ગયા વર્ષના સમાન ગાળાની તુલનામાં જૂનમાં ૩૨.૫ ટકા વધ્યું હતું.

# વ્યાજ દર ૨.૨૫ ટકા પર યથાવત : ૨૦૨૭ સુધીમાં મોંઘવારી ૨ ટકા રહેવાની આગાહી

ઓટાવા : વૈશ્વિક સ્તરે ચાલી રહેલી ભૌગોલિક-રાજકીય અસ્થિરતા અને આર્થિક પડકારો વચ્ચે બેંક ઓફ કેનેડાએ બુધવારે નાણાકીય નીતિની જાહેરાત કરતાં પોતાના મુખ્ય વ્યાજ દરને ૨.૨૫ ટકાના સ્તરે યથાવત રાખવાનો મહત્વનો નિર્ણય કર્યો છે. વર્ષની શરૂઆતમાં જોવા મળેલી નબળાઈ બાદ હવે કેનેડિયન અર્થતંત્ર ધીમે-ધીમે પાટા પર આવી રહ્યું હોવાના આશાવાદ સાથે સેન્ટ્રલ બેંકે આ નીતિ અપનાવી છે.

બેંક ઓફ કેનેડાના ગવર્નર ટિફ મેકલેમે આ નિર્ણય અંગે જણાવ્યું હતું કે, "છેલ્લા એક વર્ષની આર્થિક સુસ્તી બાદ હવે કેનેડાના વિકાસ દર (GDP)માં ફરી તેજી જોવા મળી રહી છે.

સેન્ટ્રલ બેંકના રિપોર્ટ અનુસાર મધ્ય પૂર્વમાં ચાલી રહેલા યુદ્ધના તણાવ અને અમેરિકા સાથેની ચાલુ વેપાર વાટાઘાટોને કારણે હજુ પણ આર્થિક જોખમો અને અનિશ્ચિતતાનો માહોલ છે. જો કે, બેંકના ઉચ્ચ અધિકારીઓને વિશ્વાસ છે કે કેનેડિયન અર્થતંત્ર આ વૈશ્વિક અવરોધોમાંથી સફળતાપૂર્વક બહાર નીકળી રહ્યું છે.

સેન્ટ્રલ બેંકની આ જાહેરાત પૂર્વે રોઈટર્સ દ્વારા દેશના ટોચના ૩૬ અર્થશાસ્ત્રીઓનો સરવે કરવામાં આવ્યો હતો. આ તમામ નિષ્ણાતોએ વ્યાજ દરો યથાવત રહેવાની સચોટ આગાહી કરી હતી.

SHIV FINANCIAL SERVICES
Serving Community Since 2009
"Proper Insurance Coverage is Peace of Mind"
Super Visa Insurance
&
Visitor to Canada
Medical Insurance
CALL FOR FREE QUOTE
- Monthly / Annual Plans Available
- Partial Refund if Parents Leave Early
- Full Refund if No Visa Issued
- Upto 45% Discount Available



JAGDISHBHAI SEVAK
Insurance Broker
647-236-7620
sevak_2007@hotmail.com • www.shivfinancialservices.ca

### સાંસદ અમનદીપ સોઘી અને રીજનલ કાઉન્સિલર પોલ વિસેન્ટે આપી હાજરી, ક્લબના સભ્યોએ ભાંગડા-ગિદ્ધાની રમઝટ બોલાવી

# બ્રામ્પ્ટનમાં કેનેડા ડેની ઉજવણી : દેશભક્તિ અને સંસ્કૃતિનો સંગમ

## ફ્લાવર સિટી ફ્રેન્ડ્સ ક્લબ દ્વારા આયોજિત કાર્યક્રમમાં કેનેડાના 159મા સ્થાપના દિન નિમિત્તે વરિષ્ઠ નાગરિકો લાલ અને સફેદ રંગના પરંપરાગત વસ્ત્રોમાં દેખાયા

બ્રામ્પ્ટન

ફ્લાવર સિટી ફ્રેન્ડ્સ ક્લબ (FCFC) દ્વારા ૧૨ જુલાઈ, ૨૦૨૬ના રોજ બ્રામ્પ્ટનના પોલ પાલેશી રિક્રિએશન સેન્ટર ખાતે કેનેડાના ૧૫૯મા જન્મદિવસની ભવ્ય ઉજવણી અત્યંત ઉત્સાહ, ગૌરવ અને સામૂહિક ભાવના સાથે કરવામાં આવી હતી. આ ખાસ પ્રસંગે આયોજિત ભવ્ય કાર્યક્રમમાં ક્લબના ૧૦૦થી વધુ ઉત્સાહી સભ્યોએ ભાગ લીધો હતો. લાલ અને સફેદ રંગના આકર્ષક વસ્ત્રોમાં સજ્જ થઈને આવેલા પુરુષો અને મહિલાઓએ કેનેડા પ્રત્યેની એકતા અને દેશભક્તિનું અદભુત વાતાવરણ સર્જ્યું હતું. મધ્યમાં તમામ સભ્યો અને મહેમાનોએ ગરમાગરમ ગુજરાતી નાસ્તા અને સ્વાદિષ્ટ ભોજનનો આસ્વાદ માણ્યો હતો. આ સાથે જૂન અને જુલાઈ માસમાં જન્મેલા સભ્યોના જન્મદિવસની પણ હર્ષોલ્લાસ સાથે સામૂહિક ઉજવણી કરી તેમને દીર્ઘાયુની શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સુંદર સંચાલન જ્યોતિ દાડિયાલા દ્વારા કરવામાં આવ્યું હતું. તેમની ઊર્જાસભર અને આકર્ષક સંચાલન શૈલીએ કાર્યક્રમના અંત સુધી સૌને મનોરંજન પૂરું પાડ્યું હતું. સાંસ્કૃતિક કાર્યક્રમમાં સભ્યોએ નૃત્ય, સમૂહ નૃત્ય, દેશભક્તિના ગીતો અને સંગીતમય પ્રસ્તુતિઓ રજૂ કરીને પોતાની અનોખી પ્રતિભાનો પરિચય આપ્યો હતો. પરંપરાગત ગિદ્ધા અને ભાંગડાના તાલે સમગ્ર હોલ ઉત્સાહના નાદથી ગુંજી ઉઠ્યો હતો. બ્રામ્પ્ટન સેન્ટરના લોકપ્રિય સાંસદ અમનદીપ સોધીએ પણ ઉત્સાહપૂર્વક વડીલો સાથે ગિદ્ધા નૃત્યમાં ભાગ લેતાં કાર્યક્રમની રંગત બમણી થઈ ગઈ હતી.

મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેલા સાંસદ અમનદીપ સોધીએ ક્લબને આ સુંદર આયોજન બદલ અભિનંદન પાઠવતાં જણાવ્યું હતું કે, "કેનેડાની ખરી શક્તિ તેના વૈવિધ્યપૂર્ણ સમાજ અને સ્વયંસેવક ભાવનામાં રહેલી છે. ફ્લાવર સિટી ફ્રેન્ડ્સ ક્લબ વરિષ્ઠ નાગરિકોને એક મંચ પર લાવીને સક્રિય જીવનશૈલી, સંસ્કૃતિનું જતન અને અર્થપૂર્ણ સામાજિક સંબંધોને પ્રોત્સાહન આપવાનું શ્રેષ્ઠ કાર્ય કરી રહી છે. કાર્યક્રમના સમાપન પ્રસંગે જિયાન પોલે કાર્યક્રમને સફળ બનાવનાર તમામ સ્વયંસેવકો, કલાકારો, સ્પોન્સર્સ, કમિટીના સભ્યો અને આમંત્રિતોનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો. તેમણે ઉમેર્યું કે, આપણી ક્લબની સફળતાનો શ્રેય દરેક એવા સભ્યને જાય છે જે અવિરત સેવા આપે છે.




### સભ્યોએ નૃત્ય, સમૂહ નૃત્ય, દેશભક્તિના ગીતો અને સંગીતમય પ્રસ્તુતિઓ રજૂ કરી

### કેનેડાના નવનિર્માણમાં વરિષ્ઠ નાગરિકોનું યોગદાન અમૂલ્ય : કાઉન્સિલર પોલ વિસેન્ટ

આ પ્રસંગે બ્રામ્પ્ટનના વોર્ડ ૧ અને પાંચના રીજનલ કાઉન્સિલર પોલ વિસેન્ટે પણ ખાસ હાજરી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, "ફ્લાવર સિટી ફ્રેન્ડ્સ ક્લબ જેવી સંસ્થાઓ વડીલોને સામાજિક અને શારીરિક રીતે સક્રિય રાખવામાં કરોડરજ્જુ સમાન ભૂમિકા ભજવે છે. સરકાર અને સામાજિક સંસ્થાઓની આવી સાર્થક ભાગીદારીથી જ સમાજ મજબૂત બને છે. કેનેડાના નવનિર્માણમાં વરિષ્ઠ નાગરિકોનું યોગદાન અમૂલ્ય છે. સાંસ્કૃતિક કાર્યક્રમોની સાથે સભ્યોના મનોરંજન માટે રસપ્રદ બિંગો (હાઉસી) રમતનું પણ આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વડીલોએ હોંશેહોંશે ઇનામો જીત્યા હતા.

### 50મી એનિવર્સરી હોવાથી ડાંગ દંપતીનું જાહેર સન્માન

ક્લબના સભ્યો ભુપિંદરપાલ સિંહ ડાંગ અને કવલજીત ડાંગને તેમના લગ્નના સફળ ૫૦ વર્ષ પૂર્ણ થવા (સુવર્ણ જયંતી) નિમિત્તે સ્મૃતિચિહ્ન, વિશેષ ભેટ અને પ્રશંસાપત્ર અર્પણ કરી સન્માનિત કરાયા હતા. આ ગૌરવપૂર્ણ ક્ષણે સભ્યોએ ઊભા થઈને તાળીઓના ગડગડાટ સાથે આ પ્રેમાળ દંપતીને વધાવી લીધા હતા.

### કેનેડા એવો દેશ, જ્યાં દરેકનું સન્માન અને સ્વાગત થાય છે : જિયાન પોલ

કાર્યક્રમનું દીપ પ્રાગટ્ય અને ઉદ્ઘાટન ફ્લાવર સિટી ફ્રેન્ડ્સ ક્લબના ચેરપર્સન જિયાન પોલ દ્વારા કરવામાં આવ્યું હતું. તેમણે ઉપસ્થિત તમામ સભ્યો અને આમંત્રિત મહેમાનોનું હાર્દિક સ્વાગત કરીને કેનેડાની વૈવિધ્યતા, સર્વસમાવેશકર્તા, સ્વતંત્રતા અને સમાન તકના ભવ્ય મૂલ્યો પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે જણાવ્યું કે, "કેનેડા એવો ઉદાર દેશ છે, જે દરેક વ્યક્તિનું સન્માન અને ગૌરવ સાથે સ્વાગત કરે છે. આજે આપણે માત્ર કેનેડાનો જન્મદિવસ જ નહીં, પરંતુ પરસ્પર મિત્રતા, સ્વયંસેવકની ભાવના અને એકતાની પણ ઉજવણી કરી રહ્યા છીએ. ફ્લાવર સિટી ફ્રેન્ડ્સ ક્લબ તેના સભ્યોની જ સંસ્થા છે અને આપણે સૌ મળીને વડીલો માટે વધુ સક્રિય, સ્વસ્થ અને સંવેદનશીલ સમાજનું નિર્માણ કરીશું.

# ઓન્ટેરિયોના સગીરની ડ્રગ્સ અને રોકડ સાથે ધરપકડ : ડેલીનીમાં પ્રવેશ પ્રતિબંધ

ડેલીની : કેનેડાના ડેલીનીમાં ઓન્ટેરિયોના એક કિશોર (સગીર) પર ડ્રગ્સની હેરાફેરી અને પોલીસની કામગીરીમાં અવરોધ ઊભો કરવા સહિતના ગંભીર આરોપો મુકાયા બાદ તેની ધરપકડ કરવામાં આવી હતી.

સ્થાનિક કરિયાણાની દુકાનમાં સર્જાયેલી અશાંતિ બાદ સક્રિય થયેલી રોયલ કેનેડિયન માઉન્ટેડ પોલીસે કિશોરના ઘરે પણ દરોડો પાડીને શંકાસ્પદ ડ્રગ્સનો જથ્થો જપ્ત કર્યો હતો.

પોલીસના જણાવ્યા અનુસાર સોમવારે બપોરે અંદાજે ૧ વાગ્યાની આસપાસ એક કરિયાણાની દુકાનમાં હોબાળો થયો હોવાના અહેવાલ મળતાં જ અધિકારીઓ ઘટનાસ્થળે દોડી ગયા હતા. પોલીસ જ્યારે ત્યાં પહોંચી ત્યારે આ કિશોરે અધિકારીઓ સાથે સહયોગ કરવાનો ઈનકાર કર્યો હતો અને તપાસમાં અડચણ ઊભી કરી હતી. જેથી પોલીસે તાત્કાલિક તેની ધરપકડ કરીને અંગઝડતી લીધી હતી.

તપાસકર્તાઓએ ડેલીનીમાં આવેલા કિશોરના રહેણાંક મકાન પર પણ મધરાતે દરોડો પાડ્યો હતો. ઘરની અંદરથી પોલીસને ડ્રગ્સની હેરાફેરી (તસ્કરી) માટે વપરાતી સામગ્રી અને શંકાસ્પદ કોકેઈનની એક નાની થેલી મળી આવી હતી.

કોર્ટની આગામી સુનાવણીમાં હાજર રહેવા સિવાય તેને ડેલીની વિસ્તારમાં ફરી પ્રવેશવા પર સખત પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.






તંત્રી સ્થાનેથી

# વાંગચૂકના આમરણ ઉપવાસ સામે કેન્દ્ર સરકારની નિષ્ઠુરતા ઉજાગર

વર્ષ ૨૦૨૦થી ૨૦૨૫ અને ૨૦૨૬ સુધીનો સમયગાળો ભારતમાં સરકારી ભરતી અને રાષ્ટ્રીય સ્તરની સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં પેપર લીકની અભૂતપૂર્વ ઘટનાઓનો સાક્ષી રહ્યો છે. છેલ્લા થોડા વર્ષોમાં દેશના ૧૫થી વધુ રાજ્યોમાં ૪૦ કરતાં પણ વધુ મોટી પરીક્ષાઓના પેપર લીક થયા છે, જેનાથી આશરે ૧.૪ કરોડથી વધુ વિદ્યાર્થીઓનું ભવિષ્ય જોખમમાં છે. સૌથી મહત્વની બાબત તો એ છે કે, ભારતમાં છેલ્લાં 3 વર્ષમાં દેશની સૌથી મોટી તબીબી પ્રવેશ પરીક્ષા NEET-UGમાં વ્યાપક સ્તરે પેપર લીક અને ગેરરીતિના આક્ષેપો થયા છે. આ ઉપરાંત UGC-NET ૨૦૨૪ પરીક્ષા પણ પેપરની વિશ્વસનીયતા જોખમાવાને કારણે રદ કરવી પડી હતી.



તંત્રી - સ્વદેશ

આ જ સમયમાં ઉત્તર પ્રદેશમાં યુપી પોલીસ કોન્સ્ટેબલ ભરતી પરીક્ષા (૨૦૨૪) ના પેપર લીક થતાં ૪૮ લાખ ઉમેદવારો પ્રભાવિત થયા હતા. જ્યારે બિહારમાં BPSC (૨૦૨૨), રાજસ્થાનમાં REET (૨૦૨૧), તેલંગાણામાં TSPSC અને ગુજરાતમાં ગૌણ સેવા પસંદગી મંડળની હેડ ક્લાર્ક (૨૦૨૧) જેવી પરીક્ષાઓના પેપરો પણ પ્રિન્ટિંગ પ્રેસ કે સોશિયલ મીડિયાના માધ્યમથી લીક થયા હતા.

હવે 2026માં નીટના પેપર લીક થયા બાદ અત્યાર સુધીમાં 9 વિદ્યાર્થીઓએ હતાશ થઈને આત્મ હત્યા કરી લીધી છે. પેપરલીકની આવી ઘટના સામે અત્યાર સુધી વિપક્ષો અવાજ ઉઠાવતા હતા. પરંતુ આ વખતે સોશિયલ મીડિયા થકી અસ્તિત્વમાં આવેલી કોકરોચ જનતા પાર્ટીએ તેનો જબરદસ્ત વિરોધ કર્યો છે. સીજીપી દ્વારા છેલ્લાં એક મહિનાથી દિલ્હીમાં જંતર મંતર પર આંદોલન ચાલી રહ્યું છે. આ આંદોલનમાં શિક્ષણવિદ્ અને પર્યાવરણ કાર્યકર સોનમ વાંગચૂક પણ જોડાયા અને તેઓએ પણ શિક્ષણમંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગણી સાથે આમરણ ઉપવાસ શરૂ કરી દીધા છે.

અલબત ગુરુવારે તેની ભૂખ હડતાળને 19 દિવસ વીત્યા છતાં કેન્દ્ર સરકારના પેટનું પાણી પણ હાલ્યુ નથી. બીજી તરફ ૧૯ દિવસથી અન્ન-જળ ત્યાગવાથી વાગચુકનું ૯ કિલો ઘટ્યું છે અને સ્વાસ્થ્ય ખૂબ જ નાજુક બન્યું છે. અત્યંત નબળાઈ હોવા છતાં સોનમ વાંગચૂકનો ઉત્સાહ ઓછો થયો નથી. તેમણે સોશિયલ મીડિયા પર એક ભાવુક વીડિયો શેર કરીને જણાવ્યું છે કે, લાંબા ઉપવાસને કારણે મારા સ્નાયુઓ અને શરીરમાં નબળાઈ આવી છે, પરંતુ મારું દિલ અને મગજ સંપૂર્ણ સ્વસ્થ છે.

તેમણે કહ્યું કે સતત પેપર લીક થવાથી વિદ્યાર્થીઓનો આત્મવિશ્વાસ ડગમગી ગયો છે, અને સરકારે આવી ઘટનાઓને રોકવા માટે હજુ સુધી અસરકારક પદ્ધતિઓ સ્થાપિત કરી નથી. દેશની વર્તમાન સ્થિતિ અંગે દુખ વ્યક્ત કરતા તેમણે કહ્યું કે, દેશના મોટાભાગના શાસકો અને લોકો બેઈમાનીના રસ્તે ચાલી રહ્યા છે. દેશમાં આજે પરીક્ષાના પેપરથી માંડીને મત સુધીનુ બધુ જ વેચાઈ રહ્યું છે. આવી સ્થિતિમાં વિક્સિત ભારતની વાત તો દૂર રહી, આપણે દુનિયાના બીજા દેશો સાથે સ્વમાનથી ચાલી શકીએ તેવી સ્થિતિ નથી. વાંગચૂક સરકાર પાસે શિક્ષણ વ્યવસ્થામાં પારદર્શિતા અને જવાબદારીની માંગ કરી રહ્યા છે. પરંતુ સરકારની કોઈ જવાબદેહી જ નથી તેવો મેસેજ આ નિષ્ઠુર શાસકો દ્વારા અપાઈ રહ્યો છે. હકીકતે ભારત સરકાર દેશના વાંગચૂકને પણ હરીફ પક્ષની નજરે જોઈ રહી છે. હવે વાંગચૂક કોણ છે તેને સમજીએ તો તેઓ ભારતભરમાં અને વૈશ્વિક સ્તરે એક અનોખા શિક્ષણ સુધારક, કુશળ ઈજનેર અને પર્યાવરણ કાર્યકર્તા તરીકે જાણીતા છે. એટલુ જ નહી, વાંગચૂકને તેમના શિક્ષણ સુધારણા, પર્યાવરણ સંરક્ષણ અને ટકાઉ ટેકનોલોજીના ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ યોગદાન માટે વૈશ્વિક અને રાષ્ટ્રીય સ્તરે અનેક પ્રતિષ્ઠિત પુરસ્કારો મળ્યા છે.

૧૯૬૬માં લદાખના ઉલેટોકપોમાં જન્મેલા વાંગચૂકે પ્રખ્યાત બોલિવૂડ ફિલ્મ ‘૩ ઈડિયટ્સ’ના લોકપ્રિય પાત્ર ‘ફુન્સુખ વાંગડુ’ માટે પ્રેરણા પૂરી પાડી હતી. તેમણે પોતાનું સમગ્ર જીવન લદાખ જેવા દુર્ગમ અને પહાડી વિસ્તારના સર્વાંગી વિકાસ માટે સમર્પિત કર્યું છે. ૧૯૮૮માં તેમણે ‘સેકમોલ’ સંસ્થાની સ્થાપના કરી, જેણે લદાખની સરકારી શિક્ષણ પ્રણાલીમાં ક્રાંતિકારી પરિવર્તન આણ્યું. પરંપરાગત ગોખણપટ્ટીવાળા શિક્ષણને બદલે પ્રાયોગિક અને વાસ્તવિક જીવનલક્ષી શિક્ષણ આપવાની તેમની પદ્ધતિ ખૂબ સફળ રહી છે.

પર્યાવરણ ક્ષેત્રે તેમનું સૌથી મોટું પ્રદાન ‘આઈસ સ્તૂપ’ છે. શિયાળાના વહી જતા પાણીને બરફના સ્તૂપ સ્વરૂપે સંગ્રહિત કરવાની આ કૃત્રિમ હિમનદી ટેકનોલોજીએ ઉનાળામાં લદાખના ખેડૂતો માટે પાણીની તંગી દૂર કરી છે. આ અભિનવ પ્રયોગ માટે તેમને પ્રતિષ્ઠિત ‘રોલેક્સ એવોર્ડ ફોર એન્ટરપ્રાઈઝ’ અને ૨૦૧૮માં ‘રેમન મેગ્સેસે એવોર્ડ’થી સન્માનિત કરવામાં આવ્યા હતા.


હાલમાં, તેઓ લદાખના નાજુક પર્યાવરણ અને સ્થાનિક સંસ્કૃતિના રક્ષણ માટે બંધારણની છઠ્ઠી અનુસૂચિ લાગુ કરવાની માગ સાથે સતત સંઘર્ષ કરી રહ્યા છે. સોનમ વાંગચૂક માત્ર લદાખ જ નહીં, પરંતુ સમગ્ર વિશ્વ માટે ટકાઉ વિકાસ અને સાદગીપૂર્ણ જીવનનું એક જીવંત ઉદાહરણ છે.

આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય સન્માન, રેમન મેગ્સેસે એવોર્ડ, ગ્લોબલ ટ્રાન્સફોર્મેશન એવોર્ડ, સંસ્કૃતિ એવોર્ડ (2002), રિયલ હીરોઝ એવોર્ડ (2008), જમનાલાલ બજાજ પુરસ્કાર (2017), ઉપરાંત 2018માં સિમ્બાયોસિસ ઈન્ટરનેશનલ યુનિવર્સિટી દ્વારા તેમની માનવતાવાદી અને શૈક્ષણિક સેવાઓને બિરદાવવા માટે ડી.લિટ (D.Litt)ની માનદ પદવી એનાયત કરવામાં આવી હતી.

સોનમ વાંગચૂકે એવોર્ડમાં મળેલી મોટી રકમ પણ પોતાના અંગત વપરાશમાં લેવાને બદલે શૈક્ષણિક સંશોધનો અને લદાખના પર્યાવરણીય પ્રોજેક્ટ્સ (જેવા કે PUGAL યુનિવર્સિટી પ્રોજેક્ટ) માટે દાન કરી દીધી છે.

આંદોલનની શરૂઆતમાં કોકરોચ જનતા પાર્ટીને સમર્થન ન આપતા હોય તેવા લોકો તેનાથી દૂર હતા. પરંતુ વાંગચૂકની ભૂખ હડતાળથી સ્થિતિ બદલાઈ છે અને આજે દેશના લાખો લોકો વાંગચૂકના સમર્થનમાં છે. બીજી રાજકીય પાર્ટીઓમાં આમ આદમી પાર્ટી, ભીમ આર્મી, સમાજવાદી પાર્ટી અને કોંગ્રેસના અનેત નેતાઓએ સ્થળ પર જઈને તેમને સમર્થન આપ્યું છે.

બોલીવુડ અને સાઉથની ફિલ્મના કલાકારો પણ તેમના સમર્થનમાં આવ્યા છે. દેશના સોશિયલ મીડિયામાં પણ તેના વ્યાપક પડઘા સંભળાઈ રહ્યા છે. ગુરુવારે પણ દિલ્હીના જંતર મંતર ઉપર વિરોધ પક્ષો અને ખેડૂત સંગઠનોનો એક મોટો મેળાવડો જંતર-મંતર પર થયો હતો. સરકાર હજી પણ ગંભીર નહીં બને તો આવનારા દિવસોમાં તેને રાજકીય નુકસાનની તૈયારી રાખવી પડશે તે બાબત નિશ્ચિત છે.



manoj1968@yahoo. ca






# પરિણીત પ્રેમિકાની ચપ્પાના 36 ઘા મારી હત્યા કરનારા સ્કૂલવાન ચાલકને આજીવન કેદની સજા

### ઘટના બાદ કેસમાં 29 સાક્ષીઓ અને 57 દસ્તાવેજી પુરાવા ચકાસવામાં આવ્યા

**વડોદરા**

મૂળ મહારાષ્ટ્રના વતની અને ન્યૂ સમા રોડ વિસ્તારમાં રહીને સ્કૂલવાન ચલાવતા આરોપી સોમનાથ પાટીલને દીપાબેન દરજી નામની મહિલા સાથે પ્રેમ સંબંધ હતો. જોકે, મહિલા આ સંબંધનો અંત લાવવા માંગતી હોવાથી તેણે આરોપી સાથે વાત કરવાનું બંધ કરી દીધું હતું. આથી આરોપી સોમનાથને પ્રેમમાં દગો મળ્યો હોવાનો વહેમ જતાં તેણે દીપાબેનની હત્યાનો પ્લાન ઘડ્યો હતો.

3 જુલાઈ 2019ના રોજ બપોરે મહિલા ઘરમાં એકલી હતી ત્યારે આરોપી ઘરમાં ઘૂસી ગયો હતો. તેણે મકાનનો દરવાજો અંદરથી બંધ કરી દીપાબેન પર ચપ્પાના ઉપરાઉપરી 36 ઘા ઝીંકી ક્રૂર હત્યા કરી હતી. ત્યારબાદ આરોપી ગેલેરીની પાઈપ વાટે નીચે ઉતરીને ફરાર થઈ ગયો હતો. આ અંગેનો કેસ અદાલતમાં ચાલતાં સરકારી વકીલે તબીબી પુરાવા અને એફ.એસ.એલ. (FSL) અહેવાલો દ્વારા તમામ કડીઓ મજબૂત રીતે જોડી હતી. બીજી તરફ બચાવ પક્ષે દલીલ કરી હતી કે આ કેસ માત્ર સંજોગો આધારિત છે અને તેનો કોઈ પ્રત્યક્ષ સાક્ષી નથી. આ કેસમાં 29 સાક્ષીઓ અને 57 દસ્તાવેજી પુરાવા ચકાસવામાં આવ્યા હતા. ન્યાયાધીશે બંને પક્ષની દલીલો અને પુરાવાને ધ્યાનમાં રાખીને આરોપીને ગુનેગાર ઠેરવી આજીવન કેદની સજા ફટકારી હતી.

# વ્યાજખોરોનો ત્રાસ : 6 લાખ સામે 34 લાખ ચૂકવી દીધા છતાં દંપતીએ વડોદરા છોડ્યું

### ત્રાસથી મકાન બદલ્યું અને હવે ઝૂંપડામાં રહેવા મજબૂર

**વડોદરા**

ગોત્રીના રાધેકૃષ્ણ કોમ્પ્લેક્સમાં રહેતા અને હાલમાં અમદાવાદ પાલડી વિસ્તારમાં વસાહતમાં રહેવા મજબૂર બનેલા ઉષાબેન વાઘેલાએ પોલીસને કહ્યું છે કે, વર્ષ-૨૦૧૮માં મારા પતિ પથારો લગાવી ધંધો કરતા હોવાથી મારા પરિચિત અનિતા મનોજભાઇ શર્મા પાસે ૧૦ ટકા વ્યાજે 1 લાખ લીધા. ત્યાર બાદ અમને વધુ રૂપિયાની જરૂર પડતાં ૬ લાખ વ્યાજે લીધા હતા. જેના વ્યાજની મહિને ૬૦ હજારચૂકવીને આપતા હતા. આમ છતાં અનિતાબેનનો પુત્ર રાકેશ શર્મા, ઉશ્માન મેમણ અને સમી મનસૂરી ઘેર આવીને ધાકધમકી આપતા હતા. વ્યાજખોરોએ મારા પતિ પાસેથી જબરદસ્તી લખાણ પણ લીધું હતું અને ચેક પણ લીધા હતા. લક્ષ્મીપુરાના પીઆઇ ગાયત્રી રાજપૂતે આ અંગે ગુનો નોંધી રાકેશ મનોજ શર્માની ધરપકડ કરી એક દિવસનો રિમાન્ડ મેળવ્યો છે. દંપતી હાલ વડોદરા છોડીને હાલમાં અમદાવાદ ખાતે ઝૂંપડામાં રહી રહ્યું છે.

# 2 વર્ષથી કાગળ પરના આજવા સફારી પાર્ક પ્રોજેક્ટ માટે રૂ.450 કરોડનો ખર્ચ

**વડોદરા**

વર્ષ 2017માં પાર્કના નિર્માણ માટે ખાનગી કંપનીને કામગીરી સોંપવામાં આવી હતી. પ્રોજેક્ટમાં થયેલા વિલંબ અંગે સત્તાપક્ષ અને અધિકારીઓ દ્વારા રેલવે લાઈન સહિતની વિવિધ અડચણોને જવાબદાર ગણાવવામાં આવી હતી. જોકે સવાલ એ ઊભો થાય છે કે પ્રોજેક્ટનું આયોજન કરતી વખતે આવી બાબતો, જરૂરી સરકારી મંજૂરીઓ, ગ્રાન્ટ અને અન્ય તકનિકી મુદ્દાઓનું પૂર્વ આયોજન કેમ કરવામાં આવ્યું નહોતું. જો આ તમામ બાબતો અગાઉથી ધ્યાનમાં લેવામાં આવી હોત તો વર્ષો સુધી પ્રોજેક્ટ અટકી ન રહેત. છેલ્લા એક દાયકાથી વધુ સમયથી વડોદરાના લોકોને વિદેશી પક્ષીઓ અને વન્ય પ્રાણીઓ સાથે આધુનિક સફારી પાર્કનું સપનું બતાવવામાં આવી રહ્યું છે. પરંતુ પ્રોજેક્ટ હજુ સુધી કાગળ પરથી જમીન પર ઉતરી શક્યો નથી. હવે ફરી એક વખત વાઈલ્ડ લાઈફ સફારી પાર્ક બનાવવાની જાહેરાત કરવામાં આવી છે.

મહત્વાકાંક્ષી આ પ્રોજેક્ટ પાછળ અંદાજે રૂ.400થી રૂ.450 કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. જોકે અગાઉ પણ અનેક વખત જાહેરાતો અને સમયમર્યાદાઓ જાહેર થઈ હોવા છતાં કામગીરી આગળ વધી શકી નહોતી.

# કપડવંજમાં પારિવારિક ત્રાસથી કંટાળી માતાએ બે બાળકો સાથે નર્મદા કેનાલમાં ઝંપલાવી દીધું

### તૈરવૈયાઓએ બચાવવા માટે રૂપિયા 15 હજારની માંગ્યા હતાઃ પરિવારનો આક્ષેપ

**કપડવંજ**

ખેડાના કપડવંજમાં એક 24 વર્ષીય માતાએ બે સંતાન સાથે નર્મદા કેનાલમાં ઝંપલાવી આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. અત્યાર સુધીમાં એક બાળકનો મૃતદેહ મળ્યો છે જ્યારે માતા અને એક બાળકની શોધખોળ ચાલી રહી હોવાની માહિતી સૂત્રોએ આપી હતી.



કપડવંજ- નડિયાદ હાઈવે પર આવેલી ફત્યાવાડની નર્મદા નહેરમાં મૂળ મુવાડી ગામની વતની ભાવના ચૌહાણ નામની મહિલાએ બે સંતાન 6 વર્ષીય દીકરો પિયૂષ અને 4 વર્ષીય દીકરી નિત્યા સાથે ઝંપલાવ્યું હતું. મહિલાના પિતાના આક્ષેપો અનુસાર લગ્ન બાદ સાસુ અને સસરાના ત્રાસથી કંટાળી દીકરીએ આ પગલું ભર્યું હોવાનું તેમણે જણાવ્યું હતું.

આ ઘટનાની જાણ થતા ફાયર બ્રિગેડ આવી પહોંચી હતી. જોકે પરિવારજનો અને સ્થાનિકોનો આક્ષેપ છે કે ફાયર બ્રિગેડ પાસે પૂરતા સાધનો અને માણસો ન હોવાથી ખાનગી તરવૈયાઓને બોલાવવામાં આવ્યા હતા, જેમણે વ્યક્તિદીઠ રૂ. 15,000ની માગણી કરી હતી. આ સાથે એવા આક્ષેપો પણ કર્યા હતા કે તેમણે નહેરમા ખાસ શોધખોળ ન કરતા માત્ર થોડીવારમાં જ પછા આવી રૂ. 4000 જેટલા પૈસા લઈ નીકળી ગયા હતા. આ મામલે તંત્ર સાથે વાત થઈ શકી ન હતી.

# વ્યાજના 5 હજારની ઉઘરાણીમાં પાટણની મહિલાને જીવતી સળગાવી દેવાઈ, સારવાર દરમિયાન મોત

### હાલ રૂપિયાની સગવડ નહીં થાય તેવું કહેતા જ બાબુ રાવળ ઉશ્કેરાઇ ગયો

**પાટણ**

પાટણના ખાલકપુરા મિલવાસમાં રહેતી અને ઘરકામ કરતી પિન્કીબહેન ભરત પટણીએ એક માસ અગાઉ ઘરખર્ચ માટે બાબુ રાવળ પાસેથી 5 હજાર રૂપિયા વ્યાજે લીધા હતા. રવિવારે બપોરે બાબુએ નાણાની ઉઘરાણી માટે તેના ઘરે પહોંચ્યો હતો. આ દરમિયાન પિન્કીબહેન ટાંકવાડા વિસ્તારમાં રહેતા જીતુ પંચાલના ઘરે ગયા હતા. થોડા દિવસમાં નાણા પરત આપવાની વાત કરી હતી. જોકે પૈસાની સગવડ હાલ ના હોવાનું સાંભળતા જ બાબુ રાવળ ઉશ્કેરાઈ ગયો હતો અને પ્લાસ્ટિકની ડોલમાં ભરેલું જ્વલનશીલ પ્રવાહી મહિલા પર છાંટી દીધું હતું. બાદ દિવાસળી સળગાવી તેમના પર ફેંકતા મહિલા કપડાં સહિત આખા શરીરે સળગી ઉઠી હતી.

મહિલાની બૂમાબૂમ સાંભળી સ્થાનિક લોકો દોડી આવ્યા હતા. તેને 108 એમ્બ્યુલન્સ મારફતે તેમને ધારપુર સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવી હતી. આ ઘટનાની જાણ થતાં પાટણ સીટી 'એ' ડિવિઝન પોલીસ ધારપુર હોસ્પિટલ પહોંચી મહિલાનું નિવેદન નોંધ્યું હતું. પોલીસે બાબુ રાવળ સામે નાણાની ધીરધાર અધિનિયમ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે. ભોગ બનનાર મહિલાનું સારવાર દરમિયાન મોત નિપજતાં પોલીસે આરોપી બાબુ રાવળ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા કલમ 302 હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસે સમગ્ર ઘટનાની વધુ તપાસ શરૂ કરી છે.

# પંચમહાલમાં ચાંદીપુરા વાયરસથી 3 બાળકોના મોત, 13 શંકાસ્પદ કેસ

**પંચમહાલ**

ગોધરા સિવિલ હોસ્પિટલમાં ચાંદીપુરા વાયરસના શંકાસ્પદ લક્ષણો ધરાવતા 13 બાળકોમાંથી 3ના મોત થયા છે. જ્યારે 2 બાળકો સાજા થતાં તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. તેમજ અન્ય 6 બાળ દર્દીઓ હાલ સારવાર હેઠળ છે. હોસ્પિટલમાં દાખલ બાળકોના સેમ્પલ પરીક્ષણ માટે મોકલવામાં આવ્યા છે. ગંભીર પરિસ્થિતિને પગલે આરોગ્ય વિભાગ સફાળું જાગ્યું છે. ગત વર્ષે ચાંદીપુરા વાયરસના કેસો મળ્યા એ ગામ મળી સંભવિત કુલ 24 ગામોમાં સઘન સર્વેલન્સ હાથ ધરીને દવા છંટકાવ, તેમજ કાચા મકાનોની દીવાલોની તિરાડો પૂરવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. આ સર્વેલન્સ દરમિયાન તંત્ર દ્વારા 450થી વધુ સેન્ડફ્લાય માખીઓ પણ પકડવામાં આવી છે. આરોગ્ય વિભાગના નાયબ નિયામક સુરેન્દ્ર જૈને જણાવ્યું હતું કે 'ચાંદીપુરા વાયરલ ઈન્સેફેલાઈટિસના પંચમહાલ જિલ્લામાં ટોટલ 13 કેસ રિપોર્ટ થયા છે. જેમાંથી 2 પોઝિટિવ છે અને 6ના રિઝલ્ટ પેન્ડિંગ. જ્યારે બે કેસ સાજા થતાં ઘેર મોકલવામાં આવ્યા છે. ભૂતકાળમાં જ્યાં ચાંદીપુરા વાયરસના કેસ મળી આવ્યા હતા એ જગ્યાએ સર્વેલન્સ સ્ટ્રેન્થન, ડસ્ટિંગ, સ્પ્રેઈંગ સહિતની કામગીરી હાથ ધરાઈ છે.

# વડોદરામાં પ્રેમનો કરૂણ અંજામ, પ્રેમીએ પ્રેમિકાનું ગળું દબાવી ક્રૂર હત્યા કરી

**વડોદરા**

વડોદરામાં એકતરફી પ્રેમમાં પાગલ બનેલા પ્રેમીએ પોતાની જ પ્રેમિકાની ક્રૂરતાપૂર્વક હત્યા કરી છે. આ હત્યાની જાણ થતાં જ સ્થાનિક પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો.આ કેસમાં પોલીસે મૃતદેહનો કબજો મેળવી પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ ખસેડ્યો હતો. આરોપીની ધરપકડ કરી પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

આ ઘટનાને પગલે મૃતક યુવતીના પરિવારજનોમાં શોકમાં ડૂબ્યા છે. પોલીસ તપાસમાં ખુલ્યું હતું કે, મૃતક યુવતીનો જ પ્રેમી તેનો હત્યારો નીકળ્યો હતો. માત્ર શંકાના આધારે યુવતીનું ગળું દબાવી નિર્દયતાથી હત્યા કરી હતી.

# MSU કેમ્પસમાં કાર અથડાવા મુદ્દે NSUI અને ABVPના કાર્યકરો વચ્ચે મારામારી

**વડોદરા**

એમ.એસ.યુનિવર્સિટી કેમ્પસમાં લુખ્ખાગીરી કરનારાઓને મોકળું મેદાન મળ્યું હોય તેમ આજે સતત બીજા દિવસે પણ બે જૂથ વચ્ચે મારામારી થઈ હતી.

મંગળવારે સાયન્સ ફેકલ્ટી બાદ આજે કેમ્પસમાં ચં.ચી.મહેતા ઓડિટોરિયમ પાસે બે જૂથો એક બીજા સાથે બાખડયા હતા. જોત જોતામાં બંને જૂથો વચ્ચે મારામારી શરૂ થઈ ગઈ હતી. વિદ્યાર્થી આલમમાં ચાલતી ચર્ચા પ્રમાણે સાયન્સ ફેકલ્ટી ખાતે થયેલી મારામારીના જ પડઘા આજે પડયા હતા અને આ મારામારીમાં પણ એબીવીપી અને એનએસયુઆઈના જ કાર્યકરોની સંડોવણી હતી. મારામારી બાદ ભાગવા જતા એક યુવાનની મોટર સાયકલ પાર્કિંગમાંથી કાર કાઢી રહેલા એક અધ્યાપકની કાર સાથે અથડાઈ હતી. ગભરાયેલો બાઈક સવાર બાઈક ત્યાં જ મૂકીને પલાયન થઈ ગયો હતો. આ ઘટના બાદ યુનવિર્સિટીના સિક્યુરિટી જવાનો દોડી આવ્યા હતા. સિક્યુરિટી સુપરવાઈઝરે પોલીસને જાણ કરતા પોલીસની પણ કેમ્પસમાં એન્ટ્રી થઈ હતી. એ પછી સિક્યુરિટી સુપરવાઈઝરે સયાજીગંજ પોલીસ મથકે પહોંચીને ફરિયાદ નોંધાવવા માટે તજવીજ હાથ ધરી છે.

# ખેડામાં 6 બહેનના એકના એક ભાઈ પર વીજળીનો થાંભલો પડતા કરુણ મોત નીપજ્યું

**ખેડા**

આમસરણ ગામમાં આ ઘટના બની છે. અહીં એક 11 વર્ષીય માસૂમ કૃષ્ણ અજય કુમાર યાદવનું મોત થયું છે. કૃષ્ણ તેના ગામની જ સરકારી પ્રાથમિક શાળામાં છઠ્ઠા ધોરણમાં અભ્યાસ કરતો હતો. ગામમાં વીજળીના તાર પાસે જે ઊંચા ઝાડ આવેલા હતા તેને કાપવાની કામગીરી ચાલી રહી હતી. આ દરમિયાન કૃષ્ણ પણ ત્યાંથી પસાર થઈ રહ્યો હતો. આ દરમિયાન અચાનક એક વિશાળ ઝાડની ડાળી સીધી હાઈ-ટેન્શન પાવર લાઈન પર પડી. ડાળીનું વજન વધારે હોવાથી કોંક્રિટ વીજળીનો થાંભલો ઉખડી ગયો અને 11 વર્ષીય બાળક પર પડ્યો. થાંભલા નીચે કચડાઈ જવાથી, ભોગ બનનાર કૃષ્ણ અજય કુમાર યાદવનું ઘટનાસ્થળે જ કરુણ મૃત્યુ થયું હતું.

# સાવલઘાટ પર અકસ્માત : સેલવાસની મહિલા સહિત 4ના મોત

## મહારાષ્ટ્રના સપ્તશૃંગીથી પરત આવતી વેળા કન્ટેઇનરને પાછળથી ટક્કર માર્યા બાદ સામેથી આવતા કન્ટેઇનર સાથે ભટકાતા અકસ્માત થયો હતો

**સેલવાસ**

મહારાષ્ટ્રના નાસિક વિસ્તારમાં સાવલઘાટ પર ગઈકાલે મંગળવારે સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં પાંચ પૈકી મહિલા સહિત ચારના મોત થયા હતા. સેલવાસ અને સરીગામના વ્યક્તિઓ મહારાષ્ટ્રના સપ્તશૃંગીથી પરત આવતી વેળા કન્ટેઈનરને પાછળથી ટક્કર માર્યા બાદ સામેથી આવતા કન્ટેઈનરે અડફટે લેતા ગમખ્વાર અકસ્માત થયો હતો. ઈજાગ્રસ્ત 50 વર્ષીય શખ્સને સ્થાનિક હોસ્પિટલમાં ખસેડાયા હતા.



પ્રાપ્ત માહિતિ અનુસાર ઉમરગામ તાલુકાના સરીગામના બોન્ડપાડામાં રહેતો અંબુ છગનભાઈ વળવી (ઉ.વ.30) ઈકો કાર (નં.જીજે-15-સીઆર-5659)માં સેલવાસ અને કપરાડાના પીપરોણો રહેતા ચાર વ્યક્તિઓ સાથે મહારાષ્ટ્રના નાસિક, સપ્તશૃંગી સહિતના સ્થળોએ ફરવા ગયા હતા. તમામ વ્યક્તિઓ ગઈકાલે મંગળવારે સપ્તશૃંગી મંદિરે દર્શન કરી પરત સેલવાસ આવવા નીકળ્યા હતા. તે દરમિયાન નાસિકના પેઠ પોલીસ મથક હદના સાવલઘાટપર કન્ટેઈનર (નં.એમએચ-04-જીએફ-8901)ની બ્રેક ફેઈલ થતા આગળ દોડી રહેલી ઈકો કારને પાછળથી ટક્કર માર્યા બાદ સામેથી આવી રહેલા કન્ટેઈનર (નં.એનએલ-01-એસી-1929)ના ચાલકે કારને અડફટેલેતા ગમખ્વાર અકસ્માત થયો હતો. એટલું જ નહી કાર બન્ને વાહન વચ્ચે ફસાય જવા સાથે ક્યરઘાણ બોલાય ગયો હતો. અકસ્માતને પગલે લોકો દોડી ગયાબાદ પોલીસને જાણ કરી હતી. બાદમાં લોકોની મદદથી કારમાં સવાર પાંચેય વ્યક્તિઓને બહાર કાઢયા હતા. પાંચ પૈકી ત્રણના ઘટનાસ્થળે મોત થયા હતા. જ્યારે હોસ્પિટલમાં ખસેડાયેલા બે પૈકી એકનું પણ મોત થયું હતું. આ ગોઝારા અકસ્માતમાં મહિલા સહિત ચાર વ્યક્તિઓના મોત થયા હતા. પાંચ પૈકી કાર ચાલક અંબુ છગનભાઈ વળવી (ઉ.વ.32, રહે.બોનપાડા, સરીગામ, ઉમરગામ), રાજર્જાયા ધાક્લભાઈ તુમડા (ઉ.વ.55, રહે. સાયલી, સેલવાસ), કૌશલ્યાબેન રમેશભાઈ કાકડ (ઉ.વ.26, રહે. ધોડીપાડા, સુરંગી, સેલવાસ), રમણભાઈ ધર્માભાઈ ચીમન્યા (ઉ.વ.49, રહે. પીપરોણી, કપરાડા) નો સમાવેશ થાય છે. જ્યારે ખાલપાઢેડિયાભાઈ ભુરકુડ (ઉ.વ.50, રહે. સેલવાસ)ને ગંભીર ઈજા થતાં સ્થાનિક હોસ્પિટલમાં ખસેડાયા હતા. સર્જાયેલા ગમખ્વાર અકસ્માત અંગે પેઠ પોલીસે ગુનો નોંધી આગળની વધુ તપાસ આદરી છે.

# સ્થાનિક કાયદાનો ભંગ કરતાં 60 ભારતીયોને UAEથી ડિપોર્ટ કરાયાં

**સુરત**

સંયુક્ત આરબ અમીરાત (UAE) માંથી સ્થાનિક કાયદા અને નિયમોના કથિત ભંગના આરોપસર ડિપોર્ટ (દેશનિકાલ) કરાયેલા 60 ભારતીય નાગરિકો સુરત આવી પહોંચ્યા છે. બુધવારે એર ઈન્ડિયા એક્સપ્રેસની ફ્લાઈટ નંબર IX-274 મારફતે આ તમામ મુસાફરો સુરત આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર ઉતર્યા હતા. વિદેશમાં કાયદાકીય મુશ્કેલીમાં ફસાયેલા આ નાગરિકો ભારત પરત ફરતા જ એરપોર્ટ પર સુરક્ષા અને ઈમિગ્રેશન એજન્સીઓ એક્શનમાં આવી ગઈ હતી.

મળતી માહિતી મુજબ, આ મુસાફરોને ડિપોર્ટ કરવામાં આવે તે પહેલાં દુબઈ સ્થિત ભારતીય દૂતાવાસ દ્વારા તેમની વહારે આવીને જરૂરી કાનૂની પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી હતી. દૂતાવાસ દ્વારા તમામ મુસાફરોને ભારત મુસાફરી કરવા માટે 'ઈમરજન્સી સર્ટિફિકેટ' અથવા 'અસ્થાયી પ્રવાસ દસ્તાવેજો' પૂરા પાડવામાં આવ્યા હતા. UAE સત્તાવાળાઓએ ત્યાંના સ્થાનિક નિયમોનું ઉલ્લંઘન કરવા બદલ આ તમામ લોકોને ભારત પરત મોકલી દીધા હોવાનું સત્તાવાર સૂત્રોમાંથી જાણવા મળ્યું છે.

# વરસાદથી કરોડોનું નુકસાન થતાં સુરતના વેપારીઓને 7500થી 1 લાખ સુધી સહાય

## વેપારીઓએ પાણી ભરાયા હોવાના વીડિયો અથવા ફોટોગ્રાફ્સ પુરાવા તરીકે બતાવવા પડશે

**સુરત**

સુરતમાં વરસાદથી જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી. વરસાદથી વેપારીઓને કરોડોનું નુકસાન થયું હતું. વરસાદથી થયેલા નુકસાન માટે રાજ્ય સરકારે રાહત પેકેજ જાહેર કર્યું હતું. રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ આ પેકેજની જાહેરાત કરી હતી.

નુકસાનમાંથી બેઠા થવા માટે સરકાર સીધી રોકડી મદદ કરશે, જેમણે GST રિટર્ન ભર્યું હશે તેમને આ લાભ મળશે. જે મુજબ લારી અને રેકડી ધારકોને રૂ. 7500, નાના કેબિન ધારકોને રૂ. 25,000, 50 ફૂટથી વધુ મોટી દુકાન ધરાવતાં દુકાનદારોને રૂ. 50,000 તથા પાકી દુકાન ધરાવતા વેપારીઓને રૂપિયા 1,00,000ની સહાય કરવામાં આવશે.

વેપારીઓ નવી લોન લઈ શકે તે માટે સરકાર આગામી 3 વર્ષ સુધી 7% વ્યાજ સહાય પોતે ભોગવશે. જે મુજબ રૂ. 7 લાખ સુધીનું ટર્નઓવર હોય તો રૂ. 20 લાખની લોન મળશે, જેમાં રૂ. 5 લાખ સુધીની વ્યાજ સહાય કરાશે. જો રૂ 7.5 લાખનું ટર્નઓવર હોય તો રૂ. 25 લાખની લોન મળશે અને રૂ. 8 લાખ સુધીની વ્યાજ સહાય મળશે. ઉપરાંત જે વેપારીઓનું રૂ. 7.5 લાખથી વધુનું ટર્નઓવર હોય તેમને રૂ. 30 લાખની લોન મળશે, જેમાં રૂ. 10 લાખ સુધીની વ્યાજ સહાય મળશે. તેમજ જેમના ઘર, દુકાન કે વેપારના સ્થળે પાણી ભરાયા છે, તેમને એક વર્ષ માટે વેરામાંથી મુક્તિ આપવામાં આવશે. આ માટે વેપારીઓએ પાણી ભરાયા હોવાના વીડિયો અથવા ફોટોગ્રાફ્સ પુરાવા તરીકે બતાવવાના રહેશે.

# ભરૂચમાં દેવાના બોજથી કંટાળીને ક્લાસ-1 અધિકારીનો આપઘાત : સુસાઈડ નોટ મળી

## અધિકારી છેલ્લા કેટલાક સમયથી ગંભીર આર્થિક સંકટનો સામનો કરી રહ્યા હતા

**ભરૂચ**

અમરેલી જિલ્લાના વતની પિયુષભાઈ ઉકાણી એક મહિના અગાઉ જ ભરૂચના આયોજન વિભાગમાં ક્લાસ-વન અધિકારી તરીકે નિયુક્ત થયા હતા. તેઓ ઝાડેશ્વર વિસ્તારમાં આવેલી રામેશ્વર પાર્ક સોસાયટીના ભાડાના મકાન નંબર A-12માં રહેતા હતા. ભરૂચ સી-ડિવિઝન પોલીસના જણાવ્યા અનુસાર, અધિકારીના પત્ની હાલ સુરત ખાતે હતા અને ઘટના સમયે પિયુષભાઈ ઘરે એકલા જ હતા. આ



દરમિયાન તેમણે મકાનમાં ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. સવારે તેમનો પાર્થિવ દેહ મળી આવતા સોસાયટીના રહીશો સ્તબ્ધ થઈ ગયા હતા. ઘટનાની જાણ મકાન માલિક દ્વારા સી-ડિવિઝન પોલીસને કરી હતી.

પોલીસે પ્રાથમિક તપાસ હાથ ધરતા સ્થળ પરથી એક સુસાઈડ નોટ મળી આવી છે. પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગતો મુજબ, મૃતક અધિકારીએ સુસાઈડ નોટમાં ઉલ્લેખ કર્યો છે કે, તેઓ છેલ્લા કેટલાક સમયથી ગંભીર આર્થિક સંકટનો સામનો કરી રહ્યા હતા. વિવિધ બેંક લોન અને ક્રેડિટ કાર્ડના વધતા જતા દેવાના બોજને કારણે તેઓ ભારે માનસિક તણાવમાં હતા. આ આર્થિક સંકડામણથી કંટાળીને જ તેઓ આ અંતિમ પગલું ભરી રહ્યા છે.

# સાંસદના બોગસ લેટરપેડ, ઈમેઈલથી ઠગાઈ કરનાર બંગાળી શખ્સ ઝડપાયો

**વલસાડ**

ગુજરાતના રાજકીય વર્તુળો અને ઉચ્ચ વહીવટી તંત્રને ચોંકાવી દેતી એક ગંભીર સાયબર છેતરપિંડીની ઘટના વલસાડ જિલ્લામાં સામે આવી છે. વલસાડ-ડાંગ સંસદીય મતવિસ્તારના સાંસદ ધવલ પટેલના નામે કોઈ અજ્ઞાત શખ્સ નકલી દસ્તાવેજોના આધારે સરકારી વિભાગો અને બેંકોમાં ભલામણો મોકલી રહ્યો હોવાની શંકા જતાં વલસાડ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં વિધિવત ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. સાયબર પોલીસે આઈપી (IP) એડ્રેસ અને ટેકનિકલ લોકેશન ટ્રેસ કરતાં આ આખું કૌભાંડ અમદાવાદથી ઓપરેટ થઈ રહ્યું હોવાનું ખુલ્યું હતું. વલસાડ પોલીસે તાત્કાલિક એક ટીમ અમદાવાદ રવાના કરી ઈસનપુર વિસ્તારમાંથી પ્રતિક પ્રદ્યુતકુમાર દે નામના શખ્સને દબોચી લીધો હતો, જે મૂળ પશ્ચિમ બંગાળનો વતની છે. પોલીસની પ્રાથમિક પૂછપરછમાં બહાર આવેલી વિગતો અનુસાર, આરોપી પ્રતિક દે અત્યંત શાતિર મગજ ધરાવે છે. તેણે સાંસદ ધવલ પટેલના નામે આબેહૂબ દેખાતું નકલી લેટરપેડ કમ્પ્યુટર પર ડિઝાઈન કર્યું હતું અને સાંસદના હોદ્દાનો ખોટો રબર સ્ટેમ્પ (સિક્કો) બનાવી નકલી સહીઓ પણ કરી હતી.

# AI પ્લેટફોર્મના નામે 'બોટબ્રો' કંપનીએ 28 રોકાણકારો સાથે આચરી 3.40 કરોડની ઠગાઈ

**વલસાડ**

વાપીમાં દુબઈ બેઝ્ડ 'બોટબ્રો' કંપનીએ AI ઓટોમેશન પ્લેટફોર્મના નામે 28 રોકાણકારોને માસિક 6 ટકા વ્યાજની લાલચ આપી 3.40 કરોડની છેતરપિંડી આચરી છે. વાપી પોલીસે 1 મહિલા સહિત બેની ધરપકડ કરી કુલ 7 સામે ગુનો નોંધ્યો છે. રોકાણકારોને ટૂંકા સમયમાં બમણી કમાણી અથવા ઊંચા વ્યાજની લાલચ આપીને કરોડો રૂપિયા પડાવી લેતી પોન્ઝી સ્કીમનો વધુ એક ભયાનક કિસ્સો દક્ષિણ ગુજરાતના વાપીમાંથી પ્રકાશમાં આવ્યો છે. આ વખતે ઠગોએ કોઈ પરંપરાગત સ્કીમ નહીં, પરંતુ આધુનિક જમાનાની માયાજાળ એટલે કે 'આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ઓટોમેશન પ્લેટફોર્મ' અને ફોરેક્સ ટ્રેડિંગના નામે લોકોને શિકાર બનાવ્યા હતા.

# તાપીમાં શાળા બચાવવા ભૂતિયા વિદ્યાર્થીઓ ઊભા કરી સરકારી નાણાંની લૂંટ! RTI અરજદારના સત્તાધિકારી સમક્ષ ગંભીર આરોપો

## પૂરો પગાર મેળવવા માટે વિદ્યાર્થીઓના દસ્તાવેજોનો દુરુપયોગ કરી, ઓનલાઇન રેકોર્ડમાં ફેરફાર થયા

**તાપી**

તાપી જિલ્લાની એક સરકારી અનુદાનિત શાળામાં ડમી વિદ્યાર્થીઓ દર્શાવવા, ખોટી હાજરી પૂરવી અને સરકારી ગ્રાન્ટમાં ગેરરીતિ આચરવાના મામલે RTI અરજદારે પ્રથમ અપીલ સત્તાધિકારી સમક્ષ ગંભીર આરોપો કર્યા છે. અરજદારે લેખિત રજૂઆત કરીને જણાવ્યું છે કે, શાળાના ઓનલાઇન પોર્ટલ પર વર્ષો સુધી આભાસી વિદ્યાર્થીઓના નામે હાજરી દર્શાવીને સરકારી નાણાંની છેતરપિંડી કરવામાં આવી છે. આમ છતાં, શિક્ષણ વિભાગના અધિકારીઓ આ બાબતે યોગ્ય તપાસ કરવામાં નિષ્ફળ રહ્યા છે. અરજદારે દાવો કર્યો છે કે, અગાઉ થયેલી તપાસમાં 'ધરણી હાઈસ્કૂલ, ડોલારા'માં વ્યાપક ગેરરીતિઓ અને બોગસ વિદ્યાર્થીઓ હોવાનો અહેવાલ સામે આવ્યો હતો. તેમ છતાં, RTI હેઠળ માગવામાં આવેલી માહિતી અંગે જાહેર માહિતી અધિકારી દ્વારા 'માહિતી ઉપલબ્ધ નથી' તેવો જવાબ આપવામાં આવ્યો છે, જે કાયદાની જોગવાઈઓનું સીધું ઉલ્લંઘન છે.

અપીલમાં વધુમાં આરોપ મૂકવામાં આવ્યો છે કે, શાળાના કેટલાક શિક્ષકોએ પોતાની નોકરી કાયમી કરવા અને પૂરો પગાર મેળવવા માટે વિદ્યાર્થીઓના દસ્તાવેજોનો દુરુપયોગ કરીને ઓનલાઇન રેકોર્ડમાં ફેરફાર કર્યા હતા. અરજદારે આ સમગ્ર પ્રકરણને પૂર્વઆયોજિત ષડયંત્ર ગણાવી સાયબર ક્રાઈમ, દસ્તાવેજોની બનાવટ અને સરકારી રેકોર્ડ સાથેની છેડછાડ અંગે સ્વતંત્ર તપાસની માગ કરી છે. તેમણે દોષિત શિક્ષકોને સસ્પેન્ડ કરવા, તેમની સામે ફોજદારી ફરિયાદ નોંધાવવા તેમજ સમગ્ર કૌભાંડની તપાસ માટે વિશેષ તપાસ ટીમ (SIT)ની રચના કરવાની માગણી કરી છે. આ ઉપરાંત, રાજ્ય શિક્ષણ વિભાગ, કેન્દ્ર સરકાર અને બાળ અધિકાર આયોગને પણ આ મામલે લેખિત જાણ કરવામાં આવી છે.

# ઊંઝાની ધરતીના પાકને રાષ્ટ્રીય સન્માન વરિયાળીને પણ સત્તાવાર જીઆઈનો ટેગ

## ખેડૂતોની મહેનત, ઊંઝાની માટીની મીઠાશનું રાષ્ટ્રીય સન્માન

**ઊંઝા**

ગુજરાતના વેપાર જગત અને ખાસ કરીને ખેડૂતો માટે એક ખૂબ જ આનંદના સમાચાર સામે આવ્યા છે. એશિયાના સૌથી મોટા મસાલા બજાર તરીકે જાણીતા ઊંઝા એપીએમસીના ખાતામાં વધુ એક ઐતિહાસિક સિદ્ધિ ઉમેરાઈ છે. ઊંઝાના વિશ્વપ્રસિદ્ધ જીરા બાદ, હવે અહીંની ઉચ્ચ ગુણવત્તાયુક્ત વરિયાળીને પણ સત્તાવાર રીતે 'જીઆઈ ટેગ' એનાયત કરવામાં આવ્યો છે. ભારત સરકારની જિયોગ્રાફિકલ ઈન્ડિકેશન રજિસ્ટ્રી દ્વારા આ મહત્ત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ ટેગ મળ્યા બાદ ઊંઝાની વરિયાળીને આંતરરાષ્ટ્રીય સ્તરે એક નવી ઓળખ મળશે અને તે વિશ્વભરમાં એક સ્થાપિત બ્રાન્ડ તરીકે ઉભરી આવશે.

વરિયાળીને મળેલો આ જીઆઈ ટેગ એ માત્ર પ્રમાણપત્ર નથી, પરંતુ ઉત્તર ગુજરાતના ખેડૂતોની મહેનત, વેપારીઓના વિશ્વાસ અને ઊંઝાની માટીની મીઠાશનું રાષ્ટ્રીય સન્માન છે. આ સિદ્ધિથી હવે દેશ-દુનિયામાં 'ઊંઝાની વરિયાળી' એક બ્રાન્ડ તરીકે વેચાશે, જેનો સીધો આર્થિક ફાયદો સ્થાનિક ખેડૂતો અને વેપારીઓને થશે.

ઊંઝાની વરિયાળીને વૈશ્વિક સ્તરે આ પ્રતિષ્ઠિત ઓળખ અપાવવા માટે લાંબી પ્રક્રિયા અને સંયુક્ત પ્રયાસો કરવામાં આવ્યા હતા. આ સમગ્ર સફરમાં ભારત સરકાર અને ગુજરાત સરકારના વિવિધ વિભાગો તરફથી સતત સચોટ માર્ગદર્શન અને સહકાર મળતો રહ્યો હતો. આ ઉપરાંત, બાગાયત અને ખેડૂત કલ્યાણ વિભાગ, સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી તેમજ ઈડીઆઈઆઈ (EDII) ગુજરાત દ્વારા આ પ્રક્રિયામાં ખૂબ જ મહત્ત્વની ભૂમિકા ભજવવામાં આવી હતી. આ તમામ સંસ્થાઓની સાથે, ઊંઝા એપીએમસી (APMC)ના સત્તાધીશો અને કર્મચારીઓએ આ સિદ્ધિ મેળવવા માટે રાત-દિવસ અથાગ મહેનત કરી હતી, જેથી આ સફળતા બદલ તમામનો વિશેષ આભાર માનવામાં આવ્યો હતો.

# જૈશ કેસમાં વધુ 5 શખ્સોની સિદ્ધપુરથી અટકાયત કરાઈ

**સિદ્ધપુર**

ગુજરાત અને મધ્ય પ્રદેશ ATS દ્વારા પ્રતિબંધિત આતંકી સંગઠન જૈશ-એ-મોહમ્મદ સાથે સંકળાયેલા 8 શંકાસ્પદ આતંકીઓની ધરપકડ કરવામાં આવી હતી. આ દરમિયાન ગુજરાત એટીએસ ટીમ દ્વારા સિદ્ધપુરમાં પાંચ શખસોને પૂછપરછ માટે ડિટેઈન કરીને અમદાવાદ લાવવામાં આવ્યા છે. આ અંગે ગુજરાત એટીએસના ડીવાય. એસપીએ જણાવ્યું કે, 'એટીએસની ટીમને મળેલી ચોક્કસ માહિતીના આધારે ગઈકાલે સાંજે તાત્કાલિક કાર્યવાહી કરીને સિદ્ધપુરના 5 લોકો ડિટેઈન કર્યા હતા. તેની વધુ પૂછપરછ માટે અમદાવાદ લાવવામાં આવ્યા છે. આ શખસો કયા આતંકી ગ્રૂપ સાથે સંકળાયેલા છે અથવા તેઓ કઈ ગુનાઈત અને દેશવિરોધી પ્રવૃત્તિઓને અંજામ આપવાની ફિરાકમાં હતા તે અંગે હાલ પૂછપરછ ચાલી રહી છે.' ઉલ્લેખનીય છે કે, જૈશ-એ-મોહમ્મદના 8 શંકાસ્પદ આતંકીઓ ઝડપાયા બાદ સિદ્ધપુરમાંથી વધુ 5 જેટલા સંદિગ્ધ ઈસમાને પકડી પૂછપરછ કરવામાં આવી રહી છે.

# અંબાજીમાં પણ દાન ચોરી કેસ : બંડલ છુપાવીને ચોરી કરતો આરોપી ઝડપાયો

## રાત્રિ રોકાણ પર પ્રતિબંધ સહિત અનેક નિયમો અમલમાં

**અંબાજી**

અંબાજીમાં દાનચોરીની ઘટનાને પગલે શ્રદ્ધાળુઓ રોષે ભરાયાં છે. દાનચોરીની ઘટનામાં સંડોવાયેલાં આરોપીઓને કડક સજા કરવા માંગ ઉઠી છે.

યાત્રાધામ અંબાજી મંદિરમાં એપ્રિલ મહિનામાં દાન ચોરીનો કિસ્સો સામે આવ્યો હતો. આ કેસમાં સીસીટીવી ફૂટેજમાં મુખ્ય આરોપી ચિરાગ ઠાકોર 21 એપ્રિલના રોજ નોટોના બંડલ છુપાવીને ચોરી કરતો જોવા મળ્યો હતો. 7 મેના રોજ ચિરાગ ઠાકોર રૂ. 1.04 લાખનું નોટોનું બંડલ ખિસ્સામાં છુપાવી બાથરૂમ જવાના બહાને બહાર નીકળ્યો હતો. આ મામલે બનાસકાંઠાના અધિક કલેક્ટરની ફરિયાદના આધારે અંબાજી પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધ્યો હતો. ત્રણ આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી, પરંતુ હાલ આરોપીઓ કોર્ટમાંથી જામીન મેળવી મુક્ત થયા છે.



અંબાજી મંદિરમાં દાન ચોરીના વિવાદ બાદ સુરક્ષા વ્યવસ્થા સામે ગંભીર સવાલો ઉભા થયા હતા અને આરાસુરી અંબાજી દેવસ્થાન ટ્રસ્ટ અને બનાસકાંઠા જિલ્લા તંત્ર દ્વારા નવી વ્યવસ્થા અમલમાં મૂકી હતી. હવે દાન ગણતરીના પ્રક્રિયામાં વર્ગ 4 અને તમામ આઉટસોર્સિંગ કર્મચારીઓને સંપૂર્ણપણે દૂર કરાયા છે. ભંડાર કક્ષમાં લગભગ 20 હાઈટેક સીસીટીવી કેમેરા લગાવવામાં આવ્યા છે. દાન ચોરી બાદ તંત્રને જ્ઞાન આવતા દાન ગણતરીના પ્રક્રિયાનું મંદિર પરિસરની એલઈડી સ્ક્રીન પર લાઈવ પ્રસારણ કરાઈ છે. આ ઉપરાંત મંદિરના વહીવટદાર અને મામલતદાર દ્વારા દર અઠવાડિયે રૂબરૂ નિરીક્ષણ, કર્મચારીઓ માટે ફરજિયાત હાજરી રજિસ્ટર, મંજૂરી વગર રાત્રિ રોકાણ પર પ્રતિબંધ સહિત અનેક કડક નિયમો અમલમાં મૂકાયા છે.

Imperial PEST CONTROL
Serving Since 2006.
Residential • Commercial • Industrial
24 Hour Service • 7 Days a Week
All Pest Control:
Mouse & Rats, Cockroaches, Bedbugs, Silver Fish, Spiders & Fleas, Carpenter Ants. Total Interior & Exterior Pest Control
Removal:
Bees & Wasps, Pigeon, Squirrels, Raccoon, Skunk, Nest & Hive, Hornests, Yellow Jackets
Free Estimates & Written Guarantee
First Time Customer gets 10% Off on your first home service
*Mention this offer while booking
Special Service For Bedbug Control
www.imperialpestcontrol.ca
info@imperialpestcontrol.ca
(We speak English, हिन्दी, ગુજરાતી)
Call: Ramesh Kanani 416-837-1820

First Flight
FFCL Couriers Inc.
દુનીયાના કોઈપણ દેશમાં ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ મોકલવા માટે પણ સેવા ઉપલબ્ધ
તમારા ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ ઈન્ડિયા મોકલવા માટે સૌથી વ્યાજબી ભાવ અને સર્વશ્રેષ્ઠ સ્થળ
1 LB $20 વધુ દર LB ના $6
11 LB $55 વધુ દર LB ના $6
23 KG $185, વધુ દર KG ના $10
30 KG $230, વધુ દર KG ના $10
ખાવા-પીવાની વસ્તુ USA મોકલવા માટે FDA ની એપ્રુવલ અમે કરી આપીશું (Extra Charge)
જીટીએની સૌથી મોટી ઈન્ડિયન કુરિયર કંપની હવે તમારી સેવા માટે ત્રણ શાખાઓ
Brampton (West) 519, Ray lawson boulevard, Unit-3, Brampton ON L6Y 0N2 Chandni Chowk Plaza, ATN Wireless Board Door Open Last Unit Ours Phone 647-657-9631 ------: MON-FRI : ------ 11.00 AM to 7.00 PM : SAT-SUN : 1.00 PM to 6.00 PM
Scarborough 880 Markham Road, Unit-8 Main Intersection Markham Road & Painted Post, Near Saileela Khaman-Dhokla House Complex, Phone 647-657-9631 905-673-9631 ------: MON-THU : ------ 2.00 PM to 7.00 PM FRIDAY WEEKLY OFF : SAT-SUN : 11.00 AM to 6.00 PM
we are back to Great Punjab 2980 DREW ROAD, UNIT 135 NEXT TO SWEET MASTER --------: MON - FRI :-------- 10 AM TO 7 PM --------: SAT-SUN :-------- 11AM TO 6PM
Bovaird
2260 BOVAIRD DR., EAST UNIT 121 " RAJDHANI RESTAURANT PLAZA, NEXT TO DENTAL CLINIC" BRAMPTON, ON L6R3J5
CONTACT : 647-657-9631 / 905-673-9631
MON - FRI - 12 PM TO 7 PM, SAT - SUN - 11 AM TO 6 PM
MONDAY WEEKLY OFF
૬૪૭-૭૬૧-૧૩૧૭ www.firstflightcanada.com

સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS
Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.
Editor : Manoj Gandhi
Director & Publisher : Rameshbhai Vyas
Director Marketing : Pareshkumar Champakbhai Peshwa
Director : Nilesh Tailor
Montreal Bureau : Vijay Patel (514-826-7442)
Designed By Sabir Daroga, Mevada Piyush, Firoz Shaikh
GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)
Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# અમદાવાદ પ્લેન ક્રેશના પાયલટની વાતચીત જાહેર નહીં કરીએ : AAIBનું સુપ્રીમ કોર્ટમાં સોગંદનામું

## ઘટનાનો ડ્રાફ્ટ ફાઇનલ રિપોર્ટ ઑક્ટોબર 2026 સુધીમાં તૈયાર થવાની સંભાવના

**અમદાવાદ**

અમદાવાદમાં 12મી જૂન 2025ના રોજ સર્જાયેલી એર ઈન્ડિયા વિમાન દુર્ઘટનાની તપાસને લઈને મોટા અહેવાલ સામે આવ્યા છે. એરક્રાફ્ટ એક્સિડેન્ટ ઈન્વેસ્ટિગેશન બ્યુરો)એ સુપ્રીમ કોર્ટમાં સોગંદનામું રજૂ કરીને સ્પષ્ટ કર્યું છે કે અકસ્માતની તપાસ સાથે સંબંધિત રેકોર્ડ અને ખાસ કરીને કોકપિટ વોઈસ રેકોર્ડિંગ જાહેર કરી શકાય નહીં, કારણ કે પ્રવર્તમાન કાયદો આની મંજૂરી આપતો નથી. AAIB દ્વારા દાખલ કરાયેલા સોગંદનામા અનુસાર, તપાસ દરમિયાન એકત્રિત કરવામાં આવેલી સંવેદનશીલ વિગતો કોઈપણ ત્રાહિત પક્ષ, બહારની સમિતિ કે સામાન્ય જનતા સાથે શેર કરી શકાશે નહીં. વિમાન દુર્ઘટનાના તપાસ નિયમો, 2025ના નિયમ 17(5) હેઠળ, કોકપીટ વૉઈસ રેકોર્ડિંગ્સ અને ફ્લાઈટમાં રેકોર્ડિંગ્સ જાહેર કરવા પર કાનૂની પ્રતિબંધ છે. બ્યુરો અનુસાર, જો સાક્ષીઓ અથવા એરક્રાફ્ટ ઓપરેશનમાં સામેલ વ્યક્તિઓને ડર હોય કે તેમના નિવેદનો પછીથી જાહેર કરવામાં આવશે, તો તે ખુલ્લેઆમ માહિતી જાહેર કરશે નહીં.

આ તપાસ માત્ર ભારતીય નિયમો જ નહીં પરંતુ આંતરરાષ્ટ્રીય નાગરિક ઉડ્ડયન સંગઠન(ICAO)ના અનુસૂચિ 13 અને શિકાગો કન્વેન્શન હેઠળ ચાલી રહી છે. આ તપાસનો હેતુ કોઈને ગુનેગાર સાબિત કરવાનો નથી.

# ગુજરાતના 206 ડેમમાં 41% જળસ્તર સરદાર સરોવર 65% પહોંચતાં રાહત

**ગાંધીનગર**

ગુજરાતમાં ચોમાસાની સીઝન વચ્ચે જળાશયોના પાણીના સ્તરને લઈને ચિંતાજનક આંકડા સામે આવ્યા છે. રાજ્યના તમામ 206 જળાશયોમાં હાલની સ્થિતિએ સરેરાશ માત્ર 41.14 ટકા જ જળસંગ્રહ ઉપલબ્ધ છે. ગયા વર્ષની સરખામણીએ આ આંકડો ઘણો ઓછો છે, કારણ કે ગત વર્ષે 15 જુલાઈ સુધીમાં રાજ્યના ડેમોમાં સરેરાશ 59 ટકા જેટલું જળસ્તર નોંધાઈ ચૂક્યું હતું. જોકે, આ નબળા આંકડા વચ્ચે રાહતના સમાચાર એ છે કે ગુજરાતની જીવાદોરી ગણાતા નર્મદા યોજનાના સરદાર સરોવર ડેમમાં હાલ 65.22 ટકા જળસ્તર છે, જે આગામી સમય માટે મોટી આશા જગાવે છે.

આ વર્ષે કચ્છમાં સૌથી ઓછો વરસાદ પડવાને કારણે ત્યાં પાણીની સ્થિતિ વિકટ બની છે. કચ્છના જળાશયોમાં અત્યારે સૌથી ઓછું એટલે કે માત્ર 24.38 ટકા જ પાણી બચ્યું છે. રાજ્યના જળસંપત્તિ વિભાગના અહેવાલ મુજબ, ગુજરાતના માત્ર 5 જળાશયો જ હાલમાં સંપૂર્ણ 100 ટકા ભરાયેલા છે. પાણીની સપાટી વધવાને કારણે હાલમાં રાજ્યના 12 જળાશયોને 'હાઈ એલર્ટ' પર રાખવામાં આવ્યા છે,

# ખાંભામાં પ્રેમસંબંધની અદાવતમાં નાની ધારી રોડ પર યુવકની તલવારથી હત્યા

**અમરેલી**

નાની ધારી ગામનો રહેવાસી જયરાજ ઉર્ફે લાલુ ઘાખડા નામનો યુવાન જ્યારે નાની ધારી અને ઈંગરોળા ગામ વચ્ચેથી પસાર થઈ રહ્યો હતો, ત્યારે ત્યાં અગાઉથી જ ઘાત લગાવીને બેઠેલા મયુર વરૂ નામના શખસે તેને રસ્તામાં આંતર્યો હતો. આરોપીએ જૂની અદાવત રાખીને જયરાજ પર તલવાર વડે આડેધડ જીવલેણ ઘા ઝીંકી દીધા હતા. હુમલો એટલો ગંભીર હતો કે જયરાજનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું.

પોલીસની પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે આ હત્યા પાછળ પ્રેમસંબંધ અને જૂની અદાવત જવાબદાર છે. મૃતક જયરાજ ઉર્ફે લાલુએ આરોપી મયુર વરૂની મંગેતરને ભગાડી હતી. આ બાબતનો ખાર રાખીને આરોપી મયુરે બદલો લેવાના ઈરાદે જયરાજ પર જીવલેણ હુમલો કરી તેનું ઢીમ ઢાળી દીધું હતું.

ઘટનાની જાણ થતાં જ ખાંભા પોલીસનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયો હતો. પોલીસે મૃતકના શબને કબજે લઈ પોસ્ટમોર્ટમ અર્થે ખાંભા સિવિલ હોસ્પિટલ ખસેડ્યો છે. આ મામલે પોલીસે ગુનો નોંધી ફરાર આરોપીને ઝડપી પાડવા માટે આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ગિરનારમાં સિંહના હુમલાથી બાળકના મોત બાદ સરકાર એક્શનમાં : સુરક્ષા માટે લેવાયા નિર્ણય

## વન્યજીવોની હિલચાલ પર નજર રાખવા માટે 'થર્મલ ડ્રોન' વડે સર્વેલન્સ શરૂ કરાશે

**જૂનાગઢ**

જૂનાગઢના ગિરનાર વન્યજીવ અભયારણ્ય વિસ્તારમાં ગિરનારની નવી સીડી પર સિંહના હુમલામાં 11 વર્ષના માસૂમ બાળકના મોતના મામલાને રાજ્ય સરકાર એક્શનમાં આવી છે. ભવિષ્યમાં આવી કોઈ દુઃખદ ઘટના ન બને તે માટે વન અને પર્યાવરણ વિભાગ દ્વારા આજે સોમવારે ગાંધીનગર ખાતે એક મહત્ત્વપૂર્ણ ઉચ્ચ સ્તરીય બેઠક યોજાઈ હતી. જેમાં યાત્રાળુઓની સુરક્ષા અને વન્યજીવોના સંરક્ષણ માટે કેટલાય મોટા અને કડક નિર્ણયો લેવામાં આવ્યા છે. સીડી માર્ગ 'સાયલન્સ ઝોન બનાવવો, કાયમી ચેકપોસ્ટ અને મોનિટરિંગ કરવું, 25 કાયમી ટ્રેકર્સ તહેનાત રાખવા, હાઈટેક 'થર્મલ ડ્રોન' વડે સર્વેલન્સ, નવી સાર્વત્રિક SOPનો અમલ કરાવવો જેવામાં મુદ્દાઓ પર ચર્ચા કરી નિર્ણયો લેવાયા હતા.

વન અને પર્યાવરણ મંત્રી અર્જુન મોઢવાડિયા અને રાજ્ય મંત્રી પ્રવિણ માળીની ઉપસ્થિતિમાં વન વિભાગના ઉચ્ચ અધિકારીઓ સાથે ગહન ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. બેઠક બાદ વન મંત્રીએ મીડિયાને સરકાર દ્વારા લેવાનારા કડક પગલાંઓની વિગતો આપી હતી. વન મંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે, ગિરનાર પર્વત પર આવતા સ્થાનિક લોકો અને યાત્રાળુઓ વન્યજીવ વિસ્તારમાં કેવી રીતે વર્તે, કઈ બાબતોનું ધ્યાન રાખે તે માટે વ્યાપક જનજાગૃતિ અભિયાન ચલાવવામાં આવશે. માર્ગો પર ચોક્કસ સૂચનાઓ અને માર્ગદર્શિકાના બોર્ડ પણ મૂકવામાં આવશે.

# ચન્દ્રાગા ગામના 3 પૌરાણિક મંદિરોમાંથી 3 લાખના સોના-પંચધાતુના છત્તર, ઘંટની ચોરી

## ખોડિયાર અને વાકોલ માતાજીના મંદિરમાંથી લાખોની મત્તા ગાયબ થતાં ફરિયાદ દાખલ

**જામનગર**

ચન્દ્રાગા ગામમાં આવેલા ખવાસ પરિવારના કુળદેવી શ્રી ચામુંડા માતાજીના પૌરાણિક મંદિરમાં પરિવાર દ્વારા વર્ષોથી ચડાવવામાં આવેલા આશરે બે કિલો પંચધાતુના છત્તરો તેમજ બે ગ્રામ વજનનું સોનાનું છત્તર મળી અંદાજે રૂ. 1 લાખનો મુદ્દામાલ ગાયબ હોવાનું જાણવા મળ્યું હતું. શરૂઆતમાં પરિવારજનોએ ગામમાં પૂછપરછ કરી તેમજ જાતે તપાસ હાથ ધરી હતી, પરંતુ કોઈ ભાળ મળી નહોતી. ત્યારબાદ મંદિરની બાજુમાં રહેતા વ્યક્તિએ ફોન કરીને મંદિરમાંથી છત્તરો ગાયબ હોવાની જાણ કરતાં પરિવારજનો સ્થળ પર પહોંચ્યા હતા. આ દરમિયાન વધુ તપાસ કરતાં ચન્દ્રાગા ગામની નદી પાસે આવેલા ખોડિયાર માતાજીના પૌરાણિક મંદિરમાંથી આશરે 14.5 કિલો વજનનો પિત્તળનો ઘંટ, જેની કિંમત અંદાજે રૂ. 10 હજાર છે, તે પણ ચોરી થયેલો હોવાનું બહાર આવ્યું હતું. ઉપરાંત નજીકમાં આવેલા વાકોલ માતાજીના પૌરાણિક મઢમાંથી આશરે બે તોલા વજનનું સોનાનું ચળું (આભૂષણ), જેની કિંમત અંદાજે રૂ. ૨ લાખ છે, તે પણ તસ્કરો ઉઠાવી ગયા હોવાનું જાણવા મળ્યું હતું. પોલીસ ફરિયાદ મુજબ તા. 13 જૂન, 2026 થી તા. 11 જુલાઈ, 2026 દરમિયાન કોઈપણ સમયે અજાણ્યા તસ્કરોએ ચન્દ્રાગા ગામના ત્રણ અલગ-અલગ પૌરાણિક મંદિરોને નિશાન બનાવી સોના, પંચધાતુના છત્તરો તથા પિત્તળના ઘંટ સહિત કુલ અંદાજે રૂ. 3.10 લાખનો મુદ્દામાલ ચોરી કરી ફરાર થઈ ગયા હતા.

# મોડીરાત્રે ઉઘરાણીની તકરારમાં પિતાની નજર સામે જ પુત્રની ઘાતકી હત્યા કરાઈ

**વડોદરા**

રાજસ્થાનના ગાંગી ગામના મૂળ વતની વિક્રમભાઈ ગોરધનભાઈ વણઝારા હાલમાં કિશનવાડી વુડાના મકાનની સામે ભાનુપ્રતાપ સોસાયટીમાં રહે છે અને સ્ક્રેપનો વેપાર કરે છે. બાપોદ પોલીસ સ્ટેશનમાં તેમણે ફરિયાદ નોંધાવી જણાવ્યું છે કે, ન્યુ વી.આઈ.પી.રોડ મુખીનગર પાસે લક્ષ્મીનગરમાં રહેતા મેઘરાજ ઉર્ફે રમેશ વણઝારા સાથે વેપારમાં ૧ લાખની ખોટ ગઈ હતી. જે રૂપિયા માટે ગઈકાલે રાત્રે અમારે મિટિંગ થતા મેઘરાજે રૂપિયા આપવાની ના પાડી દેતા અમારી વચ્ચે ઝઘડો થયો હતો. આરોપીઓએ મારા પર હુમલો કર્યો હતો. વિષ્ણુ, વિક્રમ, કાળુ તથા મેઘરાજે મને પકડીને મારવા લાગ્યા હતા. તે દરમિયાન મારો દીકરો સુમિત, શૈલેષ તથા બ્રિજેશ મને છોડાવવા વચ્ચે પડયા હતા. આરોપીઓ પૈકી ધર્મેશ, વિનોદ, અજય અને પંકજ મારા દીકરાઓને ઢસડીને પીઠના ભાગે ચાકૂના ઘા માર્યા હતા. મારા નાના દીકરા સુમિતને વિનોદ, અજય, પંકજ તથા ધર્મેન્દ્રએ માર માર્યો હતો. અજયે ચાકૂ વડે સુમિતને મોંઢા પર, ધર્મેશે પીઠ પર ચાકૂના ઘા મારી દેતા તે ઢળી પડયો હતો. ત્યારબાદ હુમલાખોરો ભાગી ગયા હતા. મારી દીકરા સુમિતને સારવાર માટે હોસ્પિટલ લઈ ગયા જોકે બચી શક્યો નહોતો.

# નજીવા મુદ્દે ઘાતકી હત્યાનો કેસ : બનાવમાં સંડોવાયેલા આરોપીને આજીવન કેદની સજા

**જામનગર**

તા. 26 ઓગસ્ટ 2018ના રોજ રક્ષાબંધનનો તહેવાર હતો અને ગણેશનગર શાક માર્કેટ પાસે આરોપીઓ ગાળો બોલતા હતા. આ સમયે 19 વર્ષના ઋત્વિક ઠાકોર નામના યુવકે આરોપીઓને ગાળો બોલવાની ના કહેતા તેની અદાવત રાખી ધીરજ કનોજીયા સહિતના છ આરોપીઓએ છરી તેમજ પાઈપ સહિતના હથિયારથી હુમલો કર્યો હતો. આ હુમલામાં ઋત્વિકનું મોત નિપજતા પોલીસે હત્યાનો ગુનો દાખલ કર્યો હતો. ન્યાયિક પ્રક્રિયા દરમિયાન આ કેસમાં 25 મૌખિક સાક્ષીઓ અને 40 દસ્તાવેજી પુરાવાઓ તપાસવામાં આવ્યા હતા. આ અંગેનો કેસ અદાલતમાં ચાલી જતા ન્યાયાધીશે ધીરજ કનોજીયાને આજીવન કેદની સજાનો આદેશ કર્યો હતો.

# જીરા રેલવે સ્ટેશનના કામમાં ભ્રષ્ટાચાર લાત મારતા તૂટી જતાં સાંસદ પણ ચોંક્યા

**અમરેલી**

સાવરકુંડલા તાલુકાના જીરા રેલ્વે સ્ટેશન પર લાખો રૂપિયાના ખર્ચે થયેલી પ્લેટફોર્મ રિનોવેશનની કામગીરીમાં મોટો ભ્રષ્ટાચાર અને લોટ પાણી ને લાકડા જેવી નબળી ગુણવત્તા સામે આવી છે. થોડા મહિના પહેલાં જ કરાયેલું આ સમારકામ એટલું નબળું છે કે માત્ર એક લાત મારતાની સાથે જ પ્લાસ્ટર ઉખડી રહ્યું છે. આ મામલે સાવરકુંડલાના પૂર્વ મહામંત્રી રામદેવસિંહ ગોહિલની લેખિત રજૂઆત બાદ અમરેલીના સાંસદ ભરત સુતરીયાએ જાતે સ્થળ પર પહોંચી તપાસ કરી હતી, જ્યાં કામગીરીની પોલ ખુલી જતાં તેઓ પણ ચોંકી ઉઠ્યા હતા.

પૂર્વ મહામંત્રીની ફરિયાદના ચાર દિવસ બાદ સાંસદ ભરત સુતરીયા જીરા રેલ્વે સ્ટેશન પર પ્લેટફોર્મનું નિરીક્ષણ કરવા પહોંચ્યા હતા. તપાસ દરમિયાન પ્લેટફોર્મની અત્યંત નબળી કામગીરી નજરે પડતા સાંસદ પણ ચોંકી ગયા હતા. તેમણે સંબંધિત અધિકારીઓને કડક કાર્યવાહી કરવા તેમજ જવાબદાર એજન્સીને તાત્કાલિક બ્લેકલિસ્ટ કરવાની સૂચના આપી છે. આ સાથે જ જે નબળું કામ થયું છે તેને તોડી પાડીને નવેસરથી મજબૂત કામગીરી કરાવવાનો દાવો પણ સાંસદે કર્યો છે.

# પતિ પોતાની પત્ની અને પુત્રીને ભારતમાં શોધતો રહ્યો, પોલીસે બન્નેને બાંગ્લાદેશ મોકલી દીધા

**અમદાવાદ**

ગુજરાત હાઈકોર્ટમાં દાખલ કરાયેલી એક હેબિયસ કોર્પસ(શરીરને હાજર કરો) અરજીની સુનાવણી દરમિયાન મોટો ખુલાસો થયો છે. અરજદારની પત્ની અને પુત્રીને કોઈ ડિટેન્શન સેન્ટરમાં ગેરકાયદે રાખવામાં આવ્યા નથી, પરંતુ કાયદાકીય પ્રક્રિયા પૂર્ણ કરીને તેમને બાંગ્લાદેશ પરત મોકલી દેવાયા છે. આ સત્ય સામે આવતા અરજદારે પોતાની અરજી પરત ખેંચી લીધી હતી. જસ્ટિસ સંગીતા કે. વિશેન અને જસ્ટિસ ઉત્કર્ષ ઠાકોરભાઈ દેસાઈની ડિવિઝન બેન્ચ સમક્ષ હાફિઝુર રહામાન મલિક દ્વારા આ અરજી દાખલ કરવામાં આવી હતી. અરજદારના વકીલે દલીલ કરી હતી કે પોલીસ અધિકારીઓ અરજદારના પરિવારને લઈ ગયા હતા.

સ્વદેશ
FRIDAY, 17 JULY 2026





## ચેક બાઉન્સ કેસમાં રાજપાલને ત્રણ મહિનાની કેદ

નવી દિલ્હી : ૨૦૧૨માં 'અતા પતા લાપતા' ફિલ્મ બનાવી નવ કરોડના દેવાના ડુંગર નીચે દટાયેલાં એક્ટર રાજપાલ યાદવને દિલ્હીની હાઇકોટે ત્રણ મહિનાની કેદની સજા ફટકારી હતી અને દરેક ફરિયાદીને ૧.૦૫ કરોડ રૂપિયાની રકમ ચૂકવવાનો આદેશ આપ્યો હતો. જસ્ટિસ સ્વર્ણ કાન્તા શર્માએ તેમના આદેશમાં જણાવ્યું હતું કે દરેક ફરિયાદીને ૧,૦૪,૭૫,૦૦૦ ચૂકવવા ઉપરાંત સરકારને પણ ૨૫,૦૦૦ રૂપિયા ચૂકવવાના રહેશે. અદાલતે રાજપાલ યાદવની પત્ની રાધા યાદવને પણ દરેક કેસમાં ફરિયાદીને ૫,૫૧,૩૮૦ રૂપિયા ચૂકવવા જણાવ્યું હતું.

## જાપાનમાં ધુરંધર સુપરફ્લોપ, પહેલા દિવસે ફક્ત 900 દર્શકો



મુંબઇઃ દુનિયાભરમાં બોક્સ ઓફિસ પર સફળતાના વાવટાં લહેરાવનારી આદિત્ય ધરની ફિલ્મ 'ધુરંધર' જાપાનમાં સુપરફલોપ નીવડી છે. જોરશોરથી પ્રમોશન કરી જાપાનમાં ૮૦ સ્ક્રિન્સ પર આ ફિલ્મને મોટાપાયે રજૂ કરવામાં આવી હતી. આ ફિલ્મને પહેલાં દિવસે ૯૦૦ દર્શકો પણ માંડ મળ્યા હતા. જાપાનમાં સૌથી નબળું ઓપનિંગ કરનારી ભારતીય ફિલ્મોમાં હવે તેનો સમાવેશ થાય છે. ફિલ્મ જાપાનમાં પહેલાં દિવસે ટોપ ભારતીય પચ્ચીસ ફિલ્મોમાં પણ તેનું સ્થાન મેળવી શકી નહોતી. ફિલ્મને જાપાનીમાં ડબ કરીને નહીં પણ જાપાની સબટાઇટલ્સ સાથે રજૂ કરવામાં આવી હતી. ભારતમાં રજૂ થયેલી 'ધુરંધર' અને તેની સિક્વલ 'ધુરંધરઃ ધ રિવેન્જ' એમ બંને ફિલ્મોએ દુનિયાભરમાં બોક્સ ઓફિસ પર 3000 કરોડ રૂપિયા કરતાં વધારે કમાણી કરી હતી.

## બિન મુસ્લિમ સાથે લગ્ન બદલ આમિર સામે મૌલવીનો ફતવો



મુંબઇઃ ગૌરી સ્પ્રાટ સાથે લગ્ન કર્યાના થોડા દિવસમાં જ આમિરખાન સામે મૌલવીઓએ ફતવો બહાર પાડયો છે. મુસ્લિમ પર્સનલ દારૂલ ઇફતાના શાહી મુખ્ય મુફ્તિ મૌલાના ચૌધરી ઇબ્રાહિમ હુસૈને જણાવ્યું હતું કે શરિયા અનુસાર આમિરના લગ્ન માન્ય ન ગણાય કેમ કે ગૌરી મુસ્લિમ નથી. જ્યાં સુધી બિન મુસ્લિમ મહિલા ઇસ્લામ અંગીકાર ન કરે ત્યાં સુધી મુસ્લિમ મર્દ તેને પરણી ન શકે. દરમ્યાન મહારાષ્ટ્રના રાજકારણી નિતેશ રાણેએ આમિરખાનને લવ જિહાદનો બ્રાન્ડ એમ્બેસેડર ગણાવ્યો હતો. જ્યારે અયોધ્યાના જગદગુરૂ પરમહંસ આચાર્યએ આમિરખાનને ખતમ કરી નાંખનારના પરિવારને પાંચ કરોડની બક્ષિસ આપવાની જાહેરાત કરી હતી. બીજી તરફ આમિરખાને એક મુલાકાતમાં ચોખવટ કરી હતી કે ગૌરી, કિરણ કે રીનામાંથી કોઇએ પોતાનો ધર્મ બદલ્યો નથી. કેમ કે અમારા સિવિલ મેરેજ હતા. મારી પત્ની ગૌરી સ્પ્રેટ હિન્દુ નહીં પણ ક્રિશ્ચિયન છે. એ પણ એવી ક્રિશ્ચિયન જે ખ્રિસ્તી ધર્મનું પાલન કરતી નથી.

# હોલિવુડમાં કામ મેળવવા ટેલેન્ટ કરતાં ઓડિશન, સંપર્કો મહત્વના : દિશા



મુંબઈ: દિશા પટ્ટાણી ઓસ્કર વિજેતા ફિલ્મસર્જક કેવિન સ્પેસી દિગ્દર્શિત સુપરનેચરલ થ્રિલર 'હૂલીગાડ્‌ર્સ સાગાઃ ધી પોર્ટલ ઓફ ફોર્સ' સાથે હોલીવૂડમાં પોતાનો પથ કંડારતા ભારતીય કલાકારોની યાદીમાં સામેલ થઈ ગઈ છે. દિશો સ્વીકાર્યું હતું કે હોલિવુડમાં એન્ટ્રી ફક્ત ટેલેન્ટના આધારે જ મળતી નથી. તેના માટે ઓડિશ સહિતની ટેકનિકલ પ્રક્રિયામાં ભાગ લેવો પડે છે. દિશાએ હોલીવૂડમાં કારકિર્દી ઘડવાની વાસ્તવિકતા વિશે વાત કરતા જણાવ્યું કે અહીં સફળતા ઓડિશનો, ટેલન્ટ એજન્સીઓ, વિઝા અને વિદેશમાં ભૌતિક હાજરી પર આધાર રાખે છે. ઓનલાઈન ઓડિશનો ભારતમાંથી શક્ય હોય છે, પણ દિશાના મતે કલાકારોએ વિદેશમાં વધુ સમય આપવો જોઈએ અને હોલીવૂડની ટેકનીકલ પ્રક્રિયા સમજીને આંતરરાષ્ટ્રીય તકો મેળવવા ધૈર્યપૂર્વક કાર્ય કરવું જોઈએ.

પ્રોજેક્ટને મહત્વનું સીમાચિહ્ન ગણાવતા દિશાએ જણાવ્યું કે તેમાં કામ કરવાના અનુભવે તેની આંતરરાષ્ટ્રીય મંચ પર પોતાને સ્થાપિત કરવાની મહત્વાકાંક્ષા મજબૂત કરી છે. ઉપરાંત તેને ફિલ્મસર્જનની નવી શૈલીનો પણ અનુભવ મળી રહ્યો છે.

કેવિન સ્પેસી સાથે કામ કરવાના અનુભવને શેર કરતા દિશાએ તેના સહયોગાત્મક અભિગમ અને કલાકારને અનુકૂળ દિગ્દર્શનની પ્રશંસા કરી હતી. દિશાએ જણાવ્યું કે તેઓ કલાકારોને જડપણે સૂચનાઓનું પાલન કરવાની બદલે પોતાની લાગણીઓ અને જીવનના અનુભવોમાંથી પરફોર્મ કરવાની પ્રેરણા આપતા રહે છે. દરરોજ સવારે તેઓ દ્રશ્યો વિશે વિગતવાર ચર્ચા કરતા હોવાથી કલાકારોને પ્રયોગો કરવાની તેમજ મૌલિક પરફોર્મન્સ આપવાની તક મળે છે.



# મારી બાયોપિક માટે દીપિકા આદર્શ પસંદગી : હેમા માલિની

મુંબઈ: ફિલ્મ ઉદ્યોગમાં 60 વર્ષ પુરાં કરનાર હેમામાલિનીએ આ પ્રસંગે યોજાયેલાં કાર્યક્રમ દરમ્યાન જણાવ્યું હતું કે જો મારી કોઈ બાયોપિક બને તો તેમાં મુખ્ય ભૂમિકા માટે દીપિકા પાદુકોણ આદર્શ પસંદગી બની રહે તેમ છે. કોઈપણ મારી ભૂમિકા ભજવી શકે. દીપિકા સુંદર અને પ્રતિભાશાળી યુવતી છે.

હેમામાલિની અને દીપિકા વચ્ચે સારાં સબંધો છે. ૨૦૧૭માં પોતાના જીવન ચરિત્ર 'હેમામાલિનીઃ બિયોન્ડ ધ ડ્રીમ ગર્લ'નું અનાવરણ કરવા માટે પણ હેમામાલિનીએ દીપિકાને પસંદ કરી હતી. બીજી રસપ્રદ બાબત એ છે કે દીપિકાની પહેલી ફિલ્મ 'ઓમ શાંતિ ઓમ'માં તેણે શાંતિપ્રિયાની ભૂમિકા ભજવી હતી. ફિલ્મમાં દિપિકાના આ પાત્રનો ઉલ્લેખ ડ્રીમ ગર્લ તરીકે કરવામાં આવ્યો હતો. હેમામાલિનીને તેમના ચાહકો ડ્રીમગર્લ તરીકે ઓળખતા આવ્યા છે. ૧૯૭૦ અને ૧૯૮૦ના દાયકામાં હેમામાલિનીની ડ્રીમગર્લ તરીકે ઓળખ બની હતી. ૧૯૬૮માં 'સપનો કા સોદાગર' ફિલ્મમાં રાજકપૂરની હિરોઈન તરીકે એન્ટ્રી કરનાર હેમામાલિની છેલ્લે ૨૦૨૦માં રોમેન્ટિક કોમેડી 'સિમલા મિર્ચ'માં જોવા મળી હતી.




# 41 વર્ષની ઉંમરે ફરી દુલ્હન બનશે જેનિફર વિંગેટ

ટેલિવિઝન અને OTTની જાણીતી અભિનેત્રી જેનિફર વિંગેટ પોતાની જિંદગીનું એક નવું પ્રકરણ શરૂ કરવા માટે સંપૂર્ણપણે તૈયાર છે. મીડિયા અહેવાલો અનુસાર, 'બેહદ' સિરિયલ ફેમ જેનિફર ખૂબ જ ટૂંક સમયમાં UKમાં તેના બોયફ્રેન્ડ વિલિયમ ઈશ્માએલ સાથે લગ્નના બંધનમાં બંધાવા જઈ રહી છે. આ લગ્ન ગુરુવારે એક ખાનગી અને ખૂબ જ નાના સમારોહમાં યોજાશે. એક અહેવાલ મુજબ, આ લગ્નને સંપૂર્ણપણે સિક્રેટ રાખવામાં આવ્યા છે અને આ ખાસ પ્રસંગે માત્ર પરિવારના સભ્યો અને કેટલાક ખૂબ જ નજીકના મિત્રો જ હાજર રહેશે.

જેનિફર અને વિલિયમના અફેરની ચર્ચાઓ લાંબા સમયથી મીડિયામાં ચાલી રહી હતી અને હવે બંને પોતાના સંબંધોને એક ડગલું આગળ લઈ જઈ રહ્યા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, આ એક વ્હાઈટ વેડિંગ હશે, જેના માટે જેનિફરે ખાસ તૈયારી કરી છે. તે પોતાના લગ્નના આ ખાસ દિવસે 'કાર્લિયો' બ્રાન્ડનો ખૂબ જ સુંદર વ્હાઈટ બ્રાઈડલ ગાઉન પહેરશે. બંને પોતાના આ ખાસ દિવસને લાઈમલાઈટથી દૂર રાખીને યાદગાર બનાવવા માંગે છે. જેનિફર વિંગેટની પર્સનલ લાઈફ હંમેશા મીડિયા અને ચાહકો વચ્ચે ચર્ચાનો વિષય રહી છે. આ અગાઉ તેણે વર્ષ 2012માં પોતાની સુપરહિટ સિરિયલ 'દિલ મિલ ગયે'ના કો-સ્ટાર કરણ સિંહ ગ્રોવર સાથે લગ્ન કર્યા હતા. બંનેએ લાંબા સમય સુધી એકબીજાને ડેટ કર્યા બાદ લગ્નનો નિર્ણય લીધો હતો. જોકે, તેમનો આ સંબંધ વધુ સમય ટકી શક્યો નહીં. લગ્નના માત્ર 2 જ વર્ષમાં બંને વચ્ચે અંતર આવી ગયું અને વર્ષ 2014માં તેઓ કાયમ માટે અલગ થઈ ગયા.



# ॥ સંસ્કૃતિ ॥




હવે, સ્વદેશ વેબસાઈટના બદલાતા ક્લેવર
નિહાળો નીત નવા રૂપરંગમાં !!
માત્ર ગરવી ગુજરાત કે મેરા ભારત મહાન જ નહિ પરંતુ સમગ્ર વિશ્વની અટારીએ સર્જાતી અનેકવિધ ઘટનાઓનો સાક્ષાત્કાર ક્ષણેક્ષણ માણો !!
રાજકારણ, સમાજ, ધર્મ, શિક્ષણ, રમતગમત, મનોરંજનનો મહાસાગર, હોલીવુડ-બોલીવુડ, પ્રવાસ-પર્યટન, પર્યાવરણ તથા આરોગ્ય વિષયક માહિતીના રોમાંચક ખજાનાનો આવિષ્કાર !!
www.swadesh.news
સ્વદેશમાં વિજ્ઞાપનો માટે ઈમેલ એડ્રેસ પર માહિતી મોકલો
info@swadesh.news

### માનવાધિકારના હિમાયતી જસવંત સિંહ ખાલરાના સંઘર્ષની સચોટ કહાની

# પંજાબમાં ગૂંજતું સતલુજ : પડદા પર પ્રતિબંધ, પીડા અકબંધ

**પ્રાંસગિક**
**ધવલ શુક્લ**




દિલજીત દોસાંઝ દ્વારા અભિનીત ફિલ્મ 'સતલુજ'ના પ્રદર્શિત થવા ઉપર ભારતમાં પ્રતિબંધ મુકાયો છે. તેમ છતાં, પંજાબમાં લોકો આ ફિલ્મ ગેરકાયદે ડાઉનલોડ કરીને અથવા વાયરલ લિંક્સ દ્વારા મેળવીને ગામડાંઓમાં જાહેરમાં જોઈ રહ્યા છે. આ ઘટના રાજકીય અને સામાજિક વિવાદનું મોટું કેન્દ્ર બની ગઈ છે. આ પહેલાં સેન્સર બોર્ડે ફિલ્મને પ્રમાણપત્ર આપવાનો ઈનકાર કર્યો હતો. તે પછી ઘણા લાંબા કાનૂની સંઘર્ષ બાદ આ ફિલ્મ OTT પ્લેટફોર્મ (ZEE 5) પર રિલીઝ થઈ હતી. પરંતુ સરકારના આદેશથી તેને ૪૮ કલાકની અંદર હટાવી દેવામાં આવી હતી. સરકારનું માનવું છે કે, આ ફિલ્મનો હેતુ રાષ્ટ્રીય સુરક્ષા અને અખંડિતતાને નુકસાન પહોંચાડી શકે છે.

આ ફિલ્મ માનવાધિકાર કાર્યકર્તા જસવંત સિંહ ખાલડાના જીવન પર આધારિત છે. તેમણે પંજાબમાં ૧૯૯૦ના દાયકા દરમિયાન હજારો લોકોના ગુમ થવાની અને તેમની ગુપ્ત રીતે અંતિમવિધિ કરવાની ઘટનાઓને ઉજાગર કરી હતી. હની ત્રેહાનની 'સતલુજ'ફિલ્મમાં ખાલરાનું પાત્ર દિલજિત દોસાંઝે ભજવ્યું છે. આ ફિલ્મ ત્રણ જુદાં નામ હેઠળ વર્ષો સુધી સર્ટિફિકેશનની મુશ્કેલીઓમાંથી પસાર થયા પછી અંતે OTT પર આવી હતી. ફિલ્મ સર્જકોએ તેને થિયેટરમાં રિલિઝ કરવાની આશા માંડી વાળી હતી અને તે પહેલાં સેન્ટ્રલ બોર્ડ ઑફ ફિલ્મ સર્ટિફિકેશને શરૂઆતમાં 127 કટ્સની માગણી કરી હતી. બોર્ડના મતે આ સિન સામાન્ય વિવાદ છંછેડે એવા ન હતા. પણ ફિલ્મને ભાંગી નાખે એવા કટ્સ હતા. આવા વિવાદોની સુનાવણી કરતું અપીલ ટ્રિબ્યુનલ સરકારે 2021માં બંધ કરી દીધું હોવાથી ફિલ્મના સર્જકો પાસે બૉમ્બે હાઈ કોર્ટમાં જવા સિવાય બીજો કોઈ રસ્તો ન હતો. એ જ રીતે ફિલ્મને સ્ટ્રીમિંગ પ્લૅટફૉર્મ પર રિલીઝ કરવા સિવાય પણ બીજો કોઈ વિકલ્પ રહ્યો ન હતો.

આખરે એક પણ કટ પાછો ઉમેર્યા વિના ફિલ્મને રિલીઝ કરાઈ. તે બે દિવસ ચાલી અને પછી ભારતીય સ્ક્રીન ઉપરથી ગાયબ થઈ ગઈ. પંજાબી ભાષામાં સતલજ નદીનો ઉચ્ચાર સતલુજ થાય છે. જસવંત સિંહ ખાલરા નામાન એક બેંક કર્મચારીની જિંદગીની વાત આ ફિલ્મમાં કરાઇ છે. આ માણસે પોતાની જિંદગીના છેલ્લા વર્ષો એવા કામમાં વિતાવ્યાં કે જે સાંભળીને પહેલાં તો સૌ કોઈને આશ્ચર્ય થાય. પરંતુ તેમણે વીતાવેલા આ સમયમાં એવી હકીકત ઉજાગર થઈ કે તેનાથી પંજાબ સહિત સમગ્ર દેશમાં ખળભળાટ મચી ગયો.

બેંકમાંથી નિવૃત્ત થયા પછી તેઓ સ્મશાનોના રજિસ્ટર વાંચતા, જેમાં મોટાભાગના મૃતકોના નામ સામે બિનવારસી, અજ્ઞાત કે નિકાલ કરાયો તેવી નોંધ હતી. આ એવા મૃતદેહો હતા, જેને પંજાબ પોલીસ કોઈ ઓળખ આપવા નહોતી માગતી. ખાલરાએ રજિસ્ટરની નોંધ અને ગુમ થયેલા લોકોની વિગતો સરખાવવા માટે ગુમ લોકોના પરિવારો અને પોલીસ સુધી પહોંચીને સત્ય જાણવા પ્રયાસ કર્યો હતો. જે બાદ તેમણે એક ફાઈલિંગ કેબિનેટને આરોપપત્રમાં ફેરવી નાખ્યું. આખરે જ્યારે CBIને તપાસ કરવાની ફરજ પડી, ત્યારે માત્ર તરનતારન જિલ્લામાં જ 2000થી વધુ ગેરકાયદે અગ્નિસંસ્કાર થયાનું બહાર આવ્યું હતુ. એક નિવૃત્ત કર્મચારીએ શોધી કાઢેલી આ હકીકત કેટલી વ્યાપક હતી કે તેની તપાસ CBI કરી રહી હતી.

આ ઘટના પછી 6 સપ્ટેમ્બર 1995ના રોજ અમૃતસરમાં તેમના ઘરની બહારથી સાદાં કપડાંમાં આવેલા માણસો તેમને ઉપાડી ગયા. ત્યાર પછી તે ક્યારેય જોવા ન મળ્યા. વર્ષો પછી સાક્ષીઓએ કોર્ટને જણાવ્યું કે, કસ્ટડીમાં તેમને યાતનાઓ અપાઈ, ત્યાર બાદ ગોળી મારી દઈ અને તેમનો મૃતદેહ નહેરમાં ફેંકી દેવાયો હતો.

2005માં સેશન્સ કોર્ટે છ પોલીસ કર્મીઓને જશવંતસિહના અપહરણ અને હત્યા માટે દોષિત ઠેરવ્યા હતા. 2007માં પંજાબ અને હરિયાણા હાઈ કોર્ટે આ કેસના આરોપીની સજા વધારીને આજીવન કેદ કરી. એકત્રીસ વર્ષ બાદ આ કેસમાં દોષિત ઠરેલા પોલીસ કર્મીઓમાંથી એક આજે ઓપન જેલમાંથી જામીન પર બહાર છે. સંજોગો એવા છે કે, આ આરોપીઓની મુક્તિ એ જ અઠવાડિયામાં થઈ, જ્યારે ખાલરાની વાત ફરી એક વખત લોકો સામે આવી છે.

વાસ્તવમાં તે સમયે પંજાબમાં આતંકવાદ મોટી સમસ્યા હતા. બજારોમાં અને બસોમાં બૉમ્બ ફૂટતા હતા. પોલીસ અધિકારીઓ, સામાન્ય હિન્દુઓ અને શીખો જે કોઈ એક પક્ષ પસંદ કરવા તૈયાર નહોતા, તેમને પણ મારી નાખવામાં આવતા. એ દાયકાએ જે ડર પેદા થયો એ વાજબી ન હતો.

પણ ખાલરાના રજિસ્ટરોમાં નોંધાયેલા માણસો બૉમ્બ મૂકનારા આતંકવાદી ન હોતા. તેઓ 'અજ્ઞાત', 'બિનવારસી'હતા, તેમના પર ક્યારેય આરોપ મુકાયો ન હતો કે, ક્યારેય કેસ ચાલ્યો ન હતો. વળી, કોઈ હિંસક કૃત્ય સાથે તેમનું નામ ક્યારેય જોડાયું પણ ન હતુ. ફક્ત આંકડા હતા, જેના થકી પરિવાર FIR નોંધાવે એ પહેલાં જ મૃતદેહ ગાયબ થઈ જતો હતો. રાજ્ય આતંકવાદ સામે લડે એ જરૂરી છે, છતાં પોતાના જ નાગરિકોને દુશ્મન ગણવાની બાબત મુખ્ય સમસ્યા હતા. વળી, તે સમયે શાસકો પણ જવાબદારીમાંથી છટકવા લાશોને વગે કરી નાંખવાનો રસ્તો અપનાવતા હતા.

હવે આ ઈતિહાસને દર્શાવતી ફિલ્મને IT ઍક્ટની કલમ 69A હેઠળ પ્લેટફોર્મ પરથી હટાવવામાં આવી છે. આ એ જ જોગવાઈ છે, જે વાસ્તવિક કટોકટીની પરિસ્થિતિઓ માટે બનાવવામાં આવી હતી, પરંતુ અહીં તેનો ઉપયોગ એવા કેસ પર આધારિત ફિલ્મ માટે થયો, જેનો કોર્ટમાં પહેલેથી જ ચુકાદો આવી ચૂક્યો હતો. જો કે, ભારતમાં ન હોય તેવી વ્યક્તિ આ ફિલ્મ જોઈ શકે છે. થોડા વખત પહેલાં હિંસા અને પીડિત સમુદાય પર બનેલી એક બીજી ફિલ્મ એટલી સરળતાથી પાસ થઈ ગઈ કે, સર્વોચ્ચ અદાલતે સાવ જુદાં જ કારણસર હસ્તક્ષેપ કરવો પડ્યો. કોર્ટે ફિલ્મમાં ડિસ્ક્લેમર ઉમેરવાનો આદેશ આપ્યો, જેથી દર્શકોને સ્પષ્ટતા થાય કે તેની વાર્તા હકીકતમાં બનેલી ઘટનાઓ પર આધારિત નથી. સતલુજને મામલે એ સમસ્યા હતી જ નહીં.

કારણ કે તેની વાર્તા સાચી હતી. મુશ્કેલી એ હતી કે વાર્તા એટલી સાચી હતી કે કોઈને પણ બેચેની થઈ જાય, આઘાત લાગે અને વિચારતાં કરી મૂકે. કોઈ ડિસક્લેમર આ સત્યને ઝાંખુ પાડી શકે એમ નહોતું. પરંતુ કમનસીબી એ છે કે હવે સત્ય બતાવી શકાતુ નથી કારણ કે અન્ય કોઈની લાગણી પણ ના દુભાવવી જોઈએ. સુરક્ષાની ચિંતા'કરનારા અધિકારીઓએ એવી શક્યતા વ્યક્ત કરી છે કે, આ ફિલ્મનો ઉપયોગ પંજાબમાં લોકોની લાગણીઓ ઉશ્કેરવા માટે થઈ શકે છે. વળી, ખાલરાના પરિવારને આ ફિલ્મ સામે કોઈ જ વાંધો નથી. કેટલાક લોકો આ પ્રતિબંધને અભિવ્યક્તિની સ્વતંત્રતા પરનો હુમલો માને છે. આ જ કારણસર પંજાબમાં લોકો વોટ્સએપ અને ટેલિગ્રામ પરથી ગેરકાયદે વીડિયો મેળવીને જાહેરમાં તેનું સ્ક્રીનિંગ કરી રહ્યા છે

શિરોમણી અકાલી દળ (SAD) જેવા પક્ષો જાહેરમાં આ ફિલ્મના સ્ક્રીનિંગનું આયોજન કરી રહ્યા છે. તેમનું કહેવું છે કે યુવાનોએ પંજાબના આ કાળા ઈતિહાસ વિશે જાણવું જોઈએ. દિલ્હી શીખ ગુરુદ્વારા મૅનેજમેન્ટ કમિટીએ હવે ફિલ્મનાં જાહેર સ્ક્રીનિંગ અને તેના પર સેમિનાર યોજવાની જાહેરાત કરી છે.

**પંજાબમાં 1990ના દાયકામાં હજારો લોકો ગુમ થયા પછી બિનવારસી લાશોના અગ્નિસંસ્કાર થયાની ઘટનાનું નિરૂપણ કરતી ફિલ્મ પર IT એક્ટના નામે પ્રતિબંધ મુકાયો છે, સેન્સર બોર્ડની દલીલ છે કે, આ ફિલ્મ લોકોને ઉશ્કેરી શકે અને દેશની અખંડિતતાને નુકસાન થાય તેમ છે**

# ટોરોન્ટોમાં સર્જાયું નાથદ્વારા : અન્નકૂટ-સોનાના બંગલાના અલૌકિક દર્શન

## શ્રીનાથજી પ્રભુ ભવ્ય સોનાના બંગલામાં બિરાજ્યા, નોર્થ અમેરિકામાં પુષ્ટિ માર્ગીય વૈષ્ણવ સમાજ દ્વારા કાર્યક્રમનું સફળ આયોજન કરાયું

ટોરોન્ટો : કેનેડાના થોર્નહિલ ખાતે પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સમાજ (PMVS) ઓફ કેનેડા સંચાલિત શ્રીનાથજી હવેલીમાં ગત ૧૨ જુલાઈના રોજ સુવર્ણ ઈતિહાસ રચાયો હતો. છેલ્લા ૨૧ વર્ષથી કાર્યરત આ હવેલીમાં બિરાજતા શ્રીગોવર્ધનનાથજી પ્રભુ વૈષ્ણવોના ભાવભીના મનોરથ રૂપે નોર્થ અમેરિકામાં સૌપ્રથમ વાર ભવ્ય ‘સોનાના બંગલા’માં બિરાજમાન થયા હતા. આ અલૌકિક પ્રસંગે વૈષ્ણવાચાર્ય ગોસ્વામી ૧૦૮ શ્રી આનંદબાવાશ્રી (કામવન - ભાવનગર) ખાસ ઉપસ્થિત રહ્યા હતા.



**વૈષ્ણવાચાર્ય આનંદબાવાની પ્રેરણાદાયી ઉપસ્થિતિ અને અન્નકૂટના દર્શનથી ભાવિકો ભાવવિભોર**

આ મહામનોરથ અંતર્ગત પ્રભુ સુખાર્થે સોનાના બંગલાની સાથે-સાથે ભવ્ય અન્નકૂટ ઉત્સવનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. શ્રીજી પ્રભુ સન્મુખ ધરાવાયેલી વિવિધ સામગ્રી અને સોનાના બંગલાના પ્રભુના અલૌકિક દર્શન કરીને અસંખ્ય વૈષ્ણવોએ ધન્યતા અનુભવી હતી. દર્શનાર્થીઓને કેનેડાની ધરતી પર જ સાક્ષાત પ્રભુની લીલાભૂમિ નાથદ્વારા જેવા અલૌકિક દર્શનની ઝાંખી થઈ હતી. વિશેષ ઉપસ્થિત રહેલા વૈષ્ણવાચાર્ય ગોસ્વામી ૧૦૮ શ્રી આનંદબાવાશ્રીએ હર્ષની લાગણી વ્યક્ત કરતા જણાવ્યું હતું કે,“પુષ્ટિમાર્ગના ઈતિહાસમાં કેનેડા ખાતે સર્જાયેલી આ સુવર્ણ ક્ષણમાં પ્રભુ સન્મુખ ઉપસ્થિત રહીને હું પરમ કૃતાર્થતા અનુભવું છું. તેઓએ સમગ્ર કેનેડાના વૈષ્ણવ સમાજને પ્રભુની આવી જ અવિરત સુંદર સેવા કરતા રહેવા માટે હૃદયપૂર્વકના આશીર્વાદ પાઠવ્યા હતા.

સંસ્થાના પ્રમુખ અશ્વિન રાણીંગાએ આ અવસરે હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, આજનો આ ભવ્ય ઉત્સવ એ ભૂતકાળમાં તમામ વૈષ્ણવો, સ્વયંસેવકો અને વર્ષ ૨૦૦૧થી સતત કાર્યરત રહીને અમૂલ્ય યોગદાન આપનારા ટ્રસ્ટીઓ તેમજ કમિટી મેમ્બર્સની અથાગ મહેનત અને સેવાનું જ પરિણામ છે. તેમણે આગામી સમયમાં પણ સમસ્ત વૈષ્ણવ પુષ્ટિ સૃષ્ટિનો આવો જ સાથ અને સહકાર PMVS સંસ્થાને મળતો રહેશે તેવી આશા વ્યક્ત કરી હતી. ઉલ્લેખનીય છે કે, વર્ષ ૨૦૦૫માં ગોસ્વામી ૧૦૮ શ્રી દ્રુમિલકુમાર મહારાજશ્રી દ્વારા પુષ્ટ કરી સ્થાપિત કરાયેલા આ સ્વરૂપની સેવા-પૂજા પુષ્ટિ સિદ્ધાંતો અને પ્રણાલી અનુસાર ખૂબ જ નિયમિત રીતે થાય છે. હવેલીમાં દર વર્ષે વિવિધ વલ્લભકુલ પધારીને વૈષ્ણવોને વચનામૃતનો દિવ્ય લાભ આપે છે. છેલ્લા ૨૧ વર્ષથી શ્રીગોવર્ધન પ્રભુના વૈભવમાં તેમજ દર્શનાર્થીઓની સંખ્યામાં ઉત્તરોઉત્તર ભારે વધારો થઈ રહ્યો છે. ગત અધિક માસ દરમિયાન પણ કાર્યરત કમિટી અને વૈષ્ણવોએ પ્રભુને વિવિધ અલૌકિક મનોરથો દ્વારા લાડ લડાવ્યા હતા.







MOTEL for SALE

NIRAJ PANCHOLI, REALTOR®
Mechanical Engineer (Ahmedabad, India)
Cell: 647-866-2790
Email: ncpancholi@gmail.com
Website: www.niraj-pancholi.c21.ca
Multiple Awards Winner Since 2011
Selling Businesses, Commercial & Residential Properties Since 2011
Visit my website for NEW & UPDATED Exclusive & MLS listings



MOTEL KING: Specializing in Selling Motels, Proven Records of SOLD over 50 Motels & Hotels in ONTARIO
Licensed to work in ALBERTA as well – Property visit can be scheduled during my trip to Alberta

90+ Room Franchise Hotel – Indoor Corridor, Fully Renovated and Upgraded in WINDSOR – Asking $7,200,000
Close to Hwy 401 and USA Border, Easy Operation, 3.5 Acres of Commercial Lot – potential for future development
Exclusive Listing: Buyer must have a 40% - 50% down payment. For more info NDA and Buyer Rep Agreement to sign

43 Room Motel + Restaurant (241 Pizza) + 2 Apt on 6 Acre Commercial Lot in Cochrane, ON – Asking $3,900,000
Both businesses are money making and run through the employees – Absentee Owner since 2019. Great NOI and EBITA

17 Room Motel in Huntsville - $2.3M
Absentee Owner since last 4 years
Great income and NOI
Renovated Rooms, Located in the downtown,
Everything is at a walking distance

54 Room Hotel & Restaurant - $4.9M
Located in 1000 Islands/Gananoque
Year round profitable operation. Well maintained property. Clsoe to Hwy 401, Casino and 1000 Island Crusie Line. Excellent NOI / EBITA – Great investment. About 40% Down require.

21 Room Motel & Restaurant in Gravenhurst
Asking $1,499,000
All rooms are occupied by the long-term people paying monthly. 3 Acres of lot, Municipality services. Selling AS IS
Ideal for builder or contractor

4 Small Motels for Sale in Northern Ontario – About 1-2 hours from Sudbury & North Bay
12 to 18 Rooms – Asking $875,000 to $1,300,000. About 15% to 25% down payment require.
Call for more info. Buyer to sign NDA first.

Motels and Hotels in ALBERTA: Small Motels and Franchise Hotels are available
Call for more info. Buyer to sign NDA for reviewing the financials on any property

Motel Jobs AND Working Partner Opporunity (min $200,000 to invest)
Ontario & Alberta
Front Desk, Housekeeping, General work
Must speak good English for front desk
(must be on WP, PR or Citizen)
Accommodation + Competitive Salary

Century 21 People’s Choice Realty Inc., 120 Matheson Blvd E, Unit 103, Mississauga, L4Z 1X1, ONTARIO Office: 905-366-8100
Brilliant Realty , 1135 64 Ave SE #202, Calgary, T2H 2J7, ALBERTA – Direct Contact: 647-866-2790

## ગણદેવીના આઇટી પ્રોફેશનલ મનિષ પટેલની અનોખી સાફલ્ય ગાથા

# ડોલરની કમાણી અને કેનેડાનો વૈભવ છોડી વતન ભારત પરત ફરનાર મનીષ પટેલ જનસેવામાં સમર્પિત

દેશે આપણા માટે શું કર્યું એના કરતાં આપણે દેશ માટે શું કરી શકીએ? તેવા વિચારથી પ્રેરાઇને મનીષ પટેલે જન્મભૂમિને કર્મભૂમિ બનાવી, સરીબુજરંગ જિલ્લા પંચાયત બેઠક ઉપરથી ચૂંટાયેલા મનીષ પટેલ લોકહિત માટે ઘસાઇ જનારા ગતિશીલ, નખશીખ પ્રામાણિક અને મહેનતુ વ્યક્તિ છે, યુવા સશક્તિકરણ, ડિજિટલ લાયબ્રેરી, જળ સંચય અને કુપોષણ મુક્તિ જેવા સંવેદનશીલ વિષયો તેમની અગ્રીમતા છે અને તે દીશામાં કાર્યો કરવા તેમનો ધ્યેય છે

પ્રખ્યાત શાયર રાજેશ વ્યાસ (મિસ્કીન)ની એક પંક્તિ છે કે, “તારું કશું જ ના હોય તો છોડીને આવ તું, અને તારું જ બધું હોય તો છોડી બતાવ તું”. આ પંક્તિનો ગહન અર્થ તો ખરેખર આધ્યાત્મિક છે, પરંતુ એના વ્યવહારિક અર્થને સમજીએ તો આ પંક્તિ નવસારી જિલ્લાના ગણદેવી તાલુકાના નાનકડા લુસવાડા ગામમાં રહેતા મનિષકુમાર સુમંતરાય પટેલને લાગુ પડે. અભ્યાસે આઈટી પ્રોફેશનલ એવા મનિષભાઈ મૂળ ભાજપના કર્મઠ, વફાદાર અને નિષ્ઠાવાન કાર્યકર છે અને હાલમાં યોજાયેલી ચૂંટણીમાં સરીબુજરંગ જિલ્લા પંચાયત બેઠક ઉપર ફરી એક વખત જંગી સરસાઈથી ચૂંટાઈ આવી નવસારી જિલ્લા પંચાયતના સદસ્ય બન્યા છે.

તેમણે પ્રાથમિક શિક્ષણ ગામની ગુજરાતી પ્રાથમિક શાળામાં લીધા બાદ ટાટા સ્કૂલ અને ત્યારબાદ બીલીમોરાની જ વીએસ પટેલ સાયન્સ કોલેજમાં અભ્યાસ કર્યો હતો. શરૂઆતથી જ અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ (ABVP)ના સદસ્ય અને વર્ષ ૧૯૯૫ની વિધાનસભા ચૂંટણીથી ભાજપના રંગે રંગાયેલા મનિષભાઈ ચાલુ અભ્યાસે પરિવાર સાથે વર્ષ ૧૯૯૭માં કેનેડાના મોન્ટ્રીયલ શહેરમાં સ્થાયી થયા હતા. ત્યાં શરૂઆતના દિવસોમાં અભ્યાસ સાથે ટેક્સટાઈલ તેમજ અન્ય કંપનીઓમાં નોકરી કરી અને સ્થાનિક ફ્રેન્ચ ભાષા શીખ્યા. વર્ષ ૨૦૦૦ની સાલ એટલે કે IT Professional માટે ગોલ્ડન ઈરા કહેવામાં આવે છે, તે સમયે IT Graduation સાથે CCNA અને MCSE જેવી કઠિન પરીક્ષાઓ પાસ કરી કમ્યુનિકેશન કંપની ERICSSON રિસર્ચમાં એન્જિનિયર તરીકે જોડાઈ મજબૂત કારકિર્દીનો પાયો નાખ્યો. આ સમય દરમિયાન પણ તેઓ તત્કાલીન ગુજરાતના સીએમ અને હાલના આદરણીય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીથી અત્યંત પ્રભાવિત થયા. ભાજપા વિચારધારાના રંગે રંગાયેલા હોવાને કારણે કેનેડાના મિત્ર મંડળમાં મનિષ ભાજપના હુલામણા નામે ઓળખાતા થયા.

ગુજરાતના કચ્છમાં વર્ષ ૨૦૦૧, ૨૬ જાન્યુઆરીના રોજ ભયાનક ભૂકંપ આવ્યો હતો અને ખૂબ જ મોટી તારાજી થઈ હતી, ત્યારે મનિષ પટેલ અને એમના કેટલાક મિત્રોએ સાથે મળી કેનેડાની કડકડતી ઠંડીમાં ભૂકંપ રાહત ફંડ ભેગું કરી ૫૧,૦૦૦ ડોલર તે સમયે પીએમ ફંડમાં મોકલી માનવતા મહેકાવી હતી. એ સમયે ભારતથી કેનેડા ભણવા આવતા વિદ્યાર્થીઓને શરૂઆતના દિવસોમાં પડતી તકલીફમાં મદદરૂપ થવું, તેમને જોબ શોધવામાં અને સ્થાયી થવામાં મદદ કરવા સાથે વર્ષ ૨૦૦૫ના માર્ચ મહિનામાં ન્યૂ-જર્સી ખાતે યોજાનારા નરેન્દ્ર મોદીના કાર્યક્રમના આયોજન ટીમમાં પણ OFBJPના સદસ્ય તરીકે તેમણે કામ કર્યું હતું. વર્ષ ૨૦૦૬માં નોકરીની સાથે પોતાનો ધંધો પણ વિકસાવ્યો. આમ, વિદેશમાં રહી આર્થિક રીતે સદ્ધર અને સમૃદ્ધ તો થયા. પરંતુ વિધિએ મનિષભાઈ માટે કંઈક જુદું જ વિધાન લખ્યું હતું.

વતનમાં ભારતીય જનતા પાર્ટીનો ઉદય થઈ રહ્યો હતો અને નરેન્દ્રભાઈ મોદીજી ક્ષેત્રીય નેતાથી રાષ્ટ્રીય નેતા બનવા તરફ આગળ વધી રહ્યા હતા,



આવા સમયે દેશે આપણા માટે શું કર્યું એના કરતાં આપણે દેશ માટે શું કરી શકીએ? તેવા વિચાર સાથે ક્ષણભરમાં નિર્ણય લઈ, પોતાનો પરિવાર, નોકરી, ધંધો, રોજગાર બધું જ છોડી તેઓએ એકમાત્ર દેશસેવાની ભાવના સાથે વતનની રાહ પકડી. એટલે જ કહ્યું ને કે, દેશ માટે બધું જ છોડી બતાવ્યું.

જે બાદ ભારત પરત આવીને તેઓ માતૃ સંસ્થા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ અને ભારતીય જનતા પાર્ટીમાં સક્રિય થઈ ગયા. પોતાની મહેનત, આવડત અને નિષ્ઠાથી લોકોની સાથે સાથે પાર્ટીના વરિષ્ઠ નેતૃત્વનું દિલ જીત્યું, જેના પરિણામે શીર્ષ નેતૃત્વે ૨૦૧૦માં સરીબુજરંગ જિલ્લા પંચાયત બેઠક ઉપર ભાજપાના ઉમેદવાર તરીકે મનિષભાઈ ઉપર ભરોસો મૂક્યો. પાર્ટીએ મૂકેલા ભરોસા પર તેઓ ખરા ઉતર્યા અને ઐતિહાસિક સરસાઈ સાથે વિજયી થયા. ત્યારબાદ ૨૦૧૫માં સતત બીજી વખત દક્ષિણ ગુજરાતમાં તેઓ સૌથી વધુ મત મેળવી વિજયી થયા. બંને ટર્મ દરમિયાન તેમણે ત્રણ-ત્રણ વખત જિલ્લા પંચાયતની સૌથી મહત્વની ગણાતી સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનનું પદ શોભાવ્યું. જિલ્લા પંચાયતનો કાર્યકાળ પૂર્ણ થયા પછી બીજી જ ક્ષણે એક સામાન્ય કાર્યકર્તા બની પાર્ટીના કામમાં જોડાઈ ગયા. સમય સમયે પાર્ટીમાં જવાબદારીઓ મળતી ગઈ. પક્ષને મજબૂત કરવા મેમ્બરશિપ ડ્રાઈવ, સભાઓ, રેલીઓ, બીજા રાજ્યોનો પ્રવાસ, પ્રચાર અને સંગઠનાત્મક આયોજનોમાં ભાગ લઈ સંગઠન અને વહીવટની આંટીઘૂંટી શીખી. રાજકીય પરિપક્વતા થકી શીર્ષ નેતૃત્વનો વિશ્વાસ સંપાદિત કર્યો.

હાલમાં જ સંપન્ન થયેલી ૨૦૨૬ની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ફરી એકવાર પાર્ટીએ એમના પર ભરોસો મૂકી ત્રીજી વખત સરીબુજરંગ બેઠક પર એમને ઉમેદવાર તરીકે મેદાનમાં ઉતાર્યા. સ્વચ્છ છબી સાથે એન્ટી-ઈંકમ્બન્સી વિના સતત ત્રીજી ટર્મમાં જનતાનો અપાર પ્રેમ અને આશીર્વાદ મળતા રેકોર્ડબ્રેક માર્જીનથી તેઓ વિજયી થયા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીજી અને સ્થાનિક સાંસદ સી.આર. પાટીલજીને પોતાના આદર્શ માનતા મનિષભાઈ પટેલ વિશેષ કરીને યુવાનો માટે ખૂબ જ કાર્યરત છે. યુવાનો મોબાઈલમાંથી મેદાન પર આવે. ગામેગામ લાયબ્રેરીઓ બને, ઘર-ઘર જળ સંચય થાય અને લોકોને પાણીનું મહત્વ સમજાય. બાળકો કુપોષિત ન રહે તેમજ કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓ જરૂરિયાતમંદો સુધી પહોંચે, સામાજિક અને આર્થિક રીતે પછાત પરિવારોને શિક્ષણ અને આરોગ્ય સેવા જેવા સંવેદનશીલ વિષયો એમની અગ્રીમતા રહ્યા છે. વર્ષ ૨૦૨૧ની કોવિડ મહામારી સમયે કેનેડા સ્થિત કેટલાક મિત્રોના આર્થિક સહયોગ થકી લુસવાડા ગામની પ્રાથમિક શાળામાં ૧૮ બેડનું ૨૪ કલાક મેડિકલ અને ઓક્સિજન સુવિધાથી સજ્જ કોવિડ આઈસોલેશન સેન્ટર બનાવી કેટલાય ગરીબ અને જરૂરિયાતમંદ દર્દીઓની સારવાર કરી હતી.

કહેવાય છે કે, સંઘર્ષનો સમય જ જીવનનો સર્વશ્રેષ્ઠ શિક્ષક છે, તેમ અનુભવ અને સમયની સાથે જાહેર જીવનની વ્યક્તિને પોતાનો અંગત સ્વભાવ છોડવો પડે, એ સમજણ કેળાવાતાં તેમનો સ્વભાવ અને વ્યક્તિત્વ બદલાયું. આક્રમકતા છોડી શાલીનતા અપનાવી, રાજકીય પરિપક્વતા કેળવી અનેક મર્યાદાઓ દૂર કરી એક આદર્શ પ્રતિભા વિકસાવવામાં તેઓ સફળ થયા. ચાર-પાંચ ભાષા પર પ્રભુત્વ, રમતગમત, સંસ્કૃતિ અને ઈતિહાસના અભ્યાસુ તથા સારા વક્તા મનિષ પટેલ રાષ્ટ્ર અને લોકકલ્યાણને ધ્યેય બનાવી હાલ સક્રિય રાજકારણમાં કાર્યરત છે. ગતિશીલ, નખશીખ પ્રામાણિક, મહેનતુ અને લોકહિત માટે ઘસાઈને ઉજળા થનારા મનિષ પટેલની આ સફર સાહસ, સંઘર્ષ અને પરિશ્રમનો સમન્વય કહીએ તો ખોટું નથી. આજના જમાનામાં જ્યારે લોકો અમેરિકા, યુરોપ, કેનેડા જવા અનેક ધમપછાડા કરતા હોય, વિદેશમાં ભણી ત્યાં જ પરિવાર સાથે સ્થાયી થવામાં ગર્વ અનુભવતા હોય, તેવા સમયમાં વૈભવી આરામની જિંદગી અને ડોલરની કમાણી છોડી તેમણે પોતાના વતન, પોતાની જન્મભૂમિને કર્મભૂમિ બનાવી આજીવન સમર્પિત બની “લોકસેવક” બનવાનું પસંદ કરી તેમણે મિસ્કીનની પંક્તિને સાર્થક કરી છે. આવનાર સમયના પડકારો માટે અનેક-અનેક શુભકામનાઓ.


# પૂર્વ સાંસદ ઈન્કી માર્કના ઘરેથી ૪૩૯ બંદૂક જપ્ત હથિયારોની હેરાફેરીના આક્ષેપમાં ધરપકડ કરાઈ

### મેનિટોબા પોલીસે ઘરમાંથી $3,00,000 રોકડા જપ્ત કર્યા, પૂર્વ સાંસદ અને મેયર સામે 12 ગંભીર ગુના દાખલ

**વિનિપેગ**

કેનેડાના પૂર્વ સાંસદ ઈન્કી માર્ક (૭૮ વર્ષ) પર તેમના ડોફિન સ્થિત નિવાસ સ્થાનેથી ૪૦૦થી વધુ ગેરકાયદે બંદૂકો મળી આવ્યા બાદ હથિયારોની હેરાફેરીનો ગુનો દાખલ કરવામાં આવ્યો છે. મેનિટોબા વેસ્ટ ડિસ્ટ્રિક્ટ જનરલ ઈન્વેસ્ટિગેશન સેક્શનના મુખ્ય તપાસકર્તા કોર્પોરલ બેરી કિર્બીએ જણાવ્યું હતું કે, ગત મંગળવારે પોલીસે હથિયારોની ગેરકાયદે હેરાફેરીની તપાસના ભાગરૂપે ઈન્કી માર્કના ઘર ઉપર દરોડો પાડ્યો હતો. આ સમયે

પોલીસે પૂર્વ સાંસદના ઘરેથી ૪૩૯ અત્યાધુનિક બંદૂકો ઉપરાંત એક કિંમતી એન્ટિક (પ્રાચીન) તોપ, મોટી માત્રામાં દારૂગોળો અને $૩,૦૦,૦૦૦ની શંકાસ્પદ રોકડ રકમ પણ જપ્ત કરી હતી. કોર્પોરલ કિર્બીના જણાવ્યા



અનુસાર, ચાલુ વર્ષની વસંત ઋતુમાં ડોફિન શહેરના એક ૭૩ વર્ષીય વૃદ્ધની બંદૂકની દાણચોરીના કેસમાં ધરપકડ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન પોલીસને એક બીજા શંકાસ્પદ વ્યક્તિની કડી મળી હતી. પોલીસ અધિકારીએ ઉમેર્યું કે, “નિવાસસ્થાનેથી એકત્ર કરાયેલા પુરાવાઓ અને હથિયારોનો સંગ્રહ એટલો વિશાળ છે કે તેનું કાયદેસરનું દસ્તાવેજીકરણ કરવામાં અને કેટલા હથિયારો સંપૂર્ણપણે ગેરકાયદેસર છે તે નક્કી કરવામાં તપાસકર્તાઓને હજુ ઘણા અઠવાડિયાનો સમય લાગી શકે તેમ છે. “પ્રાથમિક તપાસમાં RCMPનો આક્ષેપ છે કે, જપ્ત કરાયેલી બંદૂકોમાંથી ઓછામાં ઓછી ત્રણ બંદૂકોની ગેરકાયદેસર હેરાફેરી કરવામાં આવી હતી અને એક બંદૂકના સિરીયલ નંબર સાથે છેડછાડ કરવામાં આવી હતી. આ ઉપરાંત, સેંકડો જીવલેણ હથિયારો ઘરની અંદર સુરક્ષાના કોઈ પણ ધારાધોરણો વિના, અત્યંત અયોગ્ય અને જોખમી રીતે સંગ્રહિત કરવામાં આવ્યા હતા. ભૂતપૂર્વ સાંસદ ઈન્કી માર્ક હાલમાં હથિયારોની ગેરકાયદેસર હેરાફેરી, હથિયારોનો બેદરકારીપૂર્વક ઉપયોગ અને સત્તાવાર લાયસન્સ વિના ગેરકાયદેસર હથિયાર રાખવા સહિતના કુલ ૧૨ ગંભીર ગુનાહિત આરોપોનો સામનો કરી રહ્યા છે.

# ઓન્ટેરિયો સરકારનો વિવાદસ્પદ નિર્ણય સ્પીડ કેમેરાના રિપોર્ટ જાહેર કરવાનો ઇનકાર

ટોરોન્ટો : ઓન્ટેરિયો સરકારના અધિકારીઓએ સ્પીડ કેમેરાની અસરકારકતા અંગે માહિતી મેળવવાની સ્વતંત્રતા (ફ્રીડમ ઓફ ઈન્ફોર્મેશન)ની વિનંતીને મહિનાઓ સુધી દબાવી રાખ્યા બાદ આખરે ફગાવી દીધી છે. સરકારે તાજેતરમાં જ ટ્રાન્સપરન્સી લૉમાં કરેલા ફેરફારોનો હવાલો આપીને આ વિનંતી નકારી કાઢી છે.

**ટ્રાન્સપરન્સી લૉમાં ફેરફાર કરી માહિતી છુપાવવાનો વિપક્ષનો આક્ષેપ**

પ્રીમિયર ડગ ફોર્ડે ઓટોમેટેડ સ્પીડ કેમેરાનો ઉગ્ર વિરોધ કર્યો હતો અને તેને વાહનચાલકોને ધીમા પાડવાને બદલે માત્ર “રોકડ હડપ” (મની ગ્રેબ) કરવાનું સાધન ગણાવ્યું હતું. આ પૃષ્ઠભૂમિમાં મીડિયાએ એ સમજવાનો પ્રયાસ કર્યો હતો કે સરકારે આ નિર્ણય લેતા પહેલાં કઈ માહિતી અને કયા ડેટા પર વિચાર કર્યો હતો. આ માટે સપ્ટેમ્બર ૨૦૨૫ના અંતમાં એક વિનંતી સબમિટ કરવામાં આવી હતી, જેમાં સ્પીડ કેમેરા લોકોને કેવી રીતે ધીમા પાડે છે અથવા તેનાથી આવકમાં કેવી રીતે વધારો થાય છે તે અંગે પરિવહન મંત્રીની કચેરી દ્વારા રાખવામાં આવેલા તમામ અભ્યાસો અને અહેવાલોની વિગતો માંગવામાં આવી હતી. પરંતુ આ કેસમાં વિનંતી સબમિટ થયા પછી મહિનાઓ વીતી ગયા હોવા છતાં પરિવહન મંત્રાલયના સરકારી કર્મચારીઓ તરફથી કોઈ જ પ્રત્યુત્તર આપવામાં આવ્યો ન હતો. આખરે અરજીના ૧૦ મહિના બાદ મંત્રાલયે પત્ર લખીને અરજી નકારી કાઢી હતી. પરિવહન મંત્રાલયે પત્રમાં જણાવ્યું હતું કે, “૨૪ એપ્રિલ, ૨૦૨૬થી કાયદામાં સુધારા અમલમાં આવ્યા છે, જે ચોક્કસ શ્રેણીના રેકોર્ડને આ કાયદાના દાયરામાંથી બાકાત રાખે છે. આ પત્ર ફોર્ડ સરકારે આ વર્ષની શરૂઆતમાં જાહેર કરેલા વ્યાપક પારદર્શકતા ફેરફારો તરફ નિર્દેશ કરે છે. માર્ચ ૨૦૨૫માં સરકારે જાહેરાત કરી હતી કે તે તમામ કેબિનેટ મંત્રીઓ અને તેમના સ્ટાફને ચકાસણીમાંથી મુક્તિ આપવા માટે ટ્રાન્સપરન્સી લૉમાં ફેરફાર કરશે.

# અમદાવાદમાં ભગવાન જગન્નાથને નિરખી ભાવિકો બન્યા ધન્ય

## 18 ગજરાજા વધારી રથયાત્રાની શોભા : આ રથયાત્રામાં 30 જેટલા અખાડાના કરતબ બાજા અદભૂત કરતબો બતાવીને ભાવિકોને આકર્ષી રહ્યા હતા

**અમદાવાદ**

અમદાવાદમાં ભગવાન જગન્નાથજીની ૧૪૯મી રથયાત્રા યોજાઈ હતી. નગરના નાથ નગરચર્યાએ નીકળ્યા ત્યારે નાથના ઓવારણા લેવા, વ્હાલાના વધાવવા માટે આખુય શહેર જાણે હિલોળે ચડ્યુ હોય તેવા દ્રશ્યો સર્જાયા હતા. આ ભવ્ય ધાર્મિક મહોત્સવની શરૂઆત વહેલી સવારે ૪:૦૦ વાગ્યે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે સપરિવાર ભગવાનની મંગળા આરતી ઉતારીને કરી હતી, જ્યાં ભગવાનને વિશિષ્ટ ખીચડાનો ભોગ ધરાવાયો હતો. ત્યારબાદ, ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સોનાની સાવરણીથી રથનો માર્ગ સાફ કરવાની પવિત્ર પહિંદ વિધિ સંપન્ન કરી ત્રણેય ભવ્ય રથોને નગર ભ્રમણ માટે રવાના કર્યા હતા. દેશભરમાંથી આવેલા ૨૫૦૦ જેટલા સાધુ-સંતો અને લાખો ભક્તોની ઉપસ્થિતિમાં જય રણછોડ, માખણચોરના ગગનભેદી નારા સાથે સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું. રથયાત્રાની ખરી શોભા એટલે ગજરાજ. જેમને રથયાત્રાનું પહેલુ આમંત્રણ મળે છે. તેમના દ્વારા જ પ્રથમ પ્રસ્થાન કરવામાં આવે છે. આ રથયાત્રામાં ૧૮ ગજરાજ જોડાયા હતા. ૩૦ જેટલા અખાડાના કરતબ બાજા અદભૂત કરતબોએ ભાવિકોને આકર્ષ્યા હતા. યાત્રામાં સૌપ્રથમ 'નંદિઘોષ' રથ પર ભગવાન જગન્નાથ બિરાજમાન થયા હતા ત્યારબાદ વચ્ચે 'પદ્મધ્વજ' રથમાં બહેન સુભદ્રાજી વિદ્યમાન થયા હતા અને 'તાલધ્વજ' રથ પર બળભદ્રજી બિરાજમાન હતા. ૧૮ ભજન મંડળીઓ અને ભજનિકોએ પણ ભજનની રમઝટ બોલાવી હતી. રથયાત્રામાં મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યુ હતું. અંતે ભાવિકોએ વ્હાલાના ઓવારણા લીધા અને આવતા વર્ષે જલદી આવે તે માટે પ્રાર્થના પ્રાર્થના કરી હતી.

### મુસ્લિમ સમાજે જગન્નાથ મંદિરના મહંતને 27મી વખત ભેટ કર્યો ચાંદીનો રથ



અમદાવાદમાં 149મી રથયાત્રા પહેલા સોમવારે(13 જુલાઈ) મુસ્લિમ સમાજના આગેવાનો દ્વારા જગન્નાથ મંદિરે ચાંદીનો રથ આપી એકતાનું ઉદાહરણ પૂરું પાડવામાં આવ્યું હતું. સતત 27મી વખત મુસ્લિમ સમાજ દ્વારા ચાંદીનો રથ આપવામાં આવે છે. આ દરમિયાન મહંત દિલીપદાસજીએ તમામનું ભગવા રંગનો કેસ પહેરાવીને અભિવાદન કર્યું હતું. સમાજમાં ભાઈચારો અને શાંતિ પ્રસ્થાપિત કરવાના હેતુથી રૌફ બંગાળી દ્વારા એકતા રથ અર્પણ કરવાની જે પરંપરા શરૂ કરવામાં આવી હતી.

# સુરતમાં ચામડીના રોગે માથું ઊંચક્યું 4 હજાર દર્દીઓમાંથી 825ને સારવાર

**સુરત**

સુરતમાં ખાડી પૂરના પાણી ઓસર્યા બાદ હવે તેની આરોગ્ય પર આડઅસર સામે આવવા લાગી છે. પાલિકા દ્વારા પૂરગ્રસ્ત વિસ્તારમાં શરૂ કરાયેલા 18 આરોગ્ય કેમ્પોમાં છેલ્લા ત્રણ દિવસ દરમિયાન અંદાજે ચાર હજાર નાગરિકોની આરોગ્ય તપાસ કરવામાં આવી હતી. તેમાં સૌથી વધુ 825 લોકોને ચામડીના રોગની સારવાર આપવી પડી છે, જ્યારે તાવ, ઝાડા અને ઉલ્ટીના કેસ પણ નોંધાતા આરોગ્ય તંત્ર એલર્ટ બન્યું છે. રોગચાળો ફેલાતો અટકાવવા માટે પાલિકા દ્વારા મેડિકલ કેમ્પ આગામી શનિવાર સુધી ચાલુ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

સુરતમાં ભારે વરસાદ અને ખાડી પૂરની વિકટ પરિસ્થિતિ બાદ હવે આરોગ્ય સંબંધિત ચિંતા વધવા લાગી છે. પૂરના પાણી ઓસર્યા પછી ગંદકી, કાદવ અને દૂષિત પાણીના લાંબા સમય સુધી સંપર્કમાં રહેવાથી ચામડીના રોગના કેસમાં નોંધપાત્ર વધારો જોવા મળી રહ્યો છે. પાલિકા દ્વારા પૂરગ્રસ્ત વિસ્તારમાં શરૂ કરાયેલા આરોગ્ય કેમ્પોમાં અત્યાર સુધી સારવાર માટે આવેલા દર્દીઓમાં સૌથી વધુ ચર્મરોગના દર્દીઓ નોંધાયા છે.

# બોમ્બ બ્લાસ્ટ કેસમાં હાઈકોર્ટનું અવલોકન લોકોના મોત અને સંપત્તિને ભારે નુકસાન

**અમદાવાદ**

ગુજરાત હાઈકોર્ટે અમદાવાદ શ્રેણીબદ્ધ બોમ્બ વિસ્ફોટ કેસમાં વિશેષ અદાલતે દોષિતો પર ફટકારેલી દંડની રકમને યોગ્ય ઠેરવતાં મહત્ત્વપૂર્ણ અવલોકન કર્યું કે કેસના પુરાવાઓ અને સાક્ષીઓની જુબાનીઓનું અધ્યયન કરતાં સ્પષ્ટ થાય છે કે બોમ્બ વિસ્ફોટોની ઘટનામાં માત્ર અનેક લોકોના જીવ ગયા હતા અને મોટી સંખ્યામાં લોકો ઘાયલ થયા હતા એટલું જ નહીં, પરંતુ જાહેર તેમજ ખાનગી સંપત્તિને પણ ભારે નુકસાન પહોંચ્યું હતું.

અમદાવાદ બોમ્બ બ્લાસ્ટ કેસમાં હાઈકોર્ટનું અવલોકન

અદાલતે ખાસ કરીને સિવિલ હોસ્પિટલ જેવી જાહેર સંપત્તિને થયેલા નુકસાનને અત્યંત ગંભીર ગણાવ્યું હતું. હાઈકોર્ટના મતે, આરોગ્ય સેવાઓ સાથે સંકળાયેલી આવી જાહેર સંસ્થાઓને થયેલું નુકસાન માત્ર આર્થિક નુકસાન પૂરતું મર્યાદિત નથી, પરંતુ તેની અસર સમગ્ર સમાજ પર પડે છે. આ કારણસર આ કેસને 'વિશાળ નુકસાનવાળી ઘટના'" તરીકે જોવી જરૂરી બને છે. ચુકાદામાં વધુમાં જણાવાયું હતું કે, દોષિતોના સામૂહિક કૃત્યોના પરિણામે આટલી મોટી જાનહાનિ અને સંપત્તિને નુકસાન પહોંચ્યું હોવાથી વિશેષ અદાલતે ફટકારેલો દંડ સંપૂર્ણપણે વાજબી અને ન્યાયસંગત છે. હાઈકોર્ટે એ પણ નોંધ્યું હતું કે, દંડની રકમ ઘટાડવા અથવા તેમાં ફેરફાર કરવા અંગે બચાવ પક્ષ તરફથી કોઈ સચોટ દલીલો રજૂ કરવામાં આવી નહોતી. આ સંજોગોમાં હાઈકોર્ટે સ્પષ્ટ કર્યું હતું કે, વિશેષ અદાલતે પોતાના વિવેકાધિકારનો યોગ્ય ઉપયોગ કર્યો છે અને તેમાં હસ્તક્ષેપ કરવાની કોઈ જરૂરિયાત જણાતી નથી.

# જોડિયા ભાઈઓનો ચહેરો ઓળખવામાં મશીનો પણ ફેલ, એવિએશન મિનિસ્ટરને પત્ર લખાયો

## મુસાફરી દરમિયાન પડતી મુશ્કેલી નિવારવા વૈકલ્પિક પ્રક્રિયાની માંગ કરાઈ

**અમદાવાદ**

અમદાવાદના બિઝનેસમેન અને જોડિયા ભાઈઓ સંજીવ અને રાજીવ છાજેડ બિઝનેસ કે હરવા-ફરવા માટે હવાઈ મુસાફરી કરે છે, ત્યારે તેમને સૌથી પહેલા 'ડિજી યાત્રા' પર મુશ્કેલીનો સામનો કરવો પડે છે. આ એપ ચહેરાની ઓળખ દ્વારા એરપોર્ટ પર ઝડપી એન્ટ્રી અને સિક્યોરિટી ક્લિયરન્સ આપવાનો દાવો કરે છે. જોકે, આ જ ડિજી યાત્રા એપ જોડિયા ભાઈઓ માટે મુસીબત બની ગઈ છે. આ એપ બંને ભાઈઓ વચ્ચેનો તફાવત ઓળખી શકતી નથી. આથી બંને ભાઈઓએ નાગરિક ઉડ્ડયન મંત્રાલયને પત્ર લખીને આ સમસ્યાના ઉકેલની માંગ કરી છે. તેમણે 10 જુલાઈની એક ઘટનાનો ઉલ્લેખ કર્યો છે. સંજીવે જણાવ્યું કે તેઓ ઈન્ડિગોની ફ્લાઈટ 6E 2179 દ્વારા અમદાવાદથી દિલ્હી જઈ રહ્યા હતા, ત્યારે જ ડિજી યાત્રા ગેટ પર 'Too Many Access' (ટૂ મેની એક્સેસ) નો મેસેજ જોવા મળ્યો હતો. રાજીવને પણ આ જ એરર (ભૂલ) જોવા મળી હતી. તેમણે જણાવ્યું કે એરપોર્ટ સ્ટાફે તેમને ડિજી યાત્રા માટે બનેલી ખાસ લેનનો ઉપયોગ કરવાને બદલે, તેમનામાંથી એકને મેન્યુઅલ (મેળવણીની જૂની પદ્ધતિ) રીતે ઓળખની તપાસ પૂરી કરવા માટે કહ્યું હતું. બંને ભાઈઓએ ડિજી યાત્રા એપ પર રજિસ્ટ્રેશન પૂરું કર્યું હોવા છતાં આ પ્રક્રિયા ફરીથી કરવી પડી હતી.

સંજીવે પત્રમાં સમસ્યાના કાયમી ઉકેલ કે વૈકલ્પિક વેરિફિકેશન પ્રક્રિયા સૂચવવા માંગ કરી છે.

# નલિયામાં એરફોર્સના જવાને સર્વિસ રાઇફલથી ગોળી મારી જીવન ટૂંકાવ્યું

**કચ્છ**

કચ્છ જિલ્લાના સરહદી અને વ્યૂહાત્મક રીતે અત્યંત મહત્વના ગણાતા નલિયા એરફોર્સ સ્ટેશનમાંથી ગુરુવારે એક દુઃખદ ઘટના સામે આવી છે. ફરજ પર તૈનાત ભારતીય વાયુસેનાના એક જવાને પોતાની સર્વિસ રાઈફલથી ગોળી મારી આત્મહત્યા કરી લેતા એરફોર્સ મથક સહિત સમગ્ર વિસ્તારમાં શોકની લાગણી પ્રસરી ગઈ છે. મૃતક જવાનની ઓળખ ભરતરાજ ભોમપ્રકાશ ભારદ્વાજ તરીકે થઈ છે. તેઓ નલિયા એરફોર્સ સ્ટેશનના અત્યંત સુરક્ષિત ગણાતા ટેકનિકલ એરિયામાં નિયમિત ફરજ બજાવી રહ્યા હતા. આ દરમિયાન તેમણે પોતાની સરકારી છદ્ર-૨૦૩ અસોલ્ટ રાઈફલ વડે પોતાની ઉપર ગોળી ચલાવી હતી. ગોળી વાગતા તેઓ ગંભીર રીતે ઘાયલ થયા હતા અને ઘટનાસ્થળે જ તેમનું કરુણ મોત નીપજ્યું હતું. ફાયરિંગનો અવાજ સંભળાતા નજીકમાં ફરજ બજાવતા અન્ય જવાનો અને અધિકારીઓ તાત્કાલિક સ્થળ પર દોડી આવ્યા હતા. તેમણે ભરતરાજ ભારદ્વાજને લોહીલુહાણ હાલતમાં જોયા હતા. તરત જ સમગ્ર વિસ્તારને સુરક્ષિત કરી સ્થાનિક કોઠારા પોલીસને જાણ કરવામાં આવી હતી. પોલીસે ઘટનાસ્થળે પહોંચી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી અને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો હતો.

# મોરબીમાં મચ્છુ માતાજીની ભવ્ય રથયાત્રા નીકળી, પરંપરાગત રાસ-હુડાની જમાવટ

**મોરબી**

મોરબીમાં અષાઢી બીજના પાવન અવસરે માલધારી સમાજની આસ્થાના પ્રતીક સમાન મચ્છુ માતાજીની ભવ્ય રથયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મોરબી જિલ્લાની સાથે-સાથે રાજ્યના અન્ય વિસ્તારોમાંથી પણ ભરવાડ અને રબારી સમાજના લોકો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા, જેના કારણે સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું.

રથયાત્રા મચ્છુ માતાજીના મંદિરથી શરૂ થઈ શહેરના મુખ્ય માર્ગો પર ફરી હતી. આ દરમિયાન રથયાત્રાનું ઠેરઠેર સ્વાગત કરવામાં આવ્યું હતું અને શહેરના માર્ગો પર માનવ મહેરામણ ઉમટી પડ્યું હોય તેવો દ્રશ્યમાન માહોલ સર્જાયો હતો. આ ભવ્ય શોભાયાત્રામાં વિવિધ રાજકીય અને સામાજિક અગ્રણીઓએ પણ હાજરી આપીને ધન્યતા અનુભવી હતી.

યાત્રા દરમિયાન યુવક-યુવતીઓએ પરંપરાગત રાસ-ગરબા અને હુડા રાસની રમઝટ બોલાવી હતી, જે આકર્ષણનું કેન્દ્ર બની હતી. ઉત્સાહ અને ભક્તિભાવ સાથે નીકળેલી આ રથયાત્રા શહેરના મુખ્ય માર્ગો પર ભ્રમણ પૂર્ણ કરી મચ્છુ માતાજીના કોઠે પહોંચીને શાંતિપૂર્ણ રીતે સંપન્ન થઈ હતી.

# બાળકના DNA ટેસ્ટથી ગુનો સાબિત, સગીરા સાથે દુષ્કર્મ ગુજારનાર સહિત 3ને 20 વર્ષની સજા

## શાળાએથી સગીરાનું અપહરણ કરાયું હતું, DNA ટેસ્ટ પોઝિટિવ આવ્યો

**અમદાવાદ**

અમદાવાદની સ્પેશિયલ પોક્સો (POCSO) કોર્ટના જજ એ.બી. ભટ્ટે મુખ્ય આરોપી કિશન ચૌહાણ સહિત તેને ભગાડવામાં મદદ કરનાર અન્ય બે સાગરીતો અજિત કુમાર પ્રસાદ અને જ્ઞાનદેવ માંજીને દોષિત જાહેર કરી 20 વર્ષની સખત કેદની સજા ફટકારી છે.

વર્ષ 2022 માં 14 વર્ષ અને 7 મહિનાની સગીરા શાળાએ ભણવા ગઈ હતી. શાળા છૂટ્યા બાદ તેની નાની બહેનો ઘરે પરત ફરી પરંતુ સગીરા ઘરે ન પહોંચતા પરિવારે શોધખોળ હાથ ધરી હતી. મુખ્ય આરોપી કિશન સગીરાને ફોસલાવીને ભગાડી ગયો હતો. તે સગીરાને પશ્ચિમ બંગાળ, કર્ણાટક, ઉત્તર પ્રદેશ અને બિહાર જેવા વિવિધ રાજ્યોમાં ફેરવીને તેની પર શારીરિક અત્યાચાર ગુજારતો રહ્યો હતો. આરોપી અજિત કુમાર અને જ્ઞાનદેવે મુખ્ય આરોપી કિશનને સગીરાને ભગાડવામાં અને આશ્રય આપવામાં સક્રિય મદદ કરી હતી.

દુષ્કર્મનો ભોગ બનવાને કારણે સગીરા સગર્ભા બની હતી અને તેણે સરકારી હોસ્પિટલમાં એક બાળકને જન્મ આપ્યો હતો. નવજાત બાળકના DNA સેમ્પલ મુખ્ય આરોપી કિશન ચૌહાણ સાથે મેચ થઈ ગયા હતા, જે કોર્ટમાં સૌથી મજબૂત વૈજ્ઞાનિક પુરાવો સાબિત થયો હતો.

આ કેસમાં સરકારી વકીલોએ 19 સાક્ષીઓ અને 38 દસ્તાવેજી પુરાવાઓ કોર્ટ સમક્ષ તપાસ્યા હતા, જેના આધારે ત્રણેય આરોપીઓ સામેનો ગુનો શંકાસ્પદ વિના સાબિત થયો હતો.

# પુરીમાં ઐતિહાસિક રથયાત્રા, ભક્તોનું ઘોડાપૂર



પુરી : ઓડિશાના પુરીમાં જગપ્રસિદ્ધ ભગવાન જગન્નાથજીની રથયાત્રાનો ગુરુવારથી ભક્તિભાવપૂર્વક પ્રારંભ થયો છે. ભગવાન જગન્નાથ, ભાઈ બલભદ્ર અને બહેન સુભદ્રાના રથોને જ્યારે 12મી સદીના મુખ્ય મંદિરથી બહાર કાઢવામાં આવી રહ્યા હતા, ત્યારે તેમને જોવા માટે ભક્તોનું ઘોડાપૂર ઉમટ્યું હતું. રથયાત્રાના પ્રથમ દિવસે જ ભક્તોની ભારે ભીડને કારણે મોટી દુર્ઘટના સર્જાઈ હતી. લાખો ભક્તોની હાજરી વચ્ચે થયેલી દોડધામમાં ગૂંગળામણના કારણે બે શ્રદ્ધાળુઓનાં મોત થયા હતા. જ્યારે અનેક લોકો ઈજાગ્રસ્ત થયા છે. આ અતિશય ભીડમાં શ્વાસ લેવાની તકલીફ થતાં એક શ્રદ્ધાળુ અચાનક બેહોશ થઈને ઢળી પડ્યો હતો.

## 'મારી હાલત એવી પણ નથી થઈ કે હું મરી જઉં : સોનમ વાંગચુક

લદાખ

લદાખની માગણીઓને લઈને આંદોલન ચલાવી રહેલા પર્યાવરણવિદ અને સામાજિક કાર્યકર્તા સોનમ વાંગચુકની ભૂખ હડતાળ ગુરુવારે 19મા દિવસમાં પ્રવેશી ગઈ હતી. સતત બગડતી તબિયત વચ્ચે પણ તેમનો ઉત્સાહ ઓછો થયો નથી. બુધવારે રાત્રે એક વીડિયો સંદેશ જાહેર કરીને તેમણે સ્પષ્ટ કર્યું હતું કે, તેમનો આ સંઘર્ષ હજુ ખતમ થયો નથી. તેમણે કહ્યું કે, ભલે મારા શરીરના સ્નાયુઓ નબળા પડી રહ્યા છે, પરંતુ મારું દિલ અને મગજ પૂરેપૂરું સ્વસ્થ છે અને હું લડત ચાલુ રાખીશ.

સોનમ વાંગચુકના નિયમિત મેડિકલ ટેસ્ટ કરવામાં આવી રહ્યા છે. તેમણે પોતાના વીડિયો સંદેશમાં જણાવ્યું કે, 'મારી સ્થિતિ એવી નથી કે હું આગામી બે-ચાર દિવસમાં મરી જાઉં. 18 દિવસના અનશન બાદ પણ મારો ઈસીજી રિપોર્ટ સારો આવ્યો છે. હા, શરીરમાં નબળાઈ છે અને મસલ્સ ઘટી રહ્યા છે, પરંતુ મારું દિલ બરાબર કામ કરી રહ્યું છે. તેથી હું હજુ ઘણા દિવસ સુધી આંદોલન ખેંચી શકું તેમ છું.' લડત ચાલુ રાખવા બાબતે સોનમ વાંગચુકે કહ્યું કે, 'દેશભરમાંથી લોકો અને વરિષ્ઠ નેતાઓ મને અનશન તોડવાની અપીલ કરી રહ્યા છે.

## આઝમ ખાનની જૌહર યુનિ. પર ચાલશે જેસીબી રામપુર ડેવલપમેન્ટ ઓથોરિટીએ આદેશ આપ્યા

### યુનિ. કેમ્પસમાં આવેલી 38 ઇમારતોને ગેરકાયદેસર બાંધકામો તરીકે વર્ગીકૃત કરવામાં

લખનઉ

યુપીના સમાજવાદી પાર્ટીના વરિષ્ઠ નેતા આઝમ ખાનની માલિકીની જૌહર યુનિવર્સિટી પર બુલડોઝર ફેરવવાની તૈયારીમાં છે. રામપુર વિકાસ સત્તામંડળે તોડી પાડવાનો આદેશ જારી કર્યો છે. રામપુરમાં આઝમ ખાનની જૌહર યુનિવર્સિટીમાં ચાલીસ ઇમારતો બનાવવામાં આવી છે, છતાં ફક્ત બે ઇમારતોએ જ બિલ્ડિંગ પ્લાન મંજૂર કરાવ્યા છે. 38 ઇમારતોને ગેરકાયદેસર માનવામાં આવતાં તોડવાનો આદેશ જારી કર્યો છે. સુનાવણી અને દસ્તાવેજોની તપાસ બાદ યુનિવર્સિટી કેમ્પસમાં આવેલી 38 ઇમારતોને ગેરકાયદેસર બાંધકામો તરીકે વર્ગીકૃત કરવામાં આવી હતી જેના કારણે તોડી પાડવાનો આદેશ આપવામાં આવ્યો હતો. રામપુર જિલ્લા




મેજિસ્ટ્રેટ અજય કુમાર દ્વિવેદીએ જણાવ્યું હતું કે જિલ્લામાં ગેરકાયદેસર બાંધકામો સામે સતત કાર્યવાહી કરવામાં આવી રહી છે. આ પહેલના ભાગ રૂપે પ્રાદેશિક જુનિયર એન્જિનિયરના અહેવાલના આધારે મોહમ્મદ અલી જૌહર યુનિવર્સિટીના બાંધકામની તપાસ શરૂ કરવામાં આવી હતી.

## દેશની પરમાણુ સુરક્ષા જોખમમાં! સૌથી મોટા પરમાણુ પાવર પ્લાન્ટ કુડનકુલમમાં ડેટા લીક

### બ્લુપ્રિન્ટ, વીમા પોલિસી, દસ્તાવેજો સહિત કુલ 19,000 મહત્વપૂર્ણ ફાઇલો હેક થઈ

તિરુવનંતપુરમ્

તમિલનાડુમાં ભારતના સૌથી મોટા કુડનકુલમ પરમાણુ પાવર પ્લાન્ટ સાથે જોડાયેલ સંવેદનશીલ ડેટા લીક થયો છે. 'વર્લ્ડ લીક્સ' નામના હેકર જૂથે પ્લાન્ટ સંબંધિત માહિતી પ્રકાશિત કરી છે જેમાં ચોક્કસ વિભાગોના બ્લુપ્રિન્ટ્સ, સપ્લાયર વિગતો, મીટિંગ અને નિરીક્ષણ રેકોર્ડ, સાધનોની સમીક્ષાઓ અને વીમા પોલિસી દસ્તાવેજોનો સમાવેશ થાય છે. કુલ મળીને આશરે 19,000 મહત્વપૂર્ણ ફાઈલો. હેકર જૂથનો દાવો છે કે આ દસ્તાવેજો અનિલ અંબાણીના રિલાયન્સ ગ્રુપના છે જે પ્લાન્ટમાં કોન્ટ્રાક્ટર તરીકે કામ કરી રહ્યું છે.

તમિલનાડુમાં સ્થિત, કુડનકુલમ પરમાણુ પાવર પ્લાન્ટ ભારતના સાત પરમાણુ પાવર સ્ટેશનોમાં સૌથી મોટો છે. રોઇટર્સના અહેવાલ મુજબ અનિલ અંબાણીના રિલાયન્સ ગ્રુપે આંશિક ડેટા ભંગનો સ્વીકાર કર્યો છે. કંપનીએ જણાવ્યું હતું કે ડેટા તૃતીય-પક્ષ ડેટા સેન્ટર સેવા પ્રદાતા યોટ્ટાના સર્વર પર હોસ્ટ કરવામાં આવ્યો હતો. રિલાયન્સે ભારત સરકારને આ ઘટના વિશે જાણ કરી છે જોકે તેણે ચોક્કસ રીતે સ્પષ્ટ કર્યું નથી કે કયા પ્રકારનો ડેટા ચોરાઈ ગયો હતો. ન્યુક્લિયર થ્રેટ ઇનિશિયેટિવના સિનિયર ડિરેક્ટર નિકોલસ રોથે જણાવ્યું હતું કે ડેટા લીક પ્લાન્ટની સુરક્ષા માટે ગંભીર ખતરો ઉભો કરી શકે છે. આવી ઘટનાઓ કંપનીઓની આ પ્રકારના જોખમોનો સામનો કરવાની ક્ષમતા પર પ્રશ્નો ઉભા કરે છે.

## જમીન વિવાદમાં બાગેશ્વર મહારાજના ભાઈ શાલિગ્રામ ગર્ગની ધરપકડ કરાઈ

મધ્યપ્રદેશ

મધ્ય પ્રદેશના છતરપુર જિલ્લામાં જમીન વિવાદ સાથે જોડાયેલા એક મામલામાં બાબા બાગેશ્વર મહારાજના ભાઈ શાલિગ્રામ ગર્ગની પોલીસે ધરપકડ કરી લીધી છે. પોલીસે આ મામલામાં અંકિત મિશ્રાને પણ કસ્ટડીમાં લીધો છે, જ્યારે અન્ય એક આરોપીની શોધખોળ ચાલુ છે. બંને આરોપીઓની ધરપકડ કર્યા બાદ, તેમને રાજનગર કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. આ ઘટનાના કેટલાક વીડિયો સોશિયલ મીડિયા પર પણ વાયરલ થયા છે.

આ ઘટના 14 જુલાઈના રોજ બપોરે આશરે 3 વાગ્યે બની હોવાનું કહેવાય છે. રાજનગર પોલીસ સ્ટેશન વિસ્તારના કુંડા ગામના રહેવાસી મોતીલાલ કુશવાહાએ આરોપ લગાવ્યો છે કે, તે પોતાના સાથીઓ સાથે ગામમાં હાજર હતો.

આ દરમિયાન શાલિગ્રામ ગર્ગ પોતાના સાથી સતીષ, આશિષ અને એક અન્ય વ્યક્તિ સાથે ત્યાં પહોંચ્યો હતો. પીડિતનો આરોપ છે કે, આરોપીઓએ આવતાની સાથે જ ગાળાગાળી શરૂ કરી દીધી હતી અને લાકડીઓથી મારપીટ કરી હતી. એવો પણ આરોપ છે કે, આ દરમિયાન 3 રાઉન્ડ ફાયરિંગ કરવામાં આવ્યું હતું. ઘટના બાદ સમગ્ર વિસ્તારમાં તણાવનો માહોલ સર્જાયો છે.

## E-20 ના જોઈતું હોય તો શુદ્ધ પેટ્રોલ ખરીદો અને વધુ કિંમત ચૂકવો : નિતિન ગડકરી

શ્રીનગર

E20 પેટ્રોલ અંગે સવાલો ઉઠી રહ્યા છે એવામાં કેન્દ્રીય મંત્રી નિતિન ગડકરીએ ફરી આ E20 ઈંધણનો બચાવ કર્યો હતો. તેમણે કહ્યું હતું કે જો તમારે E20 ના ખરીદવું હોય તો ૧૦૦ શુદ્ધ પેટ્રોલ ખરીદી શકો છો પરંતુ તેના માટે વધુ ખર્ચ કરવો પડશે. ગડકરીએ ઈથેનોલવાળા પેટ્રોલને લઈને સરકારના નિર્ણયનું સમર્થન કર્યું હતું. ગડકરીએ કહ્યું હતું કે હું હંમેશા થનોલ, હાઇડ્રોજન અને ઈલેક્ટ્રિક વાહનો જેવા વૈકલ્પિક ઈંધણનું સમર્થન કરતો આવ્યો છું, માત્ર ઈથેનોલનું જ સમર્થન નથી કરી રહ્યો. પોતાના પુત્રનો વેપાર વધી રહ્યો છે તેવા સવાલના જવાબમાં ગડકરીએ કહ્યું હતું કે અમારા પરિવારમાં વર્ષોથી શુગર મિલ છે, મારા પુત્રો આ બિઝનેસ ચલાવે છે.

## મોબાઇલ-સેમિકન્ડક્ટર ઉત્પાદન વધારાશે સેમિકોન મિશન માટે રૂ. 1.27 લાખ કરોડ

### તમામ પ્રોજેક્ટ માટે કેબિનેટની બેઠકમાં મંજૂરી આપવામાં આવી

નવી દિલ્હી

કેન્દ્રીય કેબિનેટ દ્વારા બુધવારે કેટલાક મહત્વના નિર્ણયો લેવામાં આવ્યા હતા, જેમાં સેમીકન્ડક્ટર ઉત્પાદન, મોબાઇલનું પ્રોડક્શન વધારવા સહિત સાત નિર્ણયોનો સમાવેશ થાય છે. મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું હતું કે કેબિનેટ દ્વારા સાત મોટા નિર્ણયો લેવામાં આવ્યા છે જેમાં વારાણસી માટે ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ પ્રોગ્રામ, વારાણસીમાં જ અન્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ, સેમિકોન ૨.૦ મિશન, મોબાઈલ ફોન મેન્યુફેક્ચરિંગ સ્કીમ, યૂરિયા માટે નેશનલ ઈન્વેસ્ટમેન્ટ પોલિસી, પારાદીપ-હરિદાસપુર રેલવે લાઇનનો ટ્રેક ડબલ કરવો, ડાંગોઆપોસી અને રાજખરસવા વચ્ચે ચોથી રેલવે લાઇન નાખવી વગેરેનો સમાવેશ થાય છે.

કેબિનેટે ૧.૨૭ લાખ કરોડ રૂપિયાના બજેટ સાથે ઈન્ડિયા સેમીકન્ડક્ટર મિશન અથવા તો સેમીકોન ૨.૦ મિશનના બીજા તબક્કાને મંજૂરી આપી દીધી છે. સાથે જ મોબાઇલ પીએલઆઈ સ્કીમને પ્રોત્સાહન આપવામાં આવશે જે માટે ૬૨૫૦૦ કરોડ રૂપિયા નક્કી કરાયા છે.

## મમતા બેનર્જીને ઝટકો, જૂના વિશ્વાસુ સાથીદાર મદન મિત્રા પણ બળવાખોર જૂથમાં જોડાયા

બેદ્રીનાથ

TMCના વરિષ્ઠ નેતા અને પશ્ચિમ બંગાળના પૂર્વ મંત્રી મદન મિત્રા વિરોધ પક્ષના નેતા ઋતબ્રત બેનર્જીની આગેવાની હેઠળના બળવાખોર જૂથમાં સામેલ થઈ ગયા છે. પૂર્વ મુખ્યમંત્રી મમતા બેનર્જી માટે એક મોટો ઝટકો માનવામાં આવી રહ્યો છે, કારણ કે મદન મિત્રા તેમના ખૂબ જ જૂના અને વિશ્વાસુ સહયોગી રહ્યા છે. મદન મિત્રા તૃણમૂલ કોંગ્રેસના સૌથી જૂના અને અનુભવી નેતાઓમાંથી એક છે. પાર્ટી સંગઠન પર તેમની મજબૂત પકડ માનવામાં આવે છે. આવા વરિષ્ઠ નેતાનું બાગી જૂથમાં જવું ટીએમસીની આંતરિક રાજનીતિ પર સીધી અસર કરશે. પાર્ટીમાં લાંબા સમયથી ચાલી રહેલા આંતરિક અસંતોષની ચર્ચાઓને આ ઘટનાક્રમે વધુ વેગ આપ્યો છે.

# નોઈડામાં વાહન ચાર્જિંગ વખતે બિલ્ડિંગમાં ભયાનક આગ લાગતાં 2 લોકોના મોત, 100નું રેસ્ક્યૂ કરાયું

## ઘટનામાં એક યુવતી તેમજ એક બાળક ગંભીર રીતે દાઝી ગયા હતા, અનેક વાહનો પણ ખાક

**નોઈડા**

નોઈડા સેક્ટર 66ના મામૂરા ગામમાં આવેલી એક પાંચ માળની બિલ્ડિંગમાં બુધવારે બપોરે આગ લાગી હતી. બિલ્ડિંગના પહેલા માળે પાર્કિંગમાં ઈલેક્ટ્રિક સ્કૂટી ચાર્જિંગમાં મૂકેલી હતી, જેમાં સ્પાર્ક થતાં વિસ્ફોટ થયો હતો અને જોતજોતામાં આખી બિલ્ડિંગમાં આગ ફેલાઈ ગઈ હતી. બિલ્ડિંગના લોકો જીવ બચાવવા માટે વાંસની સીડીના સહારે બીજી બિલ્ડિંગમાં જતાં જોવા મળી રહ્યા છે. ઘટનામાં બે લોકોના મોત થયા



હોવાની અને એક યુવતી તેમજ એક બાળક ગંભીર રીતે દાઝ્યા હોવાની વિગતો સામે આવી છે.

આગની ઘટનામાં પાર્કિંગમાં પાર્ક કરેલા અનેક વાહનો પણ સળગીને ખાખ થઈ ગયા છે. પાર્કિંગમાં ઘટના બની હોવાથી આગ અને તેનો ધુમાડો બિલ્ડિંગના સીડીવાળા ભાગ સુધી પહોંચી ગયા હતા, જેના કારણે લોકો નીચે ઉતરી શક્યા નહોતા અને જીવ બચાવવા ઉપર તરફ ભાગ્યા હતા. ત્યાંથી તેઓ સીડીના સહારે જીવના જોખમે બાજુની બિલ્ડિંગની બાલ્કનીમાં પહોંચ્યા હતા. ફાયર બ્રિગેડના જવાનોએ ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો અને 100થી વધુ લોકોને સુરક્ષિત બહાર કાઢ્યા હતા.

# દિલ્હી કૌભાંડમાં કેજરીવાલ-સિસોદિયાને કોર્ટેની છેલ્લી તક

**કટરા**

દિલ્હી હાઈકોર્ટે ગુરુવારે કથિત દારૂ નીતિ કૌભાંડ સંબંધિત ભ્રષ્ટાચારના કેસમાં આમ આદમી પાર્ટીના વરિષ્ઠ નેતાઓ એવા, અરવિંદ કેજરીવાલ, મનીષ સિસોદિયા અને દુર્ગેશ પાઠકને અંતિમ તક આપી છે. કોર્ટે ત્રણેય નેતાઓને સીબીઆઈની તે અરજી પર 2 સપ્તાહની અંદર પોતાનો જવાબ દાખલ કરવાનો નિર્દેશ આપ્યો છે, જેમાં તેમને નીચલી અદાલત દ્વારા નિર્દોષ જાહેર કરવાના નિર્ણયને પડકારવામાં આવ્યો છે. જસ્ટિસ મનોજ જૈનની ખંડપીઠે આ મામલાની સુનાવણી ટાળી દીધી હતી, કારણ કે દિલ્હી હાઈકોર્ટના વકીલોની હડતાળ (કાર્ય બહિષ્કાર) ને કારણે નિર્દોષ જાહેર કરાયેલા આરોપીઓ વતી કોઈ પણ વકીલ કોર્ટમાં હાજર થઈ શક્યા ન હતા. હવે આ કેસમાં સીબીઆઈની દલીલો સાંભળવા માટે કોર્ટે 17 અને 18 ઓગસ્ટની તારીખ નક્કી કરી છે.

# મૃતક ગાયોના નામે 57 કરોડ રૂપિયાનું કૌભાંડ AG રિપોર્ટથી અનેક રાજ્યમાં ખળભળાટ

## સંબંધિત રેકોર્ડનું યોગ્ય વેરિફિકેશન કર્યા વિના જ, ગ્રાન્ટ મંજૂર કરી દેવામાં આવી હતી

**જયપુર**

રાજસ્થાનમાં ગોવંશ સંરક્ષણ યોજના હેઠળ કરોડો રૂપિયાની ગ્રાન્ટમાં ગેરરીતિઓ સામે આવી છે. ઓડિટર જનરલ (AG) ના અહેવાલમાં ખુલાસો થયો છે કે, મૃત, ગુમ થયેલા અને રેકોર્ડમાં અસ્તિત્વ ન ધરાવતા ગોવંશના નામે પણ સરકારી ગ્રાન્ટ ફાળવવામાં આવતી હતી. આ મામલે 38 ગૌશાળાઓ પાસેથી 57.36 કરોડ રૂપિયાની વસૂલાતના આદેશ આપવામાં આવ્યા છે, પરંતુ હજુ સુધી આ રકમ વસૂલ કરી શકાઈ નથી.

રાજસ્થાનમાં ગોવંશ સંરક્ષણના નામે સરકારી નાણાંના દુરુપયોગને લઈને મોટો વિવાદ ઊભો થયો છે. એજી (AG)ના ઓડિટ અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે, વર્ષ 2023-24 દરમિયાન ઘણી ગૌશાળાઓને એવા પશુઓના નામે પણ સરકારી સબસિડી ચૂકવવામાં આવી હતી, જે કાં તો મરી ગયા હતા, અથવા સમગ્ર સમયગાળા દરમિયાન ગૌશાળામાં હાજર જ નહોતા.

અહેવાલ અનુસાર, રાજ્યની અનેક ગૌશાળાઓએ વાસ્તવિક સંખ્યા કરતાં ઘણી વધારે ગાયો દર્શાવીને સરકારી તિજોરીમાંથી કરોડો રૂપિયાની ગ્રાન્ટ મેળવી હતી. તપાસમાં બહાર આવ્યું છે કે, ગૌશાળાઓના દૈનિક પશુ વિવરણ અને 'ભારત પશુધન એપ'માં નોંધાયેલા આંકડાઓમાં મોટો તફાવત હોવા છતાં, સંબંધિત રેકોર્ડનું યોગ્ય વેરિફિકેશન કર્યા વિના જ, ગ્રાન્ટ મંજૂર કરી દેવામાં આવી હતી.

## મથુરામાં ગુજરાતી સાથે થયેલી ચોરીનો ભેદ ઉકેલાયો

# પોલીસે 4 આરોપીની ધરપકડ કરી, 2 કરોડ રોકડા, 60 લાખના દાગીના રિકવર કર્યા

**મથુરા**

મથુરાની જૈત પોલીસ સ્ટેશનની ટીમે ગુજરાતી પરિવાર સાથે થયેલી 2 કરોડ 90 લાખની સનસનાટીભરી ચોરીનો ભેદ ઉકેલી નાખ્યો છે. પોલીસે આ મામલે 4 આરોપી રાજન, આલોક, પ્રેમ સાગર અને હિરેનની ધરપકડ કરી તેમની પાસેથી 2 કરોડ રોકડા અને 60 લાખથી વધુના ઘરેણાં રિકવર કર્યા છે.

મથુરાના જૈત પોલીસ સ્ટેશન વિસ્તારમાં પોલીસે 4 મહિના જૂની મોટી ચોરીની ઘટનાનો સફળ પર્દાફાશ કર્યો છે. ગુજરાતના ગાંધીનગરના વતની રાકેશ પ્રજાપતિ પોતાના દીકરા માનવ પ્રજાપતિ સાથે વૃંદાવનમાં રહેવા આવ્યા હતા. તેમણે પોતાની મિલકત વેચીને મળેલી રકમ એક ફ્લેટમાં રાખી હતી. ત્યાં તેમની મુલાકાત ગેસ્ટ હાઉસ સંચાલક આલોક અને રાજન સાથે થઈ હતી. આરોપીઓએ તેમને આશ્રમ બનાવવાની લાલચ આપી હતી અને મોકો મળતાં જ તેમના ફ્લેટમાંથી 2 કરોડ 90 લાખ ચોરી લીધા હતા. પોલીસે આ મામલે ઊંડી તપાસ હાથ ધરીને ચાર રીઢા ચોરોને ઝડપી લીધા છે.

# ISROમાં એક વર્ષમાં 100થી વધુ અનુભવી વૈજ્ઞાનિકના રાજીનામા, સરકાર એક્શનમાં

**હરિકોટા**

ભારતીય અંતરિક્ષ સંશોધન સંસ્થા (ISRO) માં હાલમાં વૈજ્ઞાનિકોના મોટા પાયે થઈ રહેલા રાજીનામાને કારણે મોટી ઉથલપાથલ મચી ગઈ છે. ઈસરોના અનેક સિનિયર સાયન્ટિસ્ટ અને ટેકનિકલ એક્સપર્ટ્સ સંસ્થા છોડીને પ્રાઈવેટ સ્પેસ કંપનીઓ તરફ વળી રહ્યા છે. મળતી માહિતી મુજબ, છેલ્લા 1 જ વર્ષમાં આશરે 100 થી 120 વૈજ્ઞાનિકોએ ઈસરોમાંથી રાજીનામા આપી દીધા છે. રાજીનામાના આ સિલસિલાને રોકવા માટે ભારત સરકારના અંતરિક્ષ વિભાગ (DoS) એ એક અત્યંત કડક પગલું ભર્યું છે, જેના અંતર્ગત હવે વૈજ્ઞાનિકોના રાજીનામા કે વીઆરએસ (VRS) ની પ્રક્રિયાને સહેલાઈથી મંજૂરી મળશે નહીં.

ભારતમાં હાલ પ્રાઈવેટ સ્પેસ સેક્ટર ખૂબ જ ઝડપથી આગળ વધી રહ્યું છે. નવી પ્રાઈવેટ સ્પેસ કંપનીઓમાં અનુભવી અને કુશળ વૈજ્ઞાનિકોની ભારે ડિમાન્ડ છે. આ પ્રાઈવેટ કંપનીઓ વૈજ્ઞાનિકોને ઈસરો કરતા ઘણું મોટું સેલરી પેકેજ અને મોંઘી ઓફર્સ આપી રહી છે, જે પ્રતિભાશાળી વૈજ્ઞાનિકોના આ પલાયનનું મુખ્ય કારણ માનવામાં આવી રહ્યું છે.

# ખજાનાના ચક્કરમાં વેપારીની 'બલિ' ચઢાવનારા 3 પકડાયા, નદી કિનારે દફનાવેલો મૃતદેહ મળ્યો

## કુતરાઓએ પગ ચૂંથવાનું શરૂ કર્યું અને ભાંડો ફૂટ્યો, મિત્રોએ જ રચ્યું હતું મોતનું ષડયંત્ર

**ભોપાલ**

રાયસેન જિલ્લાના ગેરતગંજ વિસ્તારમાંથી છ દિવસથી ગુમ થયેલા કરોડપતિ સર્રાફા વેપારી વિજય જૈનની હત્યાનો પોલીસે 24 કલાકમાં ભેદ ઉકેલી ત્રણ આરોપીઓની ધરપકડ કરી હતી. પરાસિયા નદી કિનારે માટીમાં દફનાવેલી હાલતમાં તેમનો મૃતદેહ મળી આવ્યો હતો. ચોક બજારના રહીશ અને કરોડોના લેણદેણને કારણે 'ખજાનચી' તરીકે જાણીતા વિજય જૈનના મૃતદેહની ઓળખ સ્થળ પરથી મળેલા મોબાઈલ અને ચપ્પલના આધારે થઈ હતી. મૃતદેહ ત્યારે મળી આવ્યો જ્યારે એક ભરવાડે કુતરાઓને જમીનમાંથી બહાર દેખાતા પગને ચૂંથતા જોઈ પોલીસને જાણ કરી હતી.

પોલીસે મોબાઈલ લોકેશન, કોલ ડિટેલ્સ, એફએસએલ ટીમ અને ડોગ સ્ક્વોડની મદદથી તપાસ કરીને હિનોતિયાના પ્રહલાદ સાહુ, તેનો પુત્ર ટીકમ સાહુ અને ઉદમાઉના કરીમ ખાનની ધરપકડ કરી હતી. આરોપીઓએ કબૂલ્યું કે પરાસિયા નદી કિનારે દટાયેલા ખજાનાને મેળવવા માટે તાંત્રિક વિધિના બહાને વિજય જૈનને બોલાવ્યા હતા. અગરબત્તી સળગાવતાં જ તેઓ બેહોશ થઈ ગયા બાદ કુહાડીથી ગળું કાપી હત્યા કરી લાશ દાટી દીધી હતી. પોલીસે કેસને અંધશ્રદ્ધા હેઠળની 'બલિ' ગણાવ્યો હોવા છતાં શંકા વ્યક્ત થઈ રહી છે. કારણ કે વિજય જૈનની એક આંખ કૃત્રિમ હતી અને તાંત્રિક માન્યતાઓ મુજબ આવી વ્યક્તિની બલિ અપાતી નથી. કરોડોની લેણદેણ અથવા પ્રોપર્ટી વિવાદ છુપાવવા માટે 'બલિદાન'ની વાર્તા ઘડી કાઢવામાં આવી હોવાની ચર્ચા પણ તેજ બની છે.

# ચોમાસું સત્ર પહેલા કોંગ્રેસની વ્યૂહનીતિ : બંધારણ સુધારા અને સીમાંકન બિલનો વિરોધ કરશે

**નવી દિલ્હી**

સંસદમાં ચોમાસુ સત્ર દરમિયાન કેન્દ્ર સરકારને ઘેરવા માટે કોંગ્રેસે વ્યૂહનીતિ ઘડી કાઢી છે. પાર્ટીની સંસદીય વ્યૂહરચના સમિતિની લગભગ દોઢ કલાક સુધી બેઠક યોજાઈ હતી. ત્યારબાદ કોંગ્રેસના મહાસચિવ જયરામ રમેશ અને સાંસદ નાસિર હુસેને પ્રેસ કોન્ફરન્સ કરીને કહ્યું કે, અમારી પાર્ટી સરકારના મુખ્ય વિધેયકોનો વિરોધ કરશે. કોંગ્રેસે કહ્યું કે, સીમાંકન, બંધારણીય સુધારો, 'વન નેશન, વન ઈલેક્શન', એફસીઆરએ સુધારો અને રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા કાયદામાં સૂચિત ફેરફારોનો વિરોધ કરશે. કોંગ્રેસે એવું પણ કહ્યું કે, ચોમાસા સત્ર દરમિયાન કયા-કયા વિધેયકો રજૂ કરવામાં આવશે, તેની સરકારે કોઈ ઔપચારિક માહિતી આપી નથી.

# રામજી મંદિર ચોરી કેસમાં પુરાવા મળ્યા, 15 હજારના પગારદાર પાસે 20 કરોડની મિલકતો

**અયોધ્યા**

અયોધ્યાના ભવ્ય રામ મંદિરમાં પ્રસાદ ચોરીના કેસની તપાસ કરી રહેલી SITને આ ગુના સાથે જોડાયેલા પુરાવા મળ્યા છે. મૂળ બસ્તી જિલ્લાનો વતની મહેશ કુમાર, અયોધ્યામાં મુખ્ય આરોપી ટિનુના ઘરે જ ભાડૂઆત તરીકે રહેતો હતો. મહેશ કુમારને મંદિરના ગણતરી ખંડમાં સીધી ફરજ સોંપવામાં આવી ન હતી, પરંતુ તેનું મુખ્ય કામ હિસાબ-કિતાબ રાખવાનું અને ટેલી શીટ તૈયાર કરવાનું હતું. આ જ હોદ્દાનો દુરુપયોગ કરીને તેણે છેલ્લા એક વર્ષમાં અસાધારણ અને અસ્પષ્ટ સંપત્તિ એકઠી કરી હોવાની ચોંકાવનારી વિગતો સામે આવી છે. લેખિત ફરિયાદ અનુસાર, પ્રસાદ ચોરીનો મામલો ગત 12 જૂનના રોજ પ્રકાશમાં આવ્યાના ગણતરીના દિવસોમાં જ મહેશ કુમારે ગહરાજા ગામમાં 90 લાખના ખર્ચે 6 વિઘા જમીન ખરીદી હતી. મહેશનો ભાઈ રમેશ કુમાર સંપૂર્ણપણે બેરોજગાર છે અને મહેશનો પોતાનો માસિક પગાર માત્ર 15,000થી 8,000 ની વચ્ચે છે. આરોપો મુજબ, મહેશ કુમારે માત્ર એક જ વર્ષમાં અયોધ્યાના દર્શન નગર ઉપરાંત બસ્તી, લખનૌ અને પ્રયાગરાજમાં અંદાજે 20 જેટલી સ્થાવર મિલકતો વસાવી લીધી છે, જેની બજાર કિંમત 20 કરોડથી વધુ હોવાનું મનાય છે.

# રાજસ્થાનમાં 500 રૂપિયા ખોવાતાં ટીચરે ધો.9 અને 11ની વિદ્યાર્થિનીના કપડાં ઉતરાવ્યા

**જયપુર**

રાજસ્થાનના ગંગાપુર સિટીના બામનવાસ વિસ્તારમાં સરકારી શાળામાં ફરજ બજાવતી એક શિક્ષિકાના 500 ક્લાસરૂમમાંથી ગુમ થઈ ગયા હતા. પૈસા ન મળતાં શિક્ષિકાએ ધોરણ 9 અને 11ની વિદ્યાર્થિનીઓને શંકાના આધારે એક રૂમમાં બંધ કરી કરી કપડાં ઉતરાવીને નિર્વસ્ત્ર કરવામાં આવી હતી. આ શરમનાક ઘટનાની જાણ થતાં જ વિદ્યાર્થિનીઓના વાલીઓ અને ગ્રામજનો ગુસ્સે ભરાયા હતા. મોટી સંખ્યામાં લોકો શાળાએ પહોંચ્યા હતા અને હંગામો મચાવી દીધો હતો. રોષે ભરાયેલા ગ્રામજનોએ શાળાના મુખ્ય દરવાજા પર તાળું મારી દીધું હતું. ગ્રામજનો અને વાલીઓ દોષિત શિક્ષિકાઓને તાત્કાલિક સસ્પેન્ડ કરાઈ હતી.

# US ફેડની નવી ટીમમાં 3 ભારતીયો દિગ્ગજોને સ્થાન

## બેલેન્સ શીટ પોલિસીની સમીક્ષા કરશે રઘુરામ રાજન, ડેટા ટાસ્ક ફોર્સમાં રાજ ચેટ્ટીને મળ્યું સ્થાન

**વોશિંગ્ટન**

અમેરિકન ફેડરલ રિઝર્વ દ્વારા નાણાકીય નીતિની સમીક્ષા કરવા માટે પાંચ મુખ્ય ટાસ્ક ફોર્સની રચના કરવામાં આવી છે, જેમાં ભારતીય મૂળના 3 નિષ્ણાતોનો સમાવેશ કરાયો છે. ભારતીય રિઝર્વ બેંકના પૂર્વ ગવર્નર રઘુરામ રાજન, હાર્વર્ડ યુનિવર્સિટીના અર્થશાસ્ત્રી રાજ ચેટ્ટી અને માઈક્રોસોફ્ટના એક્ઝિક્યુટિવ આશા શર્માને આ ટાસ્ક ફોર્સમાં નિયુક્ત કરવામાં આવ્યા છે. ફેડરલ રિઝર્વના નવા ચેરમેન કેવિન વાર્શે મોનેટરી પોલિસી બનાવવાના મહત્ત્વપૂર્ણ ક્ષેત્રોની તપાસ માટે આ ટાસ્ક ફોર્સની રચના કરી છે. રઘુરામ રાજનને બેલેન્સ શીટ પોલિસી ટાસ્ક ફોર્સમાં સામેલ કરવામાં આવ્યા છે. આ પેનલમાં હાર્વર્ડના અર્થશાસ્ત્રી કરેન ડાયનન અને ફેડરલ રિઝર્વના પૂર્વ ગવર્નર જેરેમી સ્ટીન પણ સામેલ છે. આ ટાસ્ક ફોર્સ ફેડરલ રિઝર્વની વર્તમાન બેલેન્સ શીટ વ્યવસ્થાના ખર્ચ, લાભ અને સંસ્થાકીય અસરોની તપાસ કરશે. ગ્લોબલ ઈકોનોમી અને મોનેટરી પોલિસીના ઊંડા જાણકાર હોવાથી, રાજનની કુશળતા આ પેનલમાં મહત્ત્વની ભૂમિકા ભજવશે.

હાર્વર્ડ યુનિવર્સિટીના પ્રખ્યાત અર્થશાસ્ત્રી રાજ ચેટ્ટીની ડેટા ટાસ્ક ફોર્સમાં નિમણૂક કરવામાં આવી છે. આ પેનલમાં ડગ મેકમિલન અને શિકાગો યુનિવર્સિટીના અર્થશાસ્ત્રી કેવિન મર્ફી પણ સામેલ છે. આ ટાસ્ક ફોર્સ ફેડરલ રિઝર્વના નીતિગત નિર્ણયોમાં ઉપયોગમાં લેવાતા આર્થિક ડેટાની ગુણવત્તા અને સમયબદ્ધતામાં સુધારો કરવા પર ધ્યાન કેન્દ્રિત કરશે. ચેટ્ટી રિયલ ટાઈમ અને વહીવટી ડેટાનો ઉપયોગ કરીને ઈકોનોમિક મોબિલિટી, અસમાનતા અને લેબર માર્કેટના અભ્યાસ માટે જાણીતા છે. માઈક્રોસોફ્ટના એક્ઝિક્યુટિવ વાઈસ પ્રેસિડેન્ટ અને Xbox ના CEO આશા શર્માને પ્રોડક્ટિવિટી એન્ડ જોબ્સ ટાસ્ક ફોર્સમાં નિયુક્ત કરવામાં આવ્યા છે. આ પેનલમાં માર્ક એન્ડ્રીસન અને સ્ટેનફોર્ડના અર્થશાસ્ત્રી ચાર્લ્સ આઈ જોન્સ પણ સામેલ છે.

# તિરુપતિ બાલાજી મંદિરે ઈતિહાસ રચ્યો 24 કલાકમાં 97 કરોડનું દાન મળ્યું

## નવી નીતિના અમલ પૂર્વે દાતાઓએ દાનની સરવાણી વહાવી

**તિરૂપતિ**

તિરૂમલા - આંધ્રપ્રદેશના તિરૂમલા સ્થિત વિશ્વ પ્રસિદ્ધ શ્રી વેંકટેશ્વર (તિરૂપતિ બાલાજી) મંદિરમાં મંગળવારે દાન આપનારાઓની એવી ભીડ ઉમટી કે, માત્ર 24 કલાકમાં મંદિરને 96.98 કરોડ રૂપિયાનું રેકોર્ડ દાન પ્રાપ્ત થયું હતુ. પ્રથમ નજરે આ સામાન્ય ધાર્મિક આસ્થાની બાબત લાગી શકે છે, પરંતુ તેની પાછળનું કારણ કંઈક અલગ જ નીકળ્યું.

તિરૂમલા તિરૂપતિ દેવસ્થાનમ (TTD)ની નવી ડોનર પોલિસી 15 જુલાઈની મધ્યરાત્રિથી લાગુ થઈ ગઈ છે, જેના પછી દાતાઓને મળતી આજીવન સુવિધાઓમાં મોટો ફેરફાર કરવામાં આવ્યો છે. આ જ કારણ છે કે, હજારો શ્રદ્ધાળુઓએ નવી પોલિસી લાગુ થાય તે, પહેલાં દાન આપીને જૂના નિયમો હેઠળ મળતા આજીવન લાભો સુરક્ષિત કરી લીધા હતા.

અહેવાલો અનુસાર, મંગળવારે કુલ 2,460 દાતાઓએ મંદિરમાં યોગદાન આપ્યું હતું. તેમાંથી 1,212 શ્રદ્ધાળુઓએ 1 લાખથી 10 લાખ રૂપિયા વચ્ચે દાન આપ્યું, જ્યારે 1,246 લોકોએ 10 લાખથી 25 લાખ રૂપિયા સુધીનું યોગદાન આપ્યું હતુ.

# અમેરિકાના યુટામાં મૂળ ભારતીય યુવક પર ધર્મના નામે હુમલો કરાયો

**ન્યૂયોર્ક**

અમેરિકાના યુટા રાજ્યમાં આવેલા વેસ્ટ વેલી સિટીના 'વેલી ફેયર મોલ'માં સોમવારે આ ઘટના બની હતી. ત્યાંના એક સ્ટોલ પર કામ કરતા સોહેલ નામના ભારતીય યુવકને નિશાન બનાવીને એક માથાભારે શખ્સે ચાકુના આડેધડ ઘા ઝીંકી દીધા હતા. આ હુમલો એટલો ભયાનક હતો કે ગંભીર રીતે ઘવાયેલા સોહેલને તાત્કાલિક હોસ્પિટલ ખસેડવો પડ્યો હતો, જ્યાં હાલમાં તેની સ્થિતિ અત્યંત નાજુક હોવાનું જાણવા મળ્યું છે. સ્થાનિક પોલીસના જણાવ્યા અનુસાર, હુમલાખોરની ઓળખ 48 વર્ષીય પીટર માઈકલ લાર્સન તરીકે થઈ છે. ધરપકડ બાદ આરોપીએ પોલીસ પૂછપરછમાં ચોંકાવનારો ખુલાસો કર્યો છે. તેણે સ્વીકાર્યું છે કે તેણે સોહેલ પર માત્ર એટલા માટે જ હુમલો કર્યો કારણ કે તે મુસ્લિમ હતો. આરોપીએ નફરત ફેલાવતા નિવેદનમાં એમ પણ જણાવ્યું કે તે મુસ્લિમોને મારી નાખવા માંગે છે. પોલીસે આ આરોપીને જાહેર સુરક્ષા માટે અત્યંત ગંભીર ખતરો ગણાવ્યો છે.

# ન્યૂઝીલેન્ડમાં 5.9ની તીવ્રતાનો જોરદાર ભૂકંપ દરિયાકાંઠાના વિસ્તારોમાં સુનામીનું હાઈ એલર્ટ

## અસરગ્રસ્ત વિસ્તારોમાંથી લોકોને તાત્કાલિક ઊંચા સ્થળોએ ખસી જવા અપીલ કરાઈ

**ઓકલેન્ડ**

ન્યૂઝીલેન્ડના દક્ષિણ દ્વીપના પશ્ચિમ કિનારે ગુરુવારે બપોરે 5.9ની તીવ્રતાનો શક્તિશાળી ભૂકંપ આવ્યો હતો. ભૂકંપના આંચકા એટલા તીવ્ર હતા કે તેના તુરંત બાદ પ્રશાસને તટીય વિસ્તારો માટે સુનામીનું એલર્ટ જાહેર કર્યું છે. અમેરિકી ભૂગર્ભ સર્વેક્ષણ (USGS) ના જણાવ્યા અનુસાર, આ ભૂકંપનું કેન્દ્રબિંદુ તે અનાઉ શહેરથી આશરે 42 કિલોમીટર ઉત્તર-ઉત્તર પશ્ચિમમાં જમીનથી 76.4 કિલોમીટરની ઊંડાઈએ હતું. ભૂકંપ બાદ ન્યૂઝીલેન્ડની રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન એજન્સીએ પ્રભાવિત વિસ્તારોના લોકોને તુરંત સુરક્ષિત સ્થાનો પર જવા આદેશ આપ્યો છે. એજન્સીએ સૂચના આપતા જણાવ્યું છે કે, 'અસરગ્રસ્ત વિસ્તારોમાં રહેતા લોકો કોઈપણ પ્રકારનો સમય બગાડ્યા વિના સુનામી સંભવિત વિસ્તારોમાંથી બહાર નીકળી જાય અને નજીકના ઊંચા સ્થળો અથવા મેદાની ભાગો તરફ જતા રહે.' નાગરિક સુરક્ષા વિભાગે સોશિયલ મીડિયા પર માહિતી આપતા જણાવ્યું છે કે, ફિયોર્ડલેન્ડ નજીક રાત્રે 9 વાગ્યેને 14 મિનિટે આવેલા આ ભૂકંપ બાદ દરિયાકાંઠાના વિસ્તારોમાં પાણીનું સ્તર અચાનક વધી શકે છે અને દરિયામાં અતિ તીવ્ર તેમજ અસામાન્ય મોજા ઉછળી શકે છે.

# પીઓકેમાં પાકિસ્તાન વિરુદ્ધ બળવો ઉગ્ર બન્યો મુઝફ્ફરાબાદ માર્ચથી શહબાઝ સરકાર ચિંતિત

## વિરોધ અને પ્રદર્શનો કરનાર અનેક કાર્યકરોની અટકાયત : રસ્તાઓ બંધ કરાયા

**ઈસ્લામાબાદ**

પાકિસ્તાન અધિકૃત કાશ્મીર (PoK)માં છેલ્લા કેટલાક સમયથી પાકિસ્તાન સરકાર વિરુદ્ધ લોકોનો અસંતોષ સતત વધી રહ્યો છે. મુઝફ્ફરાબાદ માર્ચને રોકવા માટે પાકિસ્તાનની સુરક્ષા એજન્સીઓ અને સેનાએ અનેક વિસ્તારોમાં કડક બંદોબસ્ત ગોઠવ્યો છે. વિરોધીઓને આગળ વધતા અટકાવવા માટે રસ્તાઓ બંધ કરવામાં આવ્યા છે, અનેક સ્થળોએ ચેકપોસ્ટ ઉભી કરવામાં આવી છે અને મોટી સંખ્યામાં સુરક્ષા દળોની તૈનાતી કરવામાં આવી છે. અહેવાલો મુજબ, વિરોધ પ્રદર્શનોમાં જોડાયેલા અનેક કાર્યકરોને અટકાયત કરવામાં આવી છે. કેટલાક વિસ્તારોમાં લોકોનો દાવો છે કે સુરક્ષા દળોએ બળનો ઉપયોગ કરીને વિરોધને દબાવવાનો પ્રયાસ



કર્યો છે. જેના કારણે સ્થાનિકોમાં વધુ રોષ જોવા મળી રહ્યો છે. વિરોધ પ્રદર્શનનું મુખ્ય કારણ લાંબા સમયથી ચાલી રહેલી આર્થિક મુશ્કેલીઓ, રોજગારીનો અભાવ, મોંઘવારી, વીજળી અને અન્ય મૂળભૂત સુવિધાઓની અછત તેમજ રાજકીય હકોના મુદ્દાઓ હોવાનું જણાવવામાં આવે છે.

# ભારતને ઓઈલ વેચવા ટ્રમ્પનું ફરી નાટક ટેરિફ 500%ને બદલે ઘટાડી 100% કર્યો

## સેનેટરોએ સંસદમાં સંશોધિત ખરડો રજૂ કર્યો

**વોશિંગ્ટન**

અમેરિકન સેનેટરોએ મંગળવારે રશિયા પર પ્રતિબંધ લગાવતો સંશોધિત ખરડો રજૂ કર્યો છે. દિવંગત સેનેટર લિન્ડસે ગ્રેહામ દ્વારા સમર્થિત આ ખરડામાં મૂળ પ્રસ્તાવની તુલનાએ ભારત, ચીન અને રશિયન ઓઈલ ખરીદનારા અન્ય દેશો પર લગાવવામાં આવેલા ૫૦૦ ટકા જેટલા ભારે ટેરિફને ઘટાડીને ૧૦૦ ટકા કરી દેવાયો છે. આ ટેરિફનો હેતુ રશિયન વોર મશીનરીનું ફંડિંગ અટકાવવાનો છે. તેના પગલે ભારત અને ચીન જેવા દેશો તેમની ઉર્જા જરૂરિયાતોના બદલે રશિયા પરની નિર્ભરતા ઘટાડે. નવા સશોધિત ખરડામાં તે દેશોને મોટી રાહત આપવામાં આવી છે જે રશિયા પાસેથી ક્રૂડ ઓઈલ અને ગેસની ખરીદી મોટાપાયા પર કરે છે. એપ્રિલ ૨૦૨૫માં રજૂ કરવામાં આવેલા મૂળ પ્રસ્તાવમાં રશિયન ઈંધણ ખરીદનારા દેશો પર ૫૦૦ ટકા ટેરિફ લગાવવાની વાત કહેવામાં આવી હતી. ટ્રમ્પ સરકારે હવે તેને બદલીને ટોચના પાંચ ખરીદદારો માટે મહત્તમ પેનલ્ટી ૧૦૦ ટકા ટેરિફ સુધી મર્યાદિત કરી દીધી છે.

# ભારત સામે નવો પડકાર ! રશિયા-ચીનના રાજદૂતોએ પાકિસ્તાનના કર્યા વખાણ

**નવીદિલ્હી**

રશિયા અને ચીનના રાજદૂતોએ પાકિસ્તાનની વ્યૂહાત્મક સ્થિતિની પ્રશંસા કરતા તેને એક મહત્વપૂર્ણ ભાગીદાર ગણાવ્યો હતો. પાકિસ્તાનમાં રશિયાના રાજદૂત આલ્બર્ટ પી. ખોરેવ અને ચીનના રાજદૂત જિયાંગ ઝૈડોંગે એક સંયુક્ત લેખ લખ્યો છે, જેમાં પાકિસ્તાન સાથેના સંબંધોને મજબૂત કરવાની વાત કરવામાં આવી છે. આ લેખમાં પાકિસ્તાનની વ્યૂહાત્મક સ્થિતિના વખાણ કરવામાં આવ્યા છે, અને તેને ચીન તેમજ રશિયાનો નજીકનો મિત્ર ગણાવીને ભવિષ્યમાં સહયોગ વધારવાની જાહેરાત કરવામાં આવી છે. પ્રાદેશિક બાબતો પર, રશિયા અને ચીનના રાજદૂતોએ અફઘાનિસ્તાનના મુદ્દા પર સાથે મળીને કામ કરવાના મહત્વ પર ભાર મૂક્યો હતો.

# આઝાદીના 250 વર્ષ પૂણ થવાના આરે US 1 ડોલરનો સોનાનો નવો સિક્કો શરૂ કરશે

## સિક્કા પર આગળ ટ્રમ્પનો ફોટો, પાછળ ઇન ગોડ વી ટ્રસ્ટ લખ્યું છે

અમેરિકાની આઝાદીના 250 વર્ષ પૂર્ણ થવાના અવસરે અમેરિકન સરકાર 1 ડોલરનો સોનાનો નવો સિક્કો શરૂ કરવા જઈ રહી છે. આ એક પ્રકારનો સ્મારક સોનાનો સિક્કો હશે, જેના પર અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની તસવીર હશે. 24 કેરેટ સોનાના આ સિક્કા પર ટ્રમ્પની તસવીરની સાથે 'લિબર્ટી' અને 'ઇન ગોડ વી ટ્રસ્ટ' લખેલું છે. સાથે જ સિક્કા પર આઝાદીના વર્ષો દર્શાવતા 1776-2026 કંડારવામાં આવ્યું છે. અમેરિકાને 4 જુલાઈ 1776ના રોજ આઝાદી મળી




હતી, અને આ વર્ષે 4 જુલાઈના રોજ દેશની આઝાદીને 250 વર્ષ પૂર્ણ થયા છે. અમેરિકાના નાણા મંત્રી સ્કોટ બેસન્ટ એ જણાવ્યું કે, સ્વતંત્રતાના અમર વારસા અને દેશભક્તિના સ્થાયી પ્રતીકના સન્માનમાં નવો સિક્કો બહાર પાડી રહ્યો છે.

# ઈન્ડિયા-બેલ્જિયમ વચ્ચે પ્રથમ વ્યૂહાત્મક સંવાદ, વેપાર-રક્ષા સુધી સહયોગ વધારવા સહમતિ

**બેદ્રીનાથ**

ભારત અને બેલ્જિયમે દ્વિપક્ષીય સંબંધોને વધુ મજબૂત બનાવવા માટે પ્રથમ ભારત-બેલ્જિયમ વ્યૂહાત્મક સંવાદ યોજ્યો હતો. આ બેઠકની સહ-અધ્યક્ષતા ભારતના વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર અને બેલ્જિયમના ઉપ-પ્રધાનમંત્રી તથા વિદેશ મંત્રી મેક્સિમ પ્રેવોટ કરી હતી. આ વ્યૂહાત્મક સંવાદ ભારત-યુરોપિયન યુનિયન ભાગીદારીના વ્યાપક માળખા હેઠળ નિયમિત રાજકીય ચર્ચા માટેના નવા મંચ તરીકે કાર્ય કરશે. બેઠક દરમિયાન વેપાર અને રોકાણ, ગ્રીન એનર્જી ટ્રાંઝિશન, નવીનતા અને ટેક્નોલોજી, કનેક્ટિવિટી, રક્ષા અને સુરક્ષા, પ્રાદેશિક તેમજ વૈશ્વિક મુદ્દાઓ પર સહયોગ વધારવા અંગે ચર્ચા થઈ હતી.

# ફૂટબોલનો રોમાંચક જંગ : સ્પેન અને અર્જેન્ટિના વચ્ચે જામશે ફાઈનલ મુકાબલો

**રવિવારે ફૂટબોલ જગત ફિફા વર્લ્ડ કપ 2026 ની ભવ્ય ફાઈનલનું સાક્ષી બનવા જઈ રહ્યું છે, જ્યાં સ્પેન અને અર્જેન્ટિના વચ્ચે ટક્કર થશે. સ્પેનની ટીમે સેમિફાઈનલમાં ફ્રાંસને હરાવીને ફાઈનલની ટિકિટ કાપી છે, જ્યારે અર્જેન્ટિનાની ટીમે પણ પોતાના હરીફોને મહાત આપીને આ અંતિમ પડાવમાં શાનદાર પ્રવેશ કર્યો છે. દુનિયાભરના ચાહકો માટે આ એક અત્યંત રોમાંચક મુકાબલો બની રહેશે. બંને ટીમો ખૂબ જ શક્તિશાળી અને ઉત્સાહિત હોવાથી, આ મહાસંગ્રામમાં હવે અંતિમ મેચ પણ રસપ્રદ રહેશે.**

## સ્પેન ૧૬ વર્ષ બાદ ફાઈનલમાં

ડલાસ । ફિફા વર્લ્ડકપ ૨૦૨૬ના સેમિફાઇનલમાં મોટો ઉલટફેર જોવા મળ્યો હતો. ટૂર્નામેન્ટમાં અત્યાર સુધી અજેય રહેલી અને ટાઇટલ જીતવાની પ્રબળ દાવેદાર ગણાતી ફ્રાન્સની મજબૂત ટીમને સ્પેને ૨-૦થી કારમો પરાજય આપીને બહાર ફેંકી દીધી છે. ડલાસ સ્ટેડિયમ ખાતે રમાયેલા આ હાઇ-વોલ્ટેજ મુકાબલામાં સ્પેને શિસ્તબદ્ધ રમત બતાવી ફ્રાન્સના આક્રમણને રોકી રાખ્યું હતું. સ્પેન વતી ૨૨મી મિનિટે મિકેલ ઓયરઝાબલે પેનલ્ટી પર પ્રથમ ગોલ કર્યો હતો, જ્યારે ૫૮મી મિનિટે પેડ્રો પોરોએ આકર્ષક ગોલ ફટકારીને જીત નિશ્ચિત કરી હતી. આ ઐતિહાસિક વિજય સાથે સ્પેને ૧૬ વર્ષ બાદ ફાઇનલમાં પ્રવેશ કર્યો છે. સ્પેને છેલ્લીવાર ૨૦૧૦માં વર્લ્ડકપની ફાઇનલ રમી હતી




## આર્જેન્ટિના સાતમીવાર ફાઈનલમાં

જોર્જિયા । આર્જેન્ટિના અને ઈંગ્લેન્ડ વચ્ચે રમાયેલી બીજી સેમિફાઈનલમાં ડિફેન્ડિંગ ચેમ્પિયન આર્જેન્ટિનાએ બીજા હાફની ૮૪મી મિનિટ સુધી ૧-૦ની લીડ સાથે વિજય તરફ આગળ વધી રહેલી ઈંગ્લેન્ડની ટીમથી હાથ વેંત દૂર જીતને સાત મિનિટમાં બે ગોલ ફટકારી છિનવીને ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો. રોમાંચક મેચનો હીરો આર્જેન્ટિનાનો કેપ્ટન લિયોનલ મેસી રહે હતો જેને ૯૬ ટચ સાથે ૮૫મી મિનિટે એન્ઝો ફર્નાન્ડીઝ અને ૯૦+૨ મિનિટે લૌતારો માર્ટિનેઝને ગોલ આસિસ્ટ કરીને મેચનું પાસુ પલ્ટી નાંખ્યું હતું. આ જીત સાથે આર્જેન્ટિના સાતમી વખત ફિફા વર્લ્ડકપના ફાઈનલમાં પ્રવેશ્યું છે. રોમાંચક મેચમાં આર્જેન્ટિના અને ઈંગ્લેન્ડના ખેલાડીઓ વચ્ચે પહેલી મિનિટથી છેક છેલ્લી મિનિટ સુધી ગરમા ગરમી જોવા મળી હતી.

### અમે અપેક્ષા મુજબનું પ્રદર્શન ના કરી શક્યા : એમ્બાપ્પે

એમ્બાપ્પેએ કહ્યું કે હાર કોઈપણ ટીમના સફરનો એક હિસ્સો હોય છે અને તેમાંથી શીખ મેળવીને આગળ વધવું જોઈએ. તેણે કહ્યું, 'જ્યારે તમે જીતો છો ત્યારે માથું ઊંચું રાખો છો, પરંતુ જ્યારે હારો છો ત્યારે પણ માથું ઊંચું રાખવું પડે છે.' એમ્બાપ્પેએ પોતાની નિરાશા વ્યક્ત કરતા વધુમાં ઉમેર્યું હતું કે, 'અમે ઈચ્છતા હતા તેવું પ્રદર્શન અમે કરી શક્યા નથી. વાત રણનીતિની હોય, ટેકનિકની હોય કે આખી ટીમના પ્રદર્શનની, અમે અમારા શ્રેષ્ઠ સ્તર સુધી પહોંચી શક્યા ન હતા. વર્લ્ડકપ સેમિફાઇનલ જેવા મોટા મુકાબલામાં જો તમે તમારી યોજનાને યોગ્ય રીતે અમલમાં ન મૂકી શકો તો જીતવું મુશ્કેલ બની જાય છે.'

### ઈંગ્લેન્ડના કોચની આ એક ભૂલ આખી ટીમ પર ભારે પડી

મેચની 55મી મિનિટે 1-0ની લીડ મેળવ્યા બાદ, ઈંગ્લેન્ડના કોચ થોમસ ટુકેલે રક્ષણાત્મક ફેરફારો કર્યા, જે તેમની સૌથી મોટી ભૂલ સાબિત થઈ. મેસ્સીએ 85મી અને 90+2 મિનિટે ગોલ અસિસ્ટ કરીને આર્જેન્ટિનાને રોમાંચક વિજય અપાવ્યો. કોચ ટુકેલે 72મી મિનિટે એકમાત્ર ગોલ કરનાર આક્રમક ખેલાડી એન્થની ગોર્ડનને મેદાનની બહાર સબસ્ટિટ્યુટ કરીને ડિફેન્ડર એઝરી કોન્સાને મેદાનમાં ઉતાર્યો હતો. આ ફેરફાર સાથે ટીમ 5 ડિફેન્ડર્સની રણનીતિ સાથે રમવા લાગી. ત્યારબાદ 82મી મિનિટે વધુ રક્ષણાત્મક ફેરફારો કરતાં રીસ જેમ્સ અને ડેક્લાન રાઈસ જેવા સક્રિય ખેલાડીઓને બહાર કરી દીધા.

**હવે ચેમ્પિયન બનવું આસાન નહીં હોય !**

## ICCએ વનડે અને ટી20 વર્લ્ડ કપના ફોર્મેટ બદલી નાખ્યા

ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ એટલે કે ICC દ્વારા વનડે અને ટી20 વર્લ્ડ કપના ફોર્મેટમાં મોટા ફેરફારો મંજૂર કરવામાં આવ્યા છે. એડિનબર્ગમાં આયોજિત બેઠકમાં લેવાયેલા આ નિર્ણયોનો મુખ્ય હેતુ રમતને દર્શકો અને ખેલાડીઓ માટે વધુ રોમાંચક બનાવવાનો છે. ICCના જણાવ્યા અનુસાર 'આ ફેરફારોનો ઉદ્દેશ્ય ટૂર્નામેન્ટની દરેક મેચને વધુ સ્પર્ધાત્મક, વધુ અર્થપૂર્ણ અને વધુ રોમાંચક બનાવવાનો છે'. આ નવા નિયમો લાગુ થવાથી શરૂઆતની મેચોથી લઈને ફાઈનલ સુધી દરેક મુકાબલાનું મહત્વ અને રોમાંચ ખૂબ વધી જશે.



### વનડે વર્લ્ડ કપમાં સુપર સિરીઝ અને સુપર-7નો રોમાંચ

નવા ફોર્મેટ હેઠળ વનડે વર્લ્ડ કપમાં પહેલાની જેમ 14 ટીમો જ ભાગ લેશે પરંતુ હવે આખી રમત 3 અલગ-અલગ તબક્કામાં રમાશે.

1. પ્રથમ તબક્કામાં ટૂર્નામેન્ટની શરૂઆતમાં આઈસીસી રેન્કિંગમાં 12, 13 અને 14મા ક્રમે રહેલી ટીમો વચ્ચે 'સુપર સિરીઝ' રમાશે અને આ ત્રણમાંથી ટોચ પર રહેનારી માત્ર 1 ટીમ જ આગળના રાઉન્ડમાં પ્રવેશ મેળવશે.

2. બીજા તબક્કામાં 12 ટીમોને 6-6ના 2 ગ્રુપમાં વહેંચવામાં આવશે અને બંને ગ્રુપની ટોચની 3-3 ટીમો તેમજ અન્ય 1 સૌથી શ્રેષ્ઠ પ્રદર્શન કરનારી ટીમ મળીને કુલ 7 ટીમો આગળના રાઉન્ડમાં પહોંચશે.

3. ટૂર્નામેન્ટના ત્રીજો તબક્કા સૌથી મોટો ફેરફાર કરાયો છે, જેમાં સુપર-7માં પહોંચેલી સાતેય ટીમો એકબીજા વિરુદ્ધ 'રાઉન્ડ રોબિન મુકાબલો' રમશે. આ રાઉન્ડમાં તમામ ટીમો એકબીજા સામે મેચ રમશે અને પોઈન્ટ ટેબલ પર ટોચનું સ્થાન મેળવનારી 4 ટીમો સેમીફાઈનલમાં પ્રવેશ કરશે. સેમીફાઈનલમાં પહેલા નંબરની ટીમ ચોથા નંબરની ટીમ સામે અને બીજા નંબરની ટીમ ત્રીજા નંબરની ટીમ સામે રમશે અને આ બંને મેચની વિજેતા ટીમો ફાઈનલમાં ટકરાશે.

### ટી20 વર્લ્ડ કપમાં સુપર-10ની એન્ટ્રી

ટી20 વર્લ્ડ કપમાં પણ મોટો બદલાવ કરીને સુપર-8 ની જગ્યાએ હવે 'સુપર-10' લાવવામાં આવ્યું છે. પ્રથમ તબક્કામાં 4-4 ટીમોના 5 ગ્રુપ બનાવવામાં આવશે અને દરેક ગ્રુપમાંથી ટોચની 2 ટીમો આગળના રાઉન્ડમાં જશે. બીજા તબક્કામાં આ 10 ટીમોને 5-5ના 2 ગ્રુપમાં વહેંચવામાં આવશે જેથી ઉભરતી અને નાની ટીમોને પણ રમવાની વધુ તકો મળી શકે.

### એલિમિનેટર મેચ નક્કી કરશે સેમીફાઈનલની ટીમો

નવા નિયમ મુજબ સુપર-10ના બંને ગ્રુપની ટોચની 1-1 ટીમ સીધી સેમીફાઈનલમાં પહોંચી જશે. બાકીની બે સેમીફાઈનલ સીટ માટે રસપ્રદ લડાઈ થશે જેમાં એક ગ્રુપની બીજા નંબરની ટીમ બીજા ગ્રુપની ત્રીજા નંબરની ટીમ સાથે 'એલિમિનેટર' મેચ રમશે. આ બંને એલિમિનેટર મેચો જીતનારી ટીમો સેમીફાઈનલની બાકીની બે જગ્યાઓ મેળવશે.

## બીજી વન-ડેમાં ઈંગ્લેન્ડે ભારતને ચાર વિકેટથી હરાવ્યું : શ્રેણી 1-1થી સરભર

**બીજી વન-ડેમાં જો રૂટ 99 રન પર નોટઆઉટ રહ્યો; શ્રેયસ-વિરાટની ફિફ્ટી એળે ગઈ**

**લંડન**

ઈંગ્લેન્ડે બીજી વન-ડેમાં ભારતને 4 વિકેટથી હરાવીને ત્રણ મેચની સિરીઝ 1-1થી બરાબર કરી દીધી છે. ટીમે 234 રનનો ટાર્ગેટ 44.1 ઓવરમાં 6 વિકેટ ગુમાવીને ચેઝ કરી લીધો. જો રૂટ 99 રન બનાવીને નોટઆઉટ પરત ફર્યો. ગસ એટકિન્સને 16 બોલમાં અણનમ 23 રન બનાવ્યા.




ભારત તરફથી જસપ્રીત બુમરાહે બેન ડકેટ, પ્રસિદ્ધ ક્રિષ્નાએ જેકબ બેથેલ, ગુરનૂર બરારે હેરી બ્રુક અને વિલ જેક્સ, શિવમ દુબેએ સેમ કરન, જ્યારે અક્ષર પટેલે જોસ બટલરની વિકેટ લીધી હતી. શરૂઆતી ઝટકાઓ છતાં રૂટે ઈનિંગ્સ સંભાળતા ઈંગ્લેન્ડને જીત અપાવી.

આ પહેલાં ટૉસ હારતા પહેલી બેટિંગ કરતા ભારત 44 ઓવરમાં 233 રન પર ઓલઆઉટ થઈ ગયું હતું. શ્રેયસ અય્યર (66) અને વિરાટ કોહલી (65)એ ફિફ્ટીની ઈનિંગ્સ રમી હતી અને ચોથી વિકેટ માટે 67 રનની ભાગીદારી કરી હતી. અંતમાં જસપ્રીત બુમરાહે અણનમ 20 રન બનાવીને ટીમને 230 રનને પાર પહોંચાડી હતી. ઈંગ્લેન્ડ તરફથી જોફ્રા આર્ચર અને ગસ એટકિન્સને 3-3 વિકેટ લીધી હતી.

## જાપાન ઓપન : ચીની શટલરને હરાવી સિંધુ ક્વાર્ટર ફાઈનલમાં

**ટોક્યો**

બે વખતની ઓલિમ્પિક પદક વિજેતા પી.વી. સિંધુએ ગુરુવારે ચીનની વિશ્વની પાંચમા નંબરની ખેલાડી હાન યુને સીધા ગેમમાં હરાવીને જાપાન ઓપન સુપર ૭૫૦ બેડમિન્ટન ટૂર્નામેન્ટની ક્વાર્ટર ફઈનલમાં પ્રવેશ કરી લીધો છે, જે તેનું ચાલુ સત્રનું સર્વશ્રોષ્ઠ પ્રદર્શન પણ છે. વિશ્વ રેન્કિંગમાં ૧૦મા સ્થાને રહેલી ભારતીય ખેલાડીએ બીજા રાઉન્ડના મુકાબલામાં પોતાનાથી ઉચ્ચ રેન્કિંગ ધરાવતી ચીની શટલરને માત્ર ૩૫ મિનિટમાં ૨૧-૧૬, ૨૧-૧૪થી પરાજિત કરી હતી. બિન-વરીયતા પ્રાપ્ત સિંધુએ ધીમી શરૂઆત બાદ પ્રથમ ગેમની મધ્યમાં લય મેળવી હતી. તેણીએ શટલને સચોટ રીતે હિટ કર્યું અને રેલીઓ પર પ્રભુત્વ મેળવીને લીડ મેળવી લીધી હતી. ત્યારબાદ પૂર્વ વિશ્વ ચેમ્પિયન સિંધુએ બીજી ગેમમાં સંપૂર્ણપણે દબદબો બનાવ્યો અને ૮-૦ની સરસાઈ મેળવ્યા બાદ આસાનીથી મુકાબલો જીતી લીધો હતો. આ જીત સાથે સિંધુએ હાન સામે પોતાનો રેકોર્ડ ૮-૧નો કરી લીધો છે.



## એશિયન બોક્સિંગમાં ભારતની મહિલા બોક્સર્સને ૧૯ મેડલ

**જકાર્તા**

ઈન્ડોનેશિયાના જકાર્તા ખાતે યોજાયેલી એશિયન અંડર-૧૯ અને અંડર-૨૩ બોક્સિંગ ચેમ્પિયનશિપના મહિલા વર્ગમાં ભારતીય મુક્કાબાજોએ શાનદાર પ્રદર્શન કરીને વૈશ્વિક સ્તરે દેશનો ડંકો વગાડયો છે. ફઈનલ મેચોમાં ભારતે બંને વય જૂથમાં મળીને કુલ ૫ ગોલ્ડ, ૧૦ સિલ્વર અને ૪ બ્રોન્ઝ પદક સહિત કુલ ૧૯ મેડલ મેળવ્યા છે. અંડર-૧૯ મહિલા વર્ગમાં ભારતે ૨ ગોલ્ડ અને ૬ સિલ્વર મેડલ જીત્યા હતા. જેમાં ૫૧ કિગ્રા વર્ગમાં ચંદ્રિકા પુજારીએ ઉઝબેકિસ્તાનની નાઝોકત માર્ડોનોવાને ૫-૦થી હરાવી ગોલ્ડ જીત્યો હતો, જ્યારે પ્રાચીએ ઈન્ડોનેશિયાની દિરા આર્ટિકાને મ્હાત આપી સુવર્ણ પદક જીત્યો હતો. બીજી તરફ, અંડર-૨૩ મહિલા વર્ગમાં ભારતે ૧ ગોલ્ડ, ૪ સિલ્વર અને ૪ બ્રોન્ઝ મેડલ કબજે કર્યા હતા. આ વર્ગમાં ૫૪ કિગ્રા કેટેગરીમાં ભારતીય મુક્કાબાજ નિશાએ જાપાનની કોઈન કોકુફુનેપ-૦થી એકતરફી હાર આપી ગોલ્ડ મેડલ મેળવ્યો હતો. જો કે, નિકિતા ચંદ (૬૦ કિગ્રા), કાજલ (૬૫ કિગ્રા) અને મુસ્કાન (૭૫ કિગ્રા) ને ફઈનલમાં ઉઝબેકિસ્તાનની મજબૂત પ્રતિસ્પર્ધીઓ સામે હાર મળતાં સિલ્વર મેડલથી સંતોષ માનવો પડયો હતો.




# 48 વધિયાર કડવા પાટીદાર-કેનેડાની દ્વિતીય સમર મીટઅપ, મનોરંજક કાર્યક્રમોની ભરમાર

## નેટિવ વિલેજ બિંગો, કરાઓકે, ડી.જે. સંગીત, ગરબા અને રમતોમાં સભ્યો ઉત્સાહભેર જોડાયા

**ઓન્ટેરિયો**

48 વધિયાર કડવા પાટીદાર-કેનેડા પટેલ સમાજ દ્વારા શનિવાર, તા. 4 જુલાઈ, 2026ના રોજ પાલગ્રેવ પાર્ક, ઓન્ટેરિયો કેનેડા ખાતે દ્વિતીય સમર મીટઅપ-2026નું સફળ આયોજન કરવામાં આવ્યું હતુ. કાર્યક્રમમાં 35 પરિવારના આશરે 90 સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. ટોરોન્ટો, બ્રામ્પટન, મિસીસાગા, સ્કારબરો, એજેક્સ, ઓશાવા, નાયગ્રા, વેલેન્ડ, લંડન, બેલવિલ, કિચનર અને કેમ્બ્રિજ સહિતના શહેરોમાં વસતા પરિવારો એકત્ર થયા હતા. કાર્યક્રમની શરૂઆત માતા ઉમિયાના આશીર્વાદ અને આરતીથી થયા બાદ ચા-નાસ્તો, બ્રંચ, ક્રિકેટ, વોલીબોલ, બેડમિન્ટન, અંતાક્ષરી, 'નેટિવ વિલેજ બિંગો, કરાઓકે, ડી.જે. સંગીત, ગરબા અને બાળકો-પરિવાર માટે વિવિધ રમતો યોજાઈ હતા. અંતે સૌએ સમૂહ રાત્રિ ભોજનનો આનંદ માણ્યો હતો. આ સફળ આયોજન માટે આયોજક ટીમે તમામ પ્રાયોજકો, સ્વયંસેવકો, દાતાઓ અને ઉપસ્થિત સભ્યોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. આ સમર મીટઅપે સમાજમાં એકતા, ઓળખાણ અને સાંસ્કૃતિક જોડાણને વધુ મજબૂત બનાવ્યું હતુ.

# સાલસા ફેસ્ટિવલમાં બે જૂથો વચ્ચે પરસ્પર અદાવતમાં અંધાધૂંધ ગોળીબાર : ૨ના મોત

## ઘટનાથી અફરાતફરી; ફૂટેજ અને પ્રત્યક્ષદર્શીઓના નિવેદનોને આધારે શંકાસ્પદોની શોધ

**ટોરોન્ટો**

શનિવારે રાત્રે ૮ વાગ્યા પછી 'સાલસા ઓન સેન્ટ ક્લેર' ફેસ્ટિવલ દરમિયાન અચાનક ગોળીબારના અવાજો સંભળાયા હતા. આ ઘટનાને પગલે ઉત્સવમાં હાજર અંદાજે ૧૩,૦૦૦ જેટલા લોકોમાં ભારે નાસભાગ મચી ગઈ હતી અને લોકો પોતાની સલામતી માટે આમ-તેમ દોડવા લાગ્યા હતા. ગોળીબારને કારણે બે લોકોના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા હતા. જ્યારે અન્ય ચાર લોકો ઘાયલ થયા હતા. શરૂઆતમાં પોલીસ આ ઘટના પાછળના કારણો અંગે અસમંજસમાં હતી, પરંતુ પ્રાથમિક તપાસ બાદ તારણ કાઢવામાં આવ્યું છે કે, ભીડની વચ્ચે બે લોકોએ "એકબીજાને નિશાન બનાવીને" ગોળીબાર કર્યો હતો. મૃતકોની ઓળખ ૨૫ વર્ષીય શાક્વાન ક્વાશી અને ૨૦ વર્ષીય સીઝર વર્નાઝા તરીકે થઈ છે. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે આ બંને પીડિતો એકબીજાને અગાઉથી ઓળખતા હતા.

પોલીસ ચીફ ડેમકીવે જણાવ્યું હતું કે, તપાસકર્તાઓએ ઉત્સવના સ્થળેથી ત્રણ અલગ-અલગ દ્રશ્યો (ક્રાઈમ સીન) નક્કી કર્યા છે, જ્યાં ગોળીબાર થયો હોવાનું મનાય છે. "અમે હાલમાં શંકાસ્પદો વિશે ચોક્કસ કંઈ કહી શકીશું નહીં." બીજી તરફ, બારેડો નામના અધિકારીએ જણાવ્યું કે શું થયું તે "ચોક્કસપણે કહેવું મુશ્કેલ" છે, પરંતુ પોલીસ હાલ બે શંકાસ્પદોને શોધી રહી છે. ઘટના બાદ સેન્ટ ક્લેર એવન્યુ પર રહેતા સ્થાનિક લોકો અને વેપારીઓમાં ભય સાથે ચિંતાનો માહોલ વર્તાયો હતો. સેન્ટ ક્લેર વેસ્ટ પર આવેલી 'પાર્કર્સ' નામની દુકાનમાં કામ કરતા એડવર્ડ એમ્બ્રોસીસે જણાવ્યું કે, જ્યારે આ હિંસા ફાટી નીકળી ત્યારે તેઓ પોતાની દુકાન બંધ કરી રહ્યા હતા. જ્યારે આ જ વિસ્તારમાં 'ટેકનિક ટોરોન્ટો સ્ટુડિયો' ચલાવતા ડસ્ટિન પાર્ચમેન્ટે ચિંતા વ્યક્ત કરતા કહ્યું કે, તેઓ આખો દિવસ ફેસ્ટિવલના માહોલને લઈને ચિંતિત હતા. પોલીસ હાલ આ વિસ્તારના સીસીટીવી (CCTV) ફૂટેજ અને પ્રત્યક્ષદર્શીઓના નિવેદનોના આધારે વધુ તપાસ ચલાવી રહી છે.

# કેનેડાના GTHA વિસ્તારમાં બંદૂકના લાઇસન્સ મેળવવા અરજીઓમાં વધારો

**મિસિસાગા**

જીમ લી પોતાના દિવસની શરૂઆત વહેલી સવારે વર્કઆઉટ અને ઘરના કામકાજથી કરે છે. અઠવાડિયામાં થોડી વાર, તેઓ મિસિસાગા સ્થિત પોતાના ઘર નજીક આવેલી એક ઈન્ડોર ગન રેન્જ તરફ પ્રયાણ કરે છે, જ્યાં તેઓ ટાર્ગેટ પર હેન્ડગનથી નિશાન સાધવાની પ્રેક્ટિસ કરે છે. લીએ ગયા વર્ષે જ પોતાનું ફાયરઆર્મ્સ (હથિયાર) લાઈસન્સ મેળવ્યું છે અને નિવૃત્તિ પછીના શોખ તરીકે શૂટિંગ શરૂ કર્યું છે.

**મહિલાઓ, યુવાનો અને નવા વસાહતીઓ શૂટિંગ સ્પોર્ટ્સ તરફ વળ્યા હોવાનો અંદાજ**

જીમ લી જેવા હજારો લોકોના કારણે કેનેડામાં બંદૂકના લાઈસન્સ માટેની અરજીઓ ઝડપથી વધી રહી છે. રોયલ કેનેડિયન માઉન્ટેડ પોલીસ (RCMP)ના ડેટા દર્શાવે છે કે, વર્ષ ૨૦૧૬થી ૨૦૨૫ વચ્ચે ગ્રેટર ટોરોન્ટો એન્ડ હેમિલ્ટન એરિયા (GTHA) માં લાઈસન્સ મેળવવાની અરજીઓમાં ૪૯ ટકાનો વધારો થયો છે. જ્યારે પીલ રીજનમાં આ વધારો આશ્ચર્યજનક રીતે ૧૧૦ ટકા નોંધાયો છે. આ આંકડાઓમાં પઝેશન એન્ડ એક્વિઝિશન લાઈસન્સ (PAL) માટેની અરજીઓનો સમાવેશ થાય છે. આ લાઈસન્સ સામાન્ય નાગરિકો અને વ્યવસાયોને મોટાભાગની રાઈફલ્સ અને શોટગન જેવા 'બિન-પ્રતિબંધિત' (નોન-રિસ્ટ્રિક્ટેડ) હથિયારો રાખવાની મંજૂરી આપે છે. આ ઉપરાંત, તેમાં પ્રતિબંધિત વિશેષાધિકારો ધરાવતા PALનો પણ સમાવેશ થાય છે.

# હેલ્થ સિસ્ટમ વેન્ટિલેટર પર : ૪૫ લાખ લોકો સારવારથી વંચિત

## સ્ટેટિસ્ટિક્સ કેનેડાના ચોંકાવનારા ખુલાસા : બ્રિટિશ કોલંબિયામાં સ્થિતિ સૌથી ગંભીર, દર્દીઓને એપોઇન્ટમેન્ટ માટે 2-2 વર્ષની લાંબી રાહ જોવી પડે છે

**ઓટાવા**

કેનેડામાં વરિષ્ઠ અને મધ્યમ વયના નાગરિકો માટે સ્પેશ્યાલિસ્ટ (નિષ્ણાત) ડૉક્ટરોની સારવાર મેળવવી લોઢાના ચણા ચાવવા સમાન બની ગઈ છે. એક નવા રાષ્ટ્રીય અહેવાલમાં ચોંકાવનારો ખુલાસો થયો છે કે, દેશના ૪.૫ મિલિયન (૪૫ લાખ)થી વધુ મધ્યમ વય અને તેથી વધુ ઉંમરના કેનેડિયનો સ્પેશ્યાલિસ્ટ હેલ્થ કેર મેળવવા માટે ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે. નિષ્ણાતોના મતે દેશની વસ્તી ઝડપથી વૃદ્ધ થઈ રહી હોવાથી આગામી સમયમાં આ તબીબી કટોકટી વધુ ગંભીર સ્વરૂપ ધારણ કરી શકે છે.

બુધવારે પ્રકાશિત થયેલા સ્ટેટિસ્ટિક્સ કેનેડાના તારણો દર્શાવે છે કે, દેશભરમાં વિશેષ તબીબી સંભાળ માટેનો 'વેઈટિંગ પિરિયડ' સતત વધી રહ્યો છે. જટિલ રોગો ધરાવતી વૃદ્ધ વસ્તીને સંભાળવામાં વર્તમાન હેલ્થ કેર સિસ્ટમ નિષ્ફળ સાબિત થઈ રહી છે. વળી, ફેમિલી ડૉક્ટરો અને નિષ્ણાતો પાસે દર્દીઓની સ્થિતિની ગંભીરતા નક્કી કરવા (પ્રાથમિકતા આપવા) માટે યોગ્ય રિસોર્સિસ કે સાધનોનો પણ અભાવ છે. સ્ટેટિસ્ટિક્સ કેનેડા અનુસાર, બ્રિટિશ કોલંબિયામાં પરિસ્થિતિ સૌથી વધુ ગંભીર છે. અહીં મધ્યમ વયના ૩૫.૯ ટકા અને વરિષ્ઠ નાગરિકોના ૨૯.૨ ટકા લોકો વિશેષ તબીબી સારવાર મેળવવા સંઘર્ષ કરી રહ્યા છે.

બી.સી.ના જાણીતા ન્યુરોલોજીસ્ટ ડૉ. રોબર્ટ કેરુથર્સે જણાવ્યું હતું કે, હાલમાં માત્ર આ એક જ પ્રાંતમાં ૧.૨ મિલિયન લોકો સ્પેશ્યાલિસ્ટની રાહ જોઈ રહ્યા છે અને આ આંકડો સતત વધી રહ્યો છે. ગયા વર્ષે જ આ જરૂરિયાતમંદ દર્દીઓની સંખ્યામાં ૧૦ ટકાનો જંગી વધારો નોંધાયો હતો." તેમણે ઉમેર્યું કે આ સમસ્યાના ઉકેલ માટે હેલ્થ સિસ્ટમનું ડિજિટાઈઝેશન કરવું અનિવાર્ય છે, જેની પ્રક્રિયા હાલ શરૂ કરાઈ છે.

વર્ષ ૨૦૨૪માં ૬.૬ મિલિયન લોકો મુખ્યત્વે ત્વચા (સ્કીન), યુરોલોજિકલ, સ્ત્રીરોગવિજ્ઞાન (ગાયનેકોલોજી) અથવા ઓર્થોપેડિક (હાડકાં)ની સમસ્યાઓ માટે સ્પેશ્યાલિસ્ટ સારવાર પર નિર્ભર હતા. જેમાંથી ૪.૫ મિલિયન લોકો સરળતાથી એપોઈન્ટમેન્ટ બુક કરાવી શક્યા નહોતા અથવા તેમણે મહિનાઓ સુધી રાહ જોવી પડી હતી. સૌથી ચિંતાજનક બાબત એ છે કે, ૨.૯ મિલિયન (૨૯ લાખ) લોકોની પ્રાથમિક સ્વાસ્થ્ય જરૂરિયાતો પૂરી જ થઈ શકી નહોતી.

# મિસીસાગામાં ગુજરાતી સિનિયર સમાજની વાર્ષિક પિકનિક

## વહેલી સવારથી જ સ્વયંસેવકોએ સેવાઓ માટે મોરચો સંભાળ્યો; વરિષ્ઠ નાગરિકો માટે ચા-કોફી, નાસ્તો અને જમવાની સુંદર વ્યવસ્થા કરાઈ

**મિસીસાગા**

ગુજરાતી સિનિયર સમાજ, મિસીસાગાની વાર્ષિક પિકનિકનું આયોજન ૧૨ જુલાઈ, ૨૦૨૬ના રોજ 'એ પેવેલિયન', ૮૪૦, હેમ્પ્ટન ક્રેસન્ટ સ્થિત આર.કે. મેકમિલન પાર્ક ખાતે કરવામાં આવ્યું હતું. સાનુકૂળ હવામાન અને કુદરતી વાતાવરણ વચ્ચે યોજાયેલી પિકનિકમાં વડીલોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.વહેલી સવારે પ્રકાશભાઈ દેસાઈ, હીનાબેન દેસાઈ, ગૌતમભાઈ નાયક, મહિન્દ્રભાઈ ગોઢિયા, રેખાબેન ગોઢિયા, શાંતુભાઈ અને ઉષાબેન પટેલ, મનુભાઈ અને ઉર્મિલાબેન પટેલ તેમજ ઈલાબેન દેવાણીએ પિકનિકના સ્થળે પહોંચીને સફાઈ તેમજ પાણીની વ્યવસ્થા ગોઠવી દીધી હતી. જ્યારે સુનિલભાઈ અને હેમાબેન ઉદેશી સ્ટોરનો સામાન લઈ પિકનિક સ્થળે સમયસર પહોંચી ગયા હતા અને ચા-કોફી બનાવવાની પ્રક્રિયા આરંભી હતી. ત્યારબાદ કેરસીભાઈ અને અરવિંદાબેને આવીને તે પ્રક્રિયાને આગળ ધપાવી હતી. આવનાર તમામ સભ્યોની હાજરીની નોંધણી ગૌતમભાઈ નાયકે કરી હતી.

દર વર્ષની માફક આ વર્ષે પણ કમલેશભાઈ દેસાઈ પાણી અને તરબૂચની સેવા લઈને પહોંચ્યા હતા, જે બદલ મહિન્દ્રભાઈએ તેમનો ખાસ આભાર માન્યો હતો. સમગ્ર કાર્યક્રમ માટે ઓડિયો સિસ્ટમની વ્યવસ્થા મહિન્દ્રભાઈએ સંભાળી હતી. નાસ્તાની વાનગીઓ આવી જતાં જ તેની સુંદર ગોઠવણી કરવામાં આવી હતી. મોટાભાગના સભ્યો સમયસર પહોંચી જતાં સૌને આવકારીને ગરમાગરમ સ્વાદિષ્ટ નાસ્તો અને ચા-કોફી પીરસવામાં આવ્યા હતા. નાસ્તા બાદ સૌ કોઈ પરસ્પર ગોષ્ઠીમાં જોડાયા હતા, તો કેટલાકે પાર્કમાં મોર્નિંગ વોકનો આનંદ લીધો હતો. દરમિયાન ઉપસ્થિત સભ્યો પૈકી જેમનો જન્મદિવસ જુલાઈ માસમાં આવતો હતો, તે તમામ સભ્યોને મંચ પર આમંત્રિત કરી જન્મદિવસના ગીતો ગાઈને સૌએ શુભેચ્છાઓ પાઠવી હતી. ત્યારબાદ ઈલાબેન દેવાણીએ સભ્યોને રસપ્રદ 'બોલીફીટ' કસરત કરાવી ઉત્સાહ બમણો કર્યો હતો. ખુશનુમા હવામાન વચ્ચે બિપીનભાઈ પટેલે અંતાક્ષરી શરૂ કરાવી હતી, જેમાં સૌ વડીલોએ હોંશેહોંશે જોડાઈને બોલીવુડના સદાબહાર ગીતોની રમઝટ બોલાવી હતી. બપોરે ભોજન પહોંચ્યા બાદ, સ્વયંસેવક ભાઈ-બહેનોએ જોડાઈને આયોજનબદ્ધ રીતે તમામ સભ્યોને સ્વાદિષ્ટ વાનગીઓ પીરસી હતી. ભોજન બાદ સૌએ ઠંડા-મીઠા તરબૂચનો સ્વાદ પણ માણ્યો હતો. કાર્યક્રમના ઉત્તરાર્ધમાં વિક્રમભાઈ વિભાકરે બિન્ગો (હાઉસી)ની રમત રમાડીને સૌ સભ્યોને પિકનિકના અંત સુધી જકડી રાખ્યા હતા.

છેવટે, સંસ્થાના પ્રમુખે પિકનિકને સફળ બનાવવા માટે તમામ હોદ્દેદારો તેમજ સ્વયંસેવકોનો નામજોગ અને દાન આપનાર સભ્યોનો વિશેષ આભાર માન્યો હતો. પિકનિકના સુખદ અને સફળ આયોજન બદલ તમામ સભ્યોનો આભાર માની, સાધન સામગ્રી સમેટીને વડીલો આગામી સમયમાં ફરી પાછા મળવાના મધુર કોલ સાથે છૂટા પડ્યા હતા.







### અંતાક્ષરી અને બિન્ગોની રમતોએ જમાવ્યું આકર્ષણ; સભ્યોના જન્મદિવસની ઉજવણી સાથે ઉત્સાહ છવાયો : મનોરંજન સાથે સ્વાદિષ્ટ વાનગીઓની જમાવટ

## ટોરોન્ટો સહિત કેનેડાના 15 શહેરોમાં યોજાયેલી દોડમાં હજારો લોકો ઉમટ્યા

# BAPS ચેરિટીઝના વોક-રનમાં સેવા - સમર્પણનો મહાકુંભ

### એકત્રિત થયેલું ભંડોળ હોસ્પિટલ અને અંધજન કલ્યાણ પ્રવૃત્તિઓ માટે અર્પણ કરાશે : મેયર ઓલિવિયા ચૌ, સંસદ સભ્ય જોન ઝેરુસેલી અને કાઉન્સિલર ક્રિસાન્ટી સહિતના અગ્રણીઓએ BAPS ચેરિટીઝના સેવાકાર્યો અને સ્વયંસેવકોને બિરદાવ્યા

**ટોરોન્ટો**

BAPS ચેરિટીઝે ઉત્તર અમેરિકામાં 'સ્પિરિટ ઓફ સર્વિસ વોક-રન'નું ભવ્ય આયોજન કર્યું હતું. જેમાં સ્થાનિક બિન-લાભકારી સંસ્થાઓના સમર્થન માટે કેનેડા અને યુનાઈટેડ સ્ટેટ્સના ૧૦૦થી વધુ શહેરોમાં ૫૦,૦૦૦થી વધુ સહભાગીઓ એકત્રિત થયા હતા.

૧૨ જુલાઈ, ૨૦૨૬ના રોજ, ટોરોન્ટો, ઓન્ટેરિયોમાં BAPS ચેરિટીઝ વોક-રન, સેવા, આરોગ્ય અને સમુદાય જોડાણને સમર્પિત દિવસ માટે ૨૦૦૦થી વધુ સહભાગીઓ એકઠા થયા હતા. આ કાર્યક્રમ 'વિલિયમ ઓસ્લર હેલ્થ સિસ્ટમ ફાઉન્ડેશન' અને 'CNIB ફાઉન્ડેશન'ને સમર્થન આપવા યોજાયો હતો. BAPS ચેરિટીઝ વોક-રન ૨૦૨૬ કેનેડાના ૧૫ શહેરોમાં યોજાઈ હતી. જેમાં દેશભરમાં ૬,૦૦૦થી વધુ સહભાગીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

કાર્યક્રમમાં જોન ઝેરુસેલી (શ્રમ રાજ્ય સચિવ અને ઈટોબિકોક ઉત્તરના સંસદ સભ્ય), દીપક આનંદ (મિસિસાગાના પ્રાંતીય સંસદ સભ્ય), પૂજા ઓલિવિયા ચૌ (મેયર, ટોરોન્ટો શહેર), કાઉન્સિલર વિન્સેન્ટ ક્રિસાન્ટી (વોર્ડ ૧, ટોરોન્ટો સિટી કાઉન્સિલર), કાઉન્સિલર દીપિકા ડેમરલા, શેલાઘ બેરી, સુઝાન ડેકરી તથા ટોરોન્ટો પોલીસ સેવા અને ટોરોન્ટો ફાયર સર્વિસના પ્રતિનિધિઓનો સમાવેશ થાય છે. કાર્યક્રમ દરમિયાન સંસદ સભ્ય જોન ઝેરુસેલીએ સંબોધતા કહ્યું કે, "BAPS ચેરિટીઝ, આયોજકો અને ખાસ કરીને આ કાર્યક્રમને શક્ય બનાવનારા બધા જ સ્વયંસેવકોનો હું આભાર માનું છું. મને વર્ષોથી BAPS સમુદાય સાથે સમય વિતાવવાની ઘણી તકો મળી છે, અને જ્યારે પણ હું મુલાકાત લઉં છું, ત્યારે તે મને સેવા, કરુણા, ઉદારતા અને લોકોને એકસાથે લાવવાના ઉદાત્ત મૂલ્યોની યાદ અપાવે છે.

ઘણા લોકો કદાચ નહીં જાણતા હોય કે BAPS ચેરિટીઝ વોક-રન અહીં કેનેડામાં શરૂ થયું હતું અને તે પછી એક વૈશ્વિક ચળવળ બની ગઈ. તે ખરેખર ગર્વ લેવા જેવી બાબત છે. મેયર ઓલિવિયા ચૌએ જણાવ્યું કે, ૧૫ દેશ અને સમાજને યોગદાન આપવાના ૫૦ વર્ષમાં હજારો લોકોની આરોગ્ય સંભાળ અને સમુદાય તરફથી મદદનો હાથ મળ્યો છે. જ્યારે આપણે એક થઈએ છીએ, ત્યારે આપણે વધુ મજબૂત બનીએ છીએ. આ સુંદર સંદેશ માટે હું તમને અભિનંદન આપું છું."

તો બીજી તરફ કાઉન્સિલર વિન્સેન્ટ ક્રિસાન્ટીએ સોશિયલ મીડિયા પર લાગણી વ્યક્ત કરતાં જણાવ્યું કે, "આપણા સમુદાયમાં આરોગ્ય પહેલના સમર્થનમાં BAPS ચેરિટીઝના વાર્ષિક વોક-રનમાં જોડાવાનો મને ખૂબ જ આનંદ મળ્યો. આવા કાર્યક્રમો આપણી સમુદાય ભાવનાનું શ્રેષ્ઠ પ્રતિબિંબ પાડે છે - 'બીજાના સુખમાં આપણું સુખ'. વોર્ડ ૧ - ઈટોબિકોક નોર્થ BAPS ચેરિટીઝ જેવા સમુદાય ભાગીદારોને કારણે વધુ મજબૂત બન્યો છે."

વિલિયમ ઓસ્લર હેલ્થ સિસ્ટમ ફાઉન્ડેશનના કાર્યકારી પ્રમુખ અને સીઈઓ શેલાઘ બેરીએ સંસ્થાનો આભાર માનતા કહ્યું કે, "આજે અહીં આવીને BAPS ચેરિટીઝના અવિશ્વસનીય પ્રભાવને ઓળખવાનો અને આરોગ્ય સંભાળને મજબૂત બનાવતી આ ભાગીદારીને બિરદાવવાનો ખરેખર સરસ અવસર છે









# CLUB CERAMIC

**Porcelain Tiles : Premium Quality and Best Price**

- Porcelain & Ceramic tiles at Direct factory price
- Price match guarantee + we will beat price with additional 5% discount
- Tiles available for Floor, Wall and Outdoor Parking



TILES • BACKSPLASH • LAMINATE • VINYL • HARDWOOD

**MONTREAL**
225 Rue Ness, Saint-Laurent,
QC H4T 1A7, Canada
Phone: +1-514-813-3850 /
+1-514-260-2242

**OTTAWA**
Unit #4+5, 200
Colonnade Road,
Nepean, ON, K2E 7M1
+1-613-601-1474

**MISSISUAGA**
5030 Maingate Drive, Unit#1,
Mississauga, L4W 1X5
Phone: +1 (647) 527-6030 /
+1-514-813-3850

**CAMBRIDGE**
15 Sheldon Dr, Cambridge,
ON N1R 6R8
+1-647-394-6030 /
+1-647-406-1972

https://clubceramic.com Email : sales@clubceramic.com

# HONEST - DEDICATED - TEAMWORK

*Don't Let Confusion Cast A Shadow over Buying Your Dream Home.*

PINNACLE
REAL ESTATE GROUP

CENTURY 21.
Innovative Pinnacle Real Estate Group

We Look forward to providing you with an unusually High Level of Service and Commitment giving you a New definition of results in the Real Estate Industry. After all it is your Satisfaction that defines our Success!!!

- Free Staging
- Free Professional Photography & virtual tour
- Free Marketing, Flyers, Newspapers, Media Advertising
- Free Comparative Market Analysis
- Team of Professional for same price as hiring a single realtor
- Over 15 years of combined experience




Welcome to this exceptional family home in one of Oshawa's most desirable communities,offering a rare combination of premium upgrades, functional living space. Built with quality builder upgrades, this home features soaring 9-foot ceilings that create a bright and spacious atmosphere throughout. The open-concept layout is perfect for everyday living and entertaining, featuring a separate family room with a cozy fireplace, an elegant hardwood staircase, and a spacious kitchen complete with a centre island, breakfast bar, stainless steel appliances, and a sun-filled breakfast area with a walkout to the backyard deck. Upstairs, you'll find four generously sized bedrooms, includinga stunning primary retreat with a walk-in closet and a luxurious 5-piece ensuite. The finished basement features a separate entrance and includes two additional bedrooms, making it ideal for extended family, guests, or excellent rental and in-law suite potential. Step outside to a spacious backyard, whether you're dreaming of an outdoor entertaining space or a family-friendly retreat.




Welcome to the one you've been waiting for! Situated on a spacious corner lot in a sought after family-friendly neighbourhood, this beautifully maintained bungalow offers exceptional curb appeal, a double car garage, and is just steps to schools, parks, and shopping. Pride of ownership shines throughout with numerous updates over the years, including: roof (2020), windows and doors (2022), garage door (2020), kitchen (2019), main floor flooring (2021), pot lights (2022), fresh paint (2026), and A/C & furnace (2016). The side yard was transformed in 2023 with new fencing, deck, and awning - creating the perfect private outdoor space for entertaining. Inside, enjoy a bright and functional layout with a huge finished basement offering endless possibilities for additional living space, recreation, or excellent rental/in-law suite potential for extra income. Fully fenced yards ideal for family gatherings and summer enjoyment. A rare opportunity to own a solid, move-in ready bungalow in an unbeatable location!




Fully Furnished!! Heart Of Downtown Mississauga, Close To All Amenities, Marilyn Monroe Building, 2 Bedroom + 2 Bathroom, Demand Location, Walking Distance To Sq 1 And Living Arts Centre, Hwy 403, 401, QEW, And Much More! 800 Sqft Of Living Space + 135 Sqft Balcony, Bed And 2 Full washrooms. Students welcome. Available Immediately



- No Pressure
- No Obligation
- Just Answers to Your Questions.. Its that Simple!

*You have Nothing to Loose... Call us for a Free Consultation on How to Get Started.*

**Use The Advantage of a Team, Because... Teamwork Makes Your Dreams Work !**

## Shamim & Amin Kharodia

**Broker of Record / Sales Representative**
teamkharodia@gmail.com
300-2855 Markham Rd Toronto ON M1X 0C3
D: (647) 501-6786 I D: (647) 308-2941
F : (416) 298-8303 I P: (647) 666-8676


Grand Centurion Office

Each office owned and Operated. This is not intended to solicit buyers/sellers currently under contract with any brokerage.